તમારી પાસે બહાનાં કાઢશે[1] જ્યારે તમે તેમના પ્રતિ પાછા ફરીને જશો. તમે કહેશો; 'બહાનાં બનાવો નહિ, અમે કદાપી તમારો વિશ્વાસ નહિ કરીએ, અલ્લાહે અમને તમારા સમાચાર આપી દીધા છે. અને હવે અલ્લાહ તેમજ રસૂલ તમારાં કૃત્યો જોશે.[2] પછી તેના તરફ પાછા ફરીને જશો જે છુપું અને જાહેર બધું જાણે છે. તે તમને જણાવશે જે કંઈ તમે કરતા હતા' (૯૪) હવે તમારી સમક્ષ અલ્લાહના સોગંદ લેશે જ્યારે[3] તમે તેમની તરફ પાછા ફરીને જશો. એટલા માટે કે તમને તેમનો ખ્યાલ આવે નહિ.[4] તો હા! તમે તેમનો ખ્યાલ છોડો.[5] તેઓ તો નર્યા પલીદ છે.[6] અને તેમનું ઠેકાણું જહન્નમ છે, જે કમાતા હતા તેનો બદલો[7] (૯૫) તમારી સમક્ષ સોગંદ લે છે કે (જેથી) તમે તેમનાથી ખુશ થઈ જાઓ. તો જો તમે તેમનાથી રાઝી થઈ જાઓ[8] તો (પણ) અલ્લાહ તો ફાસિક (અનાજ્ઞાંકિત) લોકોથી રાજી નહિ થાય[9] (૯૬) ગમારો[10] કુફ્ર અને નિફાકમાં વધારે સખ્ત છે.[11] અને એના પાત્ર જ છે કે અલ્લાહે જે હુકમ પોતાના રસૂલ પર



يَعْتَذِرُونَ إِلَيْكُمْ إِذَا رَجَعْتُمْ إِلَيْهِمْ قُل لَّا
تَعْتَذِرُوا لَن نُّؤْمِنَ لَكُمْ قَدْ نَبَّأَنَا اللَّهُ مِنْ
أَخْبَارِكُمْ وَسَيَرَى اللَّهُ عَمَلَكُمْ وَرَسُولُهُ ثُمَّ
تُرَدُّونَ إِلَىٰ عَالِمِ الْغَيْبِ وَالشَّهَادَةِ فَيُنَبِّئُكُم
بِمَا كُنتُمْ تَعْمَلُونَ ﴿٩٤﴾ سَيَحْلِفُونَ بِاللَّهِ لَكُمْ إِذَا
انقَلَبْتُمْ إِلَيْهِمْ لِتُعْرِضُوا عَنْهُمْ فَأَعْرِضُوا عَنْهُمْ
إِنَّهُمْ رِجْسٌ وَمَأْوَاهُمْ جَهَنَّمُ جَزَاءً بِمَا كَانُوا
يَكْسِبُونَ ﴿٩٥﴾ يَحْلِفُونَ لَكُمْ لِتَرْضَوْا عَنْهُمْ فَإِن
تَرْضَوْا عَنْهُمْ فَإِنَّ اللَّهَ لَا يَرْضَىٰ عَنِ الْقَوْمِ
الْفَاسِقِينَ ﴿٩٦﴾ الْأَعْرَابُ أَشَدُّ كُفْرًا وَنِفَاقًا وَ
أَجْدَرُ أَلَّا يَعْلَمُوا حُدُودَ مَا أَنزَلَ اللَّهُ عَلَىٰ

૧. જિહાદમાં ભાગ નહિ લેનાર આ મુનાફિકો અસત્ય કારણો આપશે. તમારા આ પ્રવાસેથી પાછા ફરવાના સમયે.

૨. કે તમે મુનાફિકપણાથી તવબહ કરો છો કે એના પર ચાલુ રહો છો.

અમુક તફસીરકારોનું કહેવું છે કે તેમણે વચન આપ્યું હતું કે ભવિષ્યમાં તેઓ મો'મિનોને મદદ કરશે, બની શકે છે કે તેના વિષે જ કહેવામાં આવ્યુ હોય કે અલ્લાહ અને રસૂલ તમારાં કૃત્યો જોશે કે તમે તમારા આ વચનને પણ પુરૂં કરો છો કે નહીં.

૩. પોતાની આ સફરેથી પાછા ફરીને મદીના શરીફમાં.

૪. અને (જેથી તમે) તેમને ઠપકો આપો નહિ તેમજ તેમનાથી નારાજ થાઓ નહીં.

૫. અને તેમનાથી અળગા રહો. અમુક મુફસ્સિરોએ કહ્યું છે કે અર્થ એ છે કે તેમની સાથે બેસવું ઉઠવું વાત કરવી છોડી દો જેમકે જ્યારે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) મદીના શરીફ પાછા ફર્યા ત્યારે આપે મુસલમાનોને હુકમ આપ્યો કે મુનાફિકો સાથે બેસવું નહિ, તેમની સાથે બોલવું નહીં. કારણ કે તેમનાં હૃદયો નાપાક અને કૃત્યો ખરાબ છે. અને ઠપકા કે નારાજી દર્શાવવાથી તેમની સુધારણા થશે નહીં, કારણ કે,

૬. અને પલીદી (નાપાકી)ને પાક થવાની કોઇ રીત નથી.

૭. દુનિયામાં ભૂંડા કર્મો.

**શાને નુઝૂલ** : હઝરત ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હુમાએ ફરમાવ્યું, આ આયત જદ બિન કૈસ,

يعتذرون ۱۱ — التوبة ۹

رَسُوْلِهٖ ؕ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿۹۷﴾ وَمِنَ الْاَعْرَابِ مَنْ
يَّتَّخِذُ مَا يُنْفِقُ مَغْرَمًا وَّيَتَرَبَّصُ بِكُمُ الدَّوَآئِرَ ؕ
عَلَيْهِمْ دَآئِرَةُ السَّوْءِ ؕ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿۹۸﴾ وَمِنَ
الْاَعْرَابِ مَنْ يُّؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَيَتَّخِذُ
مَا يُنْفِقُ قُرُبٰتٍ عِنْدَ اللّٰهِ وَصَلَوٰتِ الرَّسُوْلِ ؕ اَلَآ
اِنَّهَا قُرْبَةٌ لَّهُمْ ؕ سَيُدْخِلُهُمُ اللّٰهُ فِيْ رَحْمَتِهٖ ؕ اِنَّ
اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۹۹﴾ وَالسّٰبِقُوْنَ الْاَوَّلُوْنَ مِنَ
الْمُهٰجِرِيْنَ وَالْاَنْصَارِ وَالَّذِيْنَ اتَّبَعُوْهُمْ بِاِحْسَانٍ ۙ
رَّضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ وَاَعَدَّ لَهُمْ جَنّٰتٍ
تَجْرِيْ تَحْتَهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَآ اَبَدًا ؕ
ذٰلِكَ الْفَوْزُ الْعَظِيْمُ ﴿۱۰۰﴾ وَمِمَّنْ حَوْلَكُمْ مِّنَ

**ઉતાર્યા તેનાથી અજ્ઞાન રહે. અને અલ્લાહ ઈલ્મવાળો હિકમતવાળો છે (૯૭) અને અમુક ગમાર એવા છે કે અલ્લાહના માર્ગમાં જે ખર્ચ કરે તેને દંડ સમજે.[૧૨] અને તમારા પર આફતો આવવાની રાહ જોતા રહે.[૧૩] તેમના પર જ ખરાબ આફત છે.[૧૪] અને અલ્લાહ સાંભળતો જાણતો છે (૯૮) અને અમુક ગ્રામવાસીઓ એવા છે જેઓ અલ્લાહ અને કયામત પર ઈમાન ધરાવે છે.[૧૫] અને જે કંઈ ખર્ચ કરે તેને અલ્લાહની નિકટતા અને રસૂલની દુઆઓ લેવાનો ઝરીયો (વસીલો) સમજે.[૧૬] હાં! હાં! તે તેમના માટે નિકટતાનું કારણ છે. અલ્લાહ જલ્દી તેમને પોતાની રહમતમાં દાખલ કરશે. અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૯૯) અને સર્વમાં આગલા પ્રથમ મુહાજિર[૧૭] અને અન્સાર[૧૮] અને ભલાઈની સાથે જેઓ તેમના અનુયાઈઓ થયા,[૧૯] અલ્લાહ તેમનાથી ખુશ[૨૦] અને તેઓ અલ્લાહથી ખુશ.[૨૧] અને તેમના માટે બગીચાઓ તૈયાર કરી રાખ્યા છે, જેમની નીચે નહેરો વહે (છે). હમેશાં હમેશાં તેમાં રહે, આજ મહાન સફળતા છે (૧૦૦) અને તમારી આજુબાજુ[૨૨] ના અમુક ગમાર મુનાફિકો**

મુઅતબ બિન કુશીર અને તેઓના સાથીઓ વિષે ઉતરી. આ ૮૦ મુનાફિકો હતા. હુઝૂરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું એમની પાસે ન બેસો. એમનાથી વાત ન કરો. મકાતિલે કહ્યું, આ આયત અબ્દુલ્લાહ બિન ઉબૈયના વિષે ઉતરી. તેણે સય્યદે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સમક્ષ સોગંદ લીધા હતા. હવે પોતે કદી જેહાદમાં જવાથી આળસ નહીં કરે અને સય્યદે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી વિનંતી કરી હતી કે આપ તેનાથી રાજી થઇ જાય ત્યારે આ આયત અને આ પછીની આયત ઉતરી.

૮. અને તેમનાં બહાનાં માની લો તો એનાથી તેમને કશો લાભ થશે નહિ કારણ કે જો તમે તેમના સોગંદનો વિશ્વાસ કરી પણ લો,

૯. કારણ કે તે તેમના દિલોનાં કુફ્ર અને નિફાકને જાણે છે.

૧૦. જંગલમાં રહેનારાઓ.

૧૧. કારણ કે તેઓ ઇલ્મની મજલિસો અને ઉલમાની સોહબતથી દૂર રહે છે.

૧૨. કારણ કે તેઓ જે કંઇ ખર્ચ કરે છે તે અલ્લાહને ખુશ કરવા અને સવાબ ખાતર તો કરતા નથી. માત્ર દેખાવ કરવા અને મુસલમાનોની બીકથી ડરે છે.

૧૩. અને એવી રાહ જુએ છે કે ક્યારે મુસલમાનોની તાકત તૂટી પડે અને ક્યારે તેઓ પરાજીત થાય. તેમને ખબર નથી કે અલ્લાહને શું મંજુર છે. અને તે (આગળ) વર્ણવવામાં આવે છે.

૧૪. અને તેઓ જ રંજ, બલા અને ગરીબીમાં સપડાશે.

**શાને નુઝૂલ** : આ આયત અસદ, ગતફાન અને તમીમ કબીલાવાળાઓના ગમારો માટે ઉતરી. પછી

الْأَعْرَابِ مُنَافِقُونَ ۖ وَمِنْ أَهْلِ الْمَدِينَةِ ۖ مَرَدُوا
عَلَى النِّفَاقِ لَا تَعْلَمُهُمْ ۖ نَحْنُ نَعْلَمُهُمْ ۚ سَنُعَذِّبُهُم
مَّرَّتَيْنِ ثُمَّ يُرَدُّونَ إِلَىٰ عَذَابٍ عَظِيمٍ ﴿١٠١﴾ وَآخَرُونَ
اعْتَرَفُوا بِذُنُوبِهِمْ خَلَطُوا عَمَلًا صَالِحًا وَآخَرَ سَيِّئًا
عَسَى اللَّهُ أَن يَتُوبَ عَلَيْهِمْ ۚ إِنَّ اللَّهَ غَفُورٌ رَّحِيمٌ ﴿١٠٢﴾
خُذْ مِنْ أَمْوَالِهِمْ صَدَقَةً تُطَهِّرُهُمْ وَتُزَكِّيهِم
بِهَا وَصَلِّ عَلَيْهِمْ ۖ إِنَّ صَلَاتَكَ سَكَنٌ لَّهُمْ ۗ وَاللَّهُ
سَمِيعٌ عَلِيمٌ ﴿١٠٣﴾ أَلَمْ يَعْلَمُوا أَنَّ اللَّهَ هُوَ يَقْبَلُ
التَّوْبَةَ عَنْ عِبَادِهِ وَيَأْخُذُ الصَّدَقَاتِ وَأَنَّ
اللَّهَ هُوَ التَّوَّابُ الرَّحِيمُ ﴿١٠٤﴾ وَقُلِ اعْمَلُوا فَسَيَرَى
اللَّهُ عَمَلَكُمْ وَرَسُولُهُ وَالْمُؤْمِنُونَ ۖ وَسَتُرَدُّونَ إِلَىٰ

**છે. અને અમુક મદીનાવાળાઓ. નિફાક તેમની આદત બની ગઈ છે. તમે તેમને જાણતા નથી, અમે તેમને જાણીએ છીએ[૨૩] અમે જલ્દી તેમને બીજીવાર[૨૪] અઝાબ કરીશું. પછી મોટા અઝાબ તરફ દોરી લઈ જવામાં આવશે[૨૫] (૧૦૧) અને અમુક બીજા છે જેમણે પોતાના ગુનાહોનો સ્વીકાર કર્યો,[૨૬] અને એક કામ સારૂ[૨૭] અને બીજુ ખરાબ[૨૮] (એવો) ભેળસેળ કર્યો. નજીક છે કે અલ્લાહ તેમની તવબહ કબૂલ કરે. બેશક! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૧૦૨) અય મહબૂબ! તેમના માલમાંથી ઝકાત કઢાવો, જેનાથી તમે તેમને સ્વચ્છ અને પાક કરો, અને તેમના માટે દુઆએ ખૈર કરો.[૨૯] બેશક! તમારી દુઆ તેમના દિલોનું ચેન છે. અને અલ્લાહ સાંભળતો જાણતો છે (૧૦૩) શું તેમને ખબર નથી કે અલ્લાહ જ પોતાના બન્દાઓની દુઆ કબૂલ કરે છે અને તેમના સદકાઓ પોતે પોતાની કુદરતના હાથમાં લે છે અને એ કે અલ્લાહ જ તવબહ કબૂલ કરનાર મહેરબાન છે[૩૦] (૧૦૪) અને તમે ફરમાવો કામ કરો, હવે તમારાં કામ જોશે અલ્લાહ અને તેના રસૂલ અને મુસલમાન અને**

એમનામાંથી અલ્લાહ તઆલાએ જેમનો અપવાદ કર્યો તેમનું બયાન આગળની આયતમાં છે. (ખાઝિન)

૧૫. મુજાહિદે કહ્યું કે, એ લોકો મુઝીના કબીલાવાળાઓના બની મકરન છે. કલ્બીએ કહ્યું કે એ લોકો અસલમ, ગિફાર અને જહીના કબીલાવાળાઓ છે. બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમે ફરમાવ્યું, કુરેશ અને અન્સાર અને જહીના તેમજ મઝીના અને અસલમ અને શુજાઅ અને ગિફાર મુવાલી છે, અલ્લાહ અને રસૂલ સિવાય તેમનો કોઇ વાલી નથી.

૧૬. કે જ્યારે રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની બારગાહમાં સદકાઓ લાવે તો હુઝૂર તેમના માટે ખૈર અને બરકત તેમજ મગફિરતની દુઆ માંગે. હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની એ જ રીત હતી.

**મસઅલો** : ફાતેહાનો આધાર પણ આ જ વસ્તુ છે કે સદકાની સાથે મગફિરતની દુઆ કરવામાં આવે છે. માટે ફાતેહાને બિદઅત અને નાજાઇઝ કહેવું કુરઆન અને હદીષની વિરૂદ્ધ છે.

૧૭. તે સહાબા જેમણે બન્ને કિબ્લાઓ સામે નમાઝો પઢી. અથવા બદ્રવાળાઓ, અથવા બયઅતે રિદવાનવાળાઓ.

૧૮. પહેલી બયઅતે અકબાવાળાઓ જેમની સંખ્યા ૬ની હતી અને બીજી બયઅતે અકબાવાળાઓ જેમની સંખ્યા ૧૨ની હતી. અને ત્રીજી બયઅતે અકબાવાળાઓ જેઓ ૭૦ સહાબા હતા, આ લોકો 'સાબિકીને અન્સાર' કહેવાય છે. (ખાઝિન)

૧૯. કહેવામાં આવ્યું છે કે એનાથી બાકીના મુહાજિર અને અન્સાર મુરાદ છે. તો હવે બધા જ સહાબા

આમાં આવી ગયા. અને એક કથન એવું છે કે અનુયાયીઓનો અર્થ કયામત સુધીના તે ઇમાનદાર લોકો છે જેઓ ઇમાન, ઇતાઅત અને નેકીમાં અન્સાર અને મુહાજિરોના માર્ગે ચાલે.

૨૦. તેને તેના નેક અમલો કબૂલ.

૨૧. તેના સવાબ અને દેણથી ખુશ.

૨૨. અર્થાત મદીના શરીફની આજુબાજુ.

૨૩. એનો અર્થ યા તો એ છે કે એવું જાણવું જેનો અસર તેમને માલમ પડે તે અમારૂ જાણવું છે કે અમે તેમને અઝાબ આપીશું. અથવા હુઝૂરને જાણ ન હોવાનું ભૂતકાળના હિસાબે છે, અને એની જાણ પાછળથી કરવામાં આવી. જેમકે બીજી આયતમાં ફરમાવ્યું, ''વલતઅરિફન્નહુમ ફી લહનિલ કવલ'' (તમે તેમને બોલી ના લહેકા પરથી ઓળખી લેશો). (જુમલ)

કલ્બી અને સદીએ કહ્યું, હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે જુમ્માના દિવસે ખુત્બામાં ઉભા થઇને નામો લઇ લઇને કહ્યું, ફલાણા ફલાણા તું મુનાફિક છે (મસ્જિદમાંથી) નીકળી જા! અમુક માણસોને બદનામ કરીને કાઢયા. એનાથી પણ માલૂમ પડે છે કે હુઝૂર ને ત્યાર પછી મુનાફિકોની હાલતની જાણ કરવામાં આવી.

૨૪. એક વાર તો દુનિયામાં બદનામી અને અઝાબ સાથે અને બીજીવાર કબ્રમાં.

૨૫. અર્થાત દોઝખના અઝાબ તરફ જેમાં હમેશાં રહેશે.

૨૬. અને તેમણે બીજાઓની જેમ જૂઠા બહાનાં ન કાઢયાં અને પોતાના કાર્ય પર શરમાયા.

**શાને નુઝૂલ** : મોટા ભાગના તફસીરકારોનું કહેવું છે કે આ આયત મદીના શરીફના મુસલમાનોના એક વર્ગ વિષે ઉતરી, જેઓ તબૂકની લડાઇમાં શામેલ થયા ન હતા. ત્યાર પછી પસ્તાયા અને તવબહ કરી અને કહ્યું, અફસોસ! અમે ગુમરાહો અને ઔરતોની સાથે રહી ગયા, રસૂલુલ્લાહ અલયહે વસલ્લમ અને આપના અસ્હાબ જિહાદમાં છે. જ્યારે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પોતાની સફરેથી પાછા ફર્યા અને મદીના શરીફની નજીક પહોંચ્યા ત્યારે પેલા લોકોએ સોગંદ લીધા કે તેઓ પોતાને મસ્જિદના થાંભલાઓ સાથે બાંધી લેશે. અને જ્યાં સુધી હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ જાતે છોડશે નહિ ત્યાં સુધી તેઓ પોતાને છોડશે નહિ. આવી સોગંદો લઇને તે લોકો મસ્જિદના થાંભલાઓ સાથે બંધાઇ ગયા. જ્યારે હુઝૂર પધાર્યા અને તેમને જોયા ત્યારે પૂછયું કે, આ કોણ લોક છે? કહેવામાં આવ્યું કે એ તે લોકો છે જેઓ જિહાદમાં શામેલ થવાથી રહી ગયા હતા. એમણે અલ્લાહ સાથે વચન કર્યું છે કે જ્યાં સુધી હુઝૂર પોતે રાજી થઇને એમને છોડશે નહીં ત્યાં સુધી તેઓ છુટશે નહિ. ત્યારે હુઝૂરે ફરમાવ્યું, અને હું અલ્લાહની કસમ ખાઇને કહું છું કે જ્યાં સુધી મને અલ્લાહ તરફથી એમને છોડવાનો હુકમ આપવામાં ન આવે ત્યાં સુધી હું એમને છોડીશ નહિ, અને એમના કારણો કબૂલ કરીશ નહિ. ત્યારે આ આયત ઉતરી, અને હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમે તેમને છોડયા. તેમણે કહ્યું, યા રસૂલલ્લાહ! આ દૌલત અમારા રહી જવાનું કારણ બની એને લઇ લો અને સદકો કરી આપો અને અમને પાક કરી આપો, અને અમારા માટે મગફિરતની દુઆ ફરમાવો. હુઝૂરે ફરમાવ્યું, મને તમારી દૌલત લેવાનો હુકમ અપાયો નથી, ત્યારે આગળની આયત ''ખુઝ મિન અમવાલિહિમ'' ઉતરી.

૨૭. અહીંયા 'સારા કામ'નો અર્થ યા તો ગુનાહનો સ્વીકાર યા તવબહ થાય છે. અથવા આ રહી જતાં પહેલા હુઝૂર સાથે બીજી લડાઇઓમાં શામેલ થયા હતા તે, અથવા આજ્ઞાપાલન અને પરહેઝગારીના બધા

يعتذرون ١١ التوبة ٩

عٰلِمِ الْغَيْبِ وَالشَّهَادَةِ فَيُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿١٠٥﴾
وَاٰخَرُوْنَ مُرْجَوْنَ لِاَمْرِ اللّٰهِ اِمَّا يُعَذِّبُهُمْ وَاِمَّا يَتُوْبُ
عَلَيْهِمْ ۭ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿١٠٦﴾ وَالَّذِيْنَ اتَّخَذُوْا مَسْجِدًا
ضِرَارًا وَّكُفْرًا وَّتَفْرِيْقًۢا بَيْنَ الْمُؤْمِنِيْنَ وَاِرْصَادًا لِّمَنْ
حَارَبَ اللّٰهَ وَرَسُوْلَهٗ مِنْ قَبْلُ ۭ وَلَيَحْلِفُنَّ اِنْ اَرَدْنَآ
اِلَّا الْحُسْنٰى ۭ وَاللّٰهُ يَشْهَدُ اِنَّهُمْ لَكٰذِبُوْنَ ﴿١٠٧﴾ لَا تَقُمْ منزل ٢
فِيْهِ اَبَدًا ۭ لَمَسْجِدٌ اُسِّسَ عَلَى التَّقْوٰى مِنْ اَوَّلِ يَوْمٍ
اَحَقُّ اَنْ تَقُوْمَ فِيْهِ ۭ فِيْهِ رِجَالٌ يُّحِبُّوْنَ اَنْ يَّتَطَهَّرُوْا ۭ
وَاللّٰهُ يُحِبُّ الْمُطَّهِّرِيْنَ ﴿١٠٨﴾ اَفَمَنْ اَسَّسَ بُنْيَانَهٗ عَلٰى
تَقْوٰى مِنَ اللّٰهِ وَرِضْوَانٍ خَيْرٌ اَمْ مَّنْ اَسَّسَ بُنْيَانَهٗ
عَلٰى شَفَا جُرُفٍ هَارٍ فَانْهَارَ بِهٖ فِيْ نَارِ جَهَنَّمَ ۭ وَاللّٰهُ

**જલ્દી તેના તરફ પરત થશો જે છૂપુ અને ખુલ્લુ બધું જાણે છે. તો તમારાં કામ તે તમને જણાવી દેશે. (૧૦૫) અને અમુક[૩૧] અલ્લાહના હુકમ પર મોકૂફ રાખવામાં આવ્યા છે, યા તો તેમને અઝાબ કરે યા તેમની તવબહ કબૂલ કરે.[૩૨] અને અલ્લાહ ઈલ્મવાળો હિકમતવાળો છે. (૧૦૬) અને તેઓ જેમણે નુકસાન પહોંચાડવા[૩૩] અને કુફ્રના કારણે[૩૪] તેમજ મુસલમાનોમાં ફુટ નાખવા[૩૫] અને જે પહેલાંથી જ અલ્લાહ અને તેના રસૂલનો વિરોધી છે[૩૬] તેની રાહ જોવા માટે મસ્જિદ બનાવી. અને તેઓ અવશ્ય કસમો ખાશે; (કે) અમે તો ભલાઈ ઈચ્છી, અને અલ્લાહ ગવાહ છે કે તેઓ બેશક! જૂઠા છે (૧૦૭) તે મસ્જિદમાં તમે કદાપિ ઉભા રહેશો નહિ.[૩૭] બેશક! તે મસ્જિદ કે પ્રથમ દિવસથી જ જેનો પાયો પરહેઝગારી પર મૂકાયો છે[૩૮] તે એ પાત્ર છે કે તમે તેમાં ઉભા રહો, એમાં તે લોકો છે (જેઓ) ખૂબ સ્વચ્છ થવા ઈચ્છે છે.[૩૯] અને સ્વચ્છ લોકો અલ્લાહને વહાલા છે (૧૦૮) તો શું જેણે પોતાનો પાયો અલ્લાહના ડર અને તેની ખુશી પર રચ્યો[૪૦] તે સારો અથવા જેણે પોતાનો પાયો એક ધસી પડતા ખાડાની કિનાર[૪૧] પર મૂક્યો તે? તો તેને લઈને જહન્નમની**

જ કામો. આ અર્થમાં આયત બધા જ મુસલમાનો માટે થશે.

૨૮. એનો અર્થ જિહાદથી પાછળ રહી જવાનો છે.

૨૯. આયતમાં જે 'સદકા'નો શબ્દ વપરાયો છે તેના અર્થ વિષે મુફસ્સિરોના ઘણાં કથનો છે. એક તો એ કે તે સદકો બિન વાજિબ હતો. જે કફ્ફારા રૂપે તે લોકોએ આપ્યો હતો જેમનું વર્ણન ઉપરની આયતમાં છે. બીજુ કથન એ છે કે એ સદકાથી મુરાદ તે ઝકાત છે જે તે લોકોના માથે વાજિબ હતી, તેમણે તવબહ કરી. પછી તે ઝકાત આપવા ઇરાદો કર્યો ત્યારે અલ્લાહ તઆલાએ તે લોકોને હુકમ કર્યો. ઇમામ અબૂબક્ર રાઝિક હિસાસે સદકાથી ઝકાત મુરાદ હોવાના કથનને પસંદગી આપી છે. (ખાઝિન, અહકામુલ કુરઆન)

મદારિકમાં છે કે સદકો લેનારે સદકો આપનાર માટે દુઆ કરવી સુન્નત છે. અને બુખારી તેમજ મુસ્લિમમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબી અવફાની હદીષ છે કે, જ્યારે કોઇ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ પાસે સદકો લાવતુ ત્યારે આપ તેના માટે દુઆ કરતા હતા, મારા બાપે સદકો હાજર કર્યો ત્યારે હુઝૂરે દુઆ ફરમાવી, ''અલ્લાહુમ્મ સલ્લે અલા અબી અવફા'' (અય અલ્લાહ! અબી અવફા પર રહમત ઉતાર).

**મસઅલો** : આ આયતથી સાબિત થયું કે ફાતેહામાં જે સદકો લેનાર સદકો લઇને દુઆ કરે છે તે કુરઆન હદીષની અનુસાર છે.

૩૦. આમાં તવબહ કરનારાઓ માટે ખુશખબર છે કે તેમની તવબહ અને તેમના સદકાઓ મકબૂલ છે, અમુક તફસીરકારોનું કહેવું છે કે જે લોકોએ અત્યાર સુધી તવબહ કરી નથી આ આયતમાં તેમને તવબહ

અને સદકાનો શોખ અપાયો છે.

૩૧. પાછળ રહી જનારાઓમાંથી.

૩૨. તબુકની લડાઇમાં શામેલ નહિ થનાર ત્રણ પ્રકારના લોકો હતા. પ્રથમ મુનાફિકો જેઓ મુનાફિકપણાથી ટેવાએલા હતા. બીજા તે લોકો જેમણે ભૂલ સ્વીકાર અને તવબહમાં ઉતાવળ કરી, જેમનું વર્ણન ઉપર થયું. ત્રીજા તે જેમણે રાહ જોઇ જલ્દીથી તવબહ કરી નહિ. આ આયતથી તે લોકો જ મુરાદ છે.

૩૩. મસ્જિદે કુબાવાળાઓને.

**શાને નુઝૂલ** : આ આયત મુનાફિકોની એક ટોળી બાબત ઉતરી જેમણે મસ્જિદે કુબાને નુકસાન પહોંચાડવા અને જમાતને વેરવિખેર કરવા માટે તેની નજીકમાં એક મસ્જિદ બનાવી હતી. તેમાં એક મોટી ચાલબાજી એ હતી કે અબૂ આમિર (નામનો એક માણસ) જે જાહેલિયતના સમયમાં ખ્રિસ્તી પાદરી બની ગયો હતો તે જ્યારે હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ મદીના પધાર્યા ત્યારે હુઝૂરને પૂછવા લાગ્યો કે આ તમે લાવ્યા છો તે ક્યો ધર્મ છે ? હુઝૂરે ફરમાવ્યું, મિલ્લતે હનીફ ઇબ્રાહીમી ધર્મ લાવ્યો છું. તેણે પૂછયું, તમે એમાં બીજું કાંઇ મેળવ્યું છે ? હુઝૂરે ફરમાવ્યું, નહિ, હું ચોખ્ખો નિખાલસ દીન લાવ્યો છું, અબૂ આમિરે કહ્યું, આપણામાં જે જૂઠો હોય તેને અલ્લાહ સફરની હાલતમાં એકલો નિસહાય કરીને મારે, હુઝૂરે ફરમાવ્યું - આમીન. લોકોએ તેનું નામ અબૂ આમિર ફાસિક પાડયું. ઉહદના દિવસે અબૂ આમિર ફાસિકે હુઝૂરને કહ્યું, જ્યાં કોઇ જગ્યાએ પણ કોઇ કોમ તમારી સાથે લડાઇ કરનારી મળશે ત્યાં હું તેમની જોડે થઇને તમારી સાથે લડાઇ કરીશ. જંગે હુનૈન સુધી તે એવું જ કરતો રહ્યો, અને હુઝૂર સાથે લડતો રહ્યો. જ્યારે હવાઝનની લડાઇમાં કાફિરો હાર્યા ત્યારે તે નિરાશ થઇને સિરિયા તરફ નાસી છુટયો અને મુનાફિકોને ત્યાંથી સંદેશો પાઠવ્યો કે તમારાથી જે કંઇ બની શકે તે લડાઇનો સામાન-પુરવઠો અને હથિયારો વિગેરે તૈયાર કરો, અને મારા માટે એક મસ્જિદ બનાવો, હું રોમન રાજા પાસે જાઉં છું ત્યાંથી રોમન સૈન્ય લઇને આવીશ અને મોહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) અને તેમના સાથીદારોને (મદીનામાંથી) કાઢી મૂકીશ. આ સંદેશો મળ્યા પછી તેમણે મસ્જિદે ઝરાર બનાવી હતી. અને હુઝૂરને કહ્યું હતું કે આ મસ્જિદ અમે આસાની ખાતર બનાવી છે જેથી જે લોકો ઘરડા અશક્ત વિગેરે છે તેઓ આસાનીથી નમાઝ પઢી લે. આપ આમાં એક નમાઝ પઢી આપો અને બરકતની દુઆ કરી દો, હુઝૂરે ફરમાવ્યું, હમણાં તો હું તબૂકની સફરની તૈયારીમાં છું, પરત થયા પછી અલ્લાહની મરજી હશે તો ત્યાં નમાઝ પઢીશ. જ્યારે હુઝૂર તબૂકની લડાઇમાંથી પાછા ફરતાં મદીના શરીફની નજીક એક જગ્યાએ રોકાયા ત્યારે મુનાફિકોએ આપને વિનંતી કરી કે તેમની મસ્જિદમાં પધારે ત્યારે આ આયત ઉતરી. અને તેમના કપટી ઇરાદાઓને જાહેર કરી દેવામાં આવ્યા. ત્યારે હુઝૂરે અમુક સહાબાને હુકમ કર્યો કે તેમની મસ્જિદને જઇને પાડી નાખે અને સળગાવી દે. જેમકે એમ જ કરવામાં આવ્યુ અને અબૂ આમિર સિરિયાની સફરમાં એકલો અને નિસહાય થઇને મર્યો.

૩૪. કે ત્યાં અલ્લાહ અને રસૂલ સાથે કુફ્ર અને મુનાફિકપણાને શક્તિ આપે.

૩૫. જેઓ મસ્જિદે કુબામાં નમાઝ પઢવા ભેગા થાય છે.

૩૬. અર્થાત અબૂ આમિર રાહિબ.

૩૭. આમાં સય્યિદ આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમને મસ્જિદે ઝરારમાં નમાઝ પઢવાની મનાઇ ફરમાવવામાં આવી છે.

**મસઅલો** : જે મસ્જિદ ગર્વ દેખાવ કરવા અથવા ખુદાને ખુશ કરવા સિવાય અન્ય કોઇ હેતુથી અથવા

يعتذرون ١١ — التوبة ٩

لَا يَهْدِي الْقَوْمَ الظّٰلِمِيْنَ ۝١٠٩ لَا يَزَالُ بُنْيَانُهُمُ الَّذِيْ
بَنَوْا رِيْبَةً فِيْ قُلُوْبِهِمْ اِلَّآ اَنْ تَقَطَّعَ قُلُوْبُهُمْ ۭ وَاللّٰهُ
عَلِيْمٌ حَكِيْمٌ ۝١١٠ اِنَّ اللّٰهَ اشْتَرٰى مِنَ الْمُؤْمِنِيْنَ
اَنْفُسَهُمْ وَاَمْوَالَهُمْ بِاَنَّ لَهُمُ الْجَنَّةَ ۭ يُقَاتِلُوْنَ فِيْ
سَبِيْلِ اللّٰهِ فَيَقْتُلُوْنَ وَيُقْتَلُوْنَ ۣ وَعْدًا عَلَيْهِ حَقًّا
فِي التَّوْرٰىةِ وَالْاِنْجِيْلِ وَالْقُرْاٰنِ ۭ وَمَنْ اَوْفٰى بِعَهْدِهٖ
مِنَ اللّٰهِ فَاسْتَبْشِرُوْا بِبَيْعِكُمُ الَّذِيْ بَايَعْتُمْ بِهٖ ۭ وَذٰلِكَ
هُوَ الْفَوْزُ الْعَظِيْمُ ۝١١١ اَلتَّاۗىِٕبُوْنَ الْعٰبِدُوْنَ الْحٰمِدُوْنَ
السَّاۗىِٕحُوْنَ الرّٰكِعُوْنَ السّٰجِدُوْنَ الْاٰمِرُوْنَ بِالْمَعْرُوْفِ
وَالنَّاهُوْنَ عَنِ الْمُنْكَرِ وَالْحٰفِظُوْنَ لِحُدُوْدِ اللّٰهِ ۭ وَبَشِّرِ
الْمُؤْمِنِيْنَ ۝١١٢ مَا كَانَ لِلنَّبِيِّ وَالَّذِيْنَ اٰمَنُوْٓا اَنْ يَّسْتَغْفِرُوْا

**આગમાં ઘસી પડયો.[૪૨] અને અલ્લાહ જાલિમોને માર્ગ આપતો નથી (૧૦૯) તે બાંધકામ જે ચણ્યું (તે) હમેશાં તેમના દિલોમાં ખટકતું રહેશે.[૪૩] પરંતુ એ કે તેમના દિલો ટુકડે ટુકડા થઈ જાય.[૪૪] અને અલ્લાહ ઈલ્મવાળો હિકમતવાળો છે (૧૧૦) બેશક! અલ્લાહે મુસલમાનો પાસેથી તેમના માલ (દોલત) અને પ્રાણ ખરીદી લીધા છે એ બદલામાં કે તેમના માટે જન્નત છે.[૪૫] અલ્લાહના માર્ગમાં લડે તો મારે[૪૬] અને મરે.[૪૭] તેની રહમ નજરની જિમ્મેદારી પર સાચો વાયદો. તવરાત અને ઈન્જીલ અને કુરઆનમાં.[૪૮] અને અલ્લાહથી વધીને વાતનો પુરો (બીજો) કોણ (છે)? તો તમે જે સોદો તેની સાથે કર્યો તેની ખુશીઓ મનાવો. અને એ જ મહાન સફળતા છે (૧૧૧) તવબહવાળાઓ[૪૯] ઈબાદતવાળાઓ[૫૦] સ્તુતી કરનારાઓ[૫૧] રોઝાવાળાઓ, રૂકૂઅવાળાઓ, સજદાવાળાઓ[૫૨] ભલાઈ દેખાડનારાઓ અને બુરાઈથી રોકનારાઓ, અને અલ્લાહની હદોને સંભાળનારાઓ[૫૩] અને ખુશી સંભળાવો મુસલમાનોને[૫૪] (૧૧૨) નબી અને ઈમાનવાળાઓને લાયક નથી કે મુશ્રિકો માટે બખ્શિશ માંગે**

હરામ દૌલતથી બનાવવામાં આવી હોય તે મસ્જિદે ઝરારની ગણાત્રીમાં છે. (મદારિક)

૩૮. એટલે કે મસ્જિદે કુબા, જેનો પાયો હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમે નાખ્યો. અને જ્યાં હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ દર અઠવાડીએ મસ્જિદે કુબામાં પધારતા હતા. બીજી હદીષમાં છે કે મસ્જિદે કુબામાં નમાઝ પઢવાનો સવાબ ઉમરા કરવા જેટલો છે.

તફસીરકારોનું એક મંતવ્ય એવું પણ છે કે આનાથી મદીના શરીફની મસ્જિદ મુરાદ છે અને એ વિષે પણ હદીષો બયાન થએલી છે. આ બન્ને વાતોમાં વિરોધાભાસ નથી. કારણ કે આયતનું મસ્જિદે કુબા વિષે ઉતરવું એ બાબત દર્શાવતું નથી કે મદીના શરીફની મસ્જિદમાં આવા ગુણો ન હોય.

૩૯. બધી નાપાકીઓથી અથવા ગુનાહોથી.

**શાને નુઝૂલ** : આ આયત મસ્જિદે કુબાવાળાઓ બાબત ઉતરી. સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમે તેમને પૂછયું, અય અન્સારી લોકો! અલ્લાહ તઆલાએ તમારા વખાણ કર્યાં છે, તમે વુઝૂ અને ઇસ્તિન્જા સમયે શું કાર્ય કરો છો? તેમણે કહ્યું, યા રસૂલલ્લાહ! અમે મોટો ઇસ્તિન્જો ત્રણ ઢેફાઓથી કરીએ છીએ ત્યાર પછી પાણી વડે પાકી કરીએ છીએ.

**મસઅલો** : નાપાકી જો નીકળવાની જગ્યાએથી આજુબાજુમાં ફેલાય તો પાણીથી ઇસ્તિન્જો કરવો વાજિબ છે નહિતર મુસ્તહબ.

**મસઅલો** : ઢેફાંઓથી ઇસ્તિન્જો કરવો સુન્નત છે. નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે હમેશાં એ મુજબ કર્યું અને કદી છોડયું પણ ખરૂં.

لِلْمُشْرِكِيْنَ وَلَوْ كَانُوْٓا اُولِيْ قُرْبٰى مِنْۢ بَعْدِ مَا تَبَيَّنَ
لَهُمْ اَنَّهُمْ اَصْحٰبُ الْجَحِيْمِ ﴿۱۱۳﴾ وَمَا كَانَ اسْتِغْفَارُ اِبْرٰهِيْمَ
لِاَبِيْهِ اِلَّا عَنْ مَّوْعِدَةٍ وَّعَدَهَآ اِيَّاهُ ۚ فَلَمَّا تَبَيَّنَ لَهٗٓ
اَنَّهٗ عَدُوٌّ لِّلّٰهِ تَبَرَّاَ مِنْهُ ؕ اِنَّ اِبْرٰهِيْمَ لَاَوَّاهٌ حَلِيْمٌ ﴿۱۱۴﴾
وَمَا كَانَ اللّٰهُ لِيُضِلَّ قَوْمًا ۢ بَعْدَ اِذْ هَدٰىهُمْ حَتّٰى
يُبَيِّنَ لَهُمْ مَّا يَتَّقُوْنَ ؕ اِنَّ اللّٰهَ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿۱۱۵﴾ اِنَّ اللّٰهَ
لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ يُحْيٖ وَيُمِيْتُ ؕ وَمَا لَكُمْ مِّنْ
دُوْنِ اللّٰهِ مِنْ وَّلِيٍّ وَّلَا نَصِيْرٍ ﴿۱۱۶﴾ لَقَدْ تَّابَ اللّٰهُ عَلَى
النَّبِيِّ وَالْمُهٰجِرِيْنَ وَالْاَنْصَارِ الَّذِيْنَ اتَّبَعُوْهُ فِيْ
سَاعَةِ الْعُسْرَةِ مِنْۢ بَعْدِ مَا كَادَ يَزِيْغُ قُلُوْبُ فَرِيْقٍ
مِّنْهُمْ ثُمَّ تَابَ عَلَيْهِمْ ؕ اِنَّهٗ بِهِمْ رَءُوْفٌ رَّحِيْمٌ ﴿۱۱۷﴾

منزل ٢

ભલે તેઓ સગા સ્નેહીઓ હોય[૫૫] જ્યારે કે તેમને સ્પષ્ટ થઈ ચૂક્યું કે તેઓ દોઝખી છે[૫૬] (૧૧૩) અને ઈબ્રાહીમનું તેમના બાપ[૫૭] માટે બખ્શિશ માંગવું તે તો માત્ર એક વાયદાના કારણે હતું જે તેની સાથે કરી ચૂકયા હતા.[૫૮] પછી જ્યારે ઈબ્રાહીમને સ્પષ્ટ થયું કે તે અલ્લાહનો દુશ્મન છે (ત્યારે) તેનાથી સંબંધ તોડી નાખ્યો.[૫૯] બેશક ! અવશ્ય ઈબ્રાહીમ ઘણો જ આહોઝારી કરનાર[૬૦] અને સહનશીલ છે (૧૧૪) અને અલ્લાહની શાન નથી કે કોઈ કોમને હિદાયત આપીને ગુમરાહ કરે[૬૧] જ્યાં સુધી કે તેમને સ્પષ્ટ સમજાવી ન દે કે કઇ વસ્તુથી તેમને વેગળું રહેવાનું છે[૬૨] બેશક ! અલ્લાહ બધું જ જાણે છે (૧૧૫) બેશક ! અલ્લાહ માટે જ છે ધરતી અને આકાશનું રાજ્ય. જીવાડે છે અને મારે છે. અને અલ્લાહ સિવાય તમારૂ કોઈ ન વાલી કે મદદગાર (૧૧૬) બેશક ! અલ્લાહની રહમતોએ ધ્યાન આપ્યું તે ગૈબની ખબરો આપનાર અને તે મુહાજિરો અને અન્સાર પર જેમણે મુશ્કેલીના સમયે તેમનો સાથ આપ્યો[૬૩] એ પછી કે નજીક હતું કે તેમનામાંથી અમુકનાં દિલો ફરી જાય[૬૪] પછી તેમના પર રહમત વડે ધ્યાન આપ્યું. બેશક ![૬૫] તે એમના પર ઘણો જ મહેરબાન રહેમવાળો છે (૧૧૭)

૪૦. જેમકે મસ્જિદે કુબા અને મસ્જિદે મદીના.

૪૧. જેમકે મસ્જિદે ઝર્રારવાળાઓ.

૪૨. મતલબ એ છે કે જેણે પોતાના ધર્મની બુન્યાદ (પાયો) પરહેઝગારી અને અલ્લાહની ખુશી જેવી મજબૂત સપાટી પર બાંધી તે બેહતર છે, નહિ કે તે જેણે પોતાના ધર્મની બુન્યાદ અસત્ય અને મુનાફિક પણાના ખાધરાના ઢોળાવ ઉપર બાંધી.

૪૩. અને તેને પાડી નાંખવાનું દુ:ખ બાકી રહેશે.

૪૪. કતલ થઇને અથવા મૃત્યુ પામીને યા તો જહન્નમમાં. મતલબ એ કે તેમના દિલોમાં એનું દુ:ખ અને ક્રોધ મરતાં સુધી બાકી રહેશે. અને એવો અર્થ પણ થઇ શકે છે કે જ્યાં સુધી તેમનાં દિલો પોતાના કસૂરના પસ્તાવા અને અફસોસના કારણે ટુકડે ટુકડા ન થઇ જાય અને તેઓ નિખાલસપણે તવબહ ન કરે તે સમય સુધી તેઓ એ જ રંજોગમમાં રહેશે. (મદારિક)

૪૫. અલ્લાહના રસ્તામાં પ્રાણ અને દૌલત ખર્ચીને જન્નત મેળવનાર ઇમાનદારોનું આ એક ઉદાહરણ છે, જેનાથી (અલ્લાહના) હદ દરજ્જાના લુત્ફ અને મહેરબાનીની જાણ થાય છે કે અલ્લાહ તઆલાએ તેમને જન્નત આપવી એ તેમનો પ્રાણ અને દોલતનો બદલો કહ્યું અને પોતાને ખરીદાર ફરમાવ્યું. એ ખૂબ જ મહત્તા આપવા જેવું છે કે તે આપણો ખરીદાર બને અને આપણી પાસેથી ખરીદે, કઇ વસ્તુને ? જે ન તો આપણી બનાવેલી ન આપણી સર્જેલી. પ્રાણ તેના બનાવેલા, દોલત તેની આપેલી (છતાં તે ખરીદે તો તે તેની મહેરબાની જ ગણાય).

**શાને નુઝૂલ** : અકબાની રાત્રે જ્યારે અન્સાર લોકોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની બયઅત કરી ત્યારે અબ્દુલ્લાહ બિન રવાહાએ કહ્યું, યા રસૂલલ્લાહ! પોતાના અલ્લાહ અને પોતાના માટે તમે કંઇક શરત કરી લો, જેવી તમે ઇચ્છો તેવી. ફરમાવ્યું, હું મારા અલ્લાહ માટે એ શરત કરૂં છું કે તમે તેની ઇબાદત કરો અને કોઇને તેનો ભાગીદાર નહીં ઠેરવો. અને મારા માટે એ કે જે વસ્તુઓથી તમે પોતાના પ્રાણ અને દૌલતને બચાવો અને જાળવો છો? તે વસ્તુઓ મારા માટે પણ વેઠી નહીં લો. તેમણે પૂછયું કે જો અમે આવું કરીએ તો અમને શું મળશે? ફરમાવ્યું, જન્નત!

૪૬. અલ્લાહના દુશ્મનોને.

૪૭. અલ્લાહના રસ્તામાં.

૪૮. આનાથી સાબિત થયું કે બધી જ શરીઅતો અને ઉમ્મતોમાં જિહાદનો હુકમ હતો.

૪૯. બધા જ ગુનાહોથી.

૫૦. અલ્લાહના આજ્ઞાંકિત બન્દાઓ જેઓ નિખાલસતાથી તેની ઇબાદત કરે છે અને ઇબાદતને પોતાના માટે અનિવાર્ય સમજે છે.

૫૧. જેઓ દરેક પરિસ્થિતિમાં અલ્લાહની તારીફ કરે છે.

૫૨. અર્થાત નમાઝોના પાબંદ અને તેને સારી રીતે પઢનારાઓ.

૫૩. અને તેનો હુકમ માથે ચઢાવનારાઓ આ લોકો જન્નતી છે.

૫૪. કે જો તેઓ અલ્લાહને આપેલું વચન પાળશે તો અલ્લાહ તઆલા તેમને જન્નતમાં જગ્યા આપશે.

૫૫. **શાને નુઝૂલ** : આ આયતની શાને નુઝૂલમાં તફસીરકારોનાં જુદા જુદા મંતવ્યો છે :

(૧) નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમે પોતાના કાકા અબૂતાલિબને કહ્યું કે, જ્યાં સુધી મને મના કરવામાં નહીં આવે ત્યાં સુધી હું તમારા માટે માફીની દુઆ માંગીશ. ત્યારે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારીને મનાઇ ફરમાવી દીધી. (૨) સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, મેં અલ્લાહ પાસે મારી માની કબ્ર પર જવાની પરવાનગી માગી, તેણે મને રજા આપી. પછી મેં તેમના માટે ઇસ્તિગફાર કરવાની રજા માંગી તો મને રજા આપી નહીં, અને મારા પર આ આયત ઉતરી.

પણ શાને નુઝૂલનું આ કારણ ખરૂં નથી કારણ કે આ હદીષને હાકિમે રિવાયત કરીને એને સહીહ કહી છે અને ઝહબી એ હાકિમ પર વિશ્વાસ મૂકીને 'મીઝાન'માં એને સહીહ ઠેરવી છે. પરંતુ 'મુખ્તસર અલ મુસ્તદરક'માં ઝહબીએ એને 'ઝઇફ' કહ્યું છે, અને કહ્યું છે કે, અય્યૂબ બિનહાનીને ઇબ્ને મુઇને ઝઇફ કહ્યો છે. અને એ સિવાય આ હદીષ બુખારીની હદીષની પણ વિરોધ છે જેમાં આ આયત ઉતરવાનું કારણ આપનું વાલિદહ માટે ઇસ્તિગફારની રજા માંગવું બતાવવામાં આવ્યું નથી, પણ બુખારીની હદીષથી એ જ પુરવાર થાય છે કે અબૂતાલિબ માટે ઇસ્તિગફાર કરવા બાબત આ આયત ઉતરી. સિવાય બીજી હદીષો જે આ મતલબની છે જેમને તબરાની અને ઇબ્ને સઅદે 'તબકાત'માં રિવાયત કરી છે તે બધી 'ઝઇફ' છે, ઇબ્ને સઅદે 'તબકાત'માં એ હદીષ બયાન કર્યા પછી એને ગલત કહી છે. અને સનદુલ મુહદ્દિષીન ઇમામ જલાલુદ્દીન સુયુતીએ પોતાની કિતાબ 'અત્તઅઝીમ વલ નિન્નહ'માં આ વિષયની બધી જ હદીષોને માલુલ બતાવી છે. જેથી શાને નુઝૂલ વિષે એ વાત ખરી નથી. અને એ સાબિત થએલ વાત છે એના માટે ઘણી દલીલો છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની વાલિદહ માજિદહ મુવહ્હિદહ્ (એક અલ્લાહને માનનાર) અને ઇબ્રાહીમી દીન પર હતાં.

(૩) અમુક સહાબાએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પાસે પોતાના બાપ-દાદાઓ માટે ઇસ્તિગફાર કરવાની ભલામણ કરી ત્યારે આ આયત ઉતરી.

૫૬. શિર્ક પર મર્યા.

૫૭. અર્થાત આઝર.

૫૮. આનો અર્થ યા તો તે વાયદો છે જે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે આઝર સાથે કર્યો હતો કે હું મારા રબ પાસે તારા માટે ઇસ્તિગફારની દુઆ કરીશ. અથવા તે વાયદો જે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામની સાથે આઝરે ઇસ્લામ સ્વીકારવાનો કર્યો હતો.

**શાને નુઝૂલ** : હઝરત અલી રદીયલ્લાહુ અન્હૂ કહે છે કે જ્યારે 'સઅસ્તગફિરૂ લક રબ્બી... વાળી આયત ઉતરી ત્યારે મેં સાંભળ્યું કે એક માણસ પોતાના મુશ્રિક મા-બાપ માટે મગફિરતની દુઆ માંગી રહ્યો છે. મેં કહ્યું કે, તું મુશ્રિકો માટે મગફિરતની દુઆ માંગે છે ? તેણે કહ્યું, ઇબ્રાહીમ અલયહિસ્સલામે આઝર માટે મગફિરતની દુઆ માંગી ન હતી ? તેઓ પણ મુશ્રિક હતા. આ બનાવ મેં સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમને કહી સંભળાવ્યો ત્યારે આ આયત ઉતરી અને કહેવામાં આવ્યું કે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામનો ઇસ્તિગફાર તો ઇસ્લામ સ્વીકારની આશાના કારણે હતો, અને આપ આઝરને ઇસ્તિગફારનું વચન આપી ચૂક્યા હતા, જ્યારે તે આશા ન રહી ત્યારે તેમણે તેની સાથેથી પોતાનો સંબંધ તોડી નાખ્યો.

૫૯. અને મગફિરતની દુઆ કરવાનું છોડી દીધું.

૬૦. ખૂબ દુઆ માંગનાર અને (ખુદાની બારગાહમાં) કરગરનાર.

૬૧. અર્થાત તેમને ગુમરાહીનો હુકમ કરે અને તેમને ગુમરાહોમાં દાખલ કરે.

૬૨. મતલબ એ છે કે જે વસ્તુની મનાઇ છે અને તેનાથી બચવું વાજિબ છે તેવી વસ્તુનું સ્પષ્ટ બયાન જ્યાં સુધી અલ્લાહ તરફથી આવી જાય નહીં ત્યાં સુધી તે એ બાબત માટે બન્દાઓની પકડ કરતો નથી માટે મનાઇ આવતાં પહેલાં એવું કાર્ય કરવામાં વાંધો નથી. (મદારિક, ખાઝિન)

**મસઅલો** : આનાથી જણાયું કે જે વસ્તુ માટે શરીઅતની મનાઇ ન હોય તે જાઇઝ છે.

**શાને નુઝૂલ** : જ્યારે મો'મિનોને મુશ્રિકો માટે ઇસ્તિગફારની મનાઇ કરવામાં આવી ત્યારે તેમને ડર લાગ્યો કે અમે પહેલાં જે ઇસ્તિગફાર કરી ચૂક્યા છે ક્યાંક તેના પર પકડ ન થઇ જાય. આ આયતથી તેમને ધીરજ આપવામાં આવી કે મનાઇ આવ્યા પછી તેવું કામ કરવાથી પકડ થાય છે.

૬૩. અર્થાત તબૂકની લડાઇમાં, જેને 'ગઝવએ ઉસરત' (તંગદસ્તી સમયની લડાઇ) પણ કહેવામાં આવે છે, આ લડાઇ વખતે તંગીની હાલત એવી હતી કે દસ દસ માણસો વચ્ચે સવારી માટે માત્ર એક એક ઊંટ હતું. એક પછી એક તેના પર સવારી કરતા હતા. અને ખોરાકની કમીની હાલત એ હતી કે એક એક ખજૂર પર કંઇ કેટલાએ માણસો ગુજરાન કરતા હતા, દરેક માણસ થોડું થોડું ચુસીને પાણી પી લેતો હતો, પાણીની પણ ઘણી જ તંગી હતી. ગરમી પણ ગઝબની હતી અને પાણી મળવુ મુશ્કેલ. આવી પરિસ્થિતિમાં સહાબા પોતાના યકીનની સચ્ચાઇ, ઇમાન અને નિખાલસતા સાથે હુઝૂર માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરવા માટે અડગ રહ્યા. હઝરત અબૂબક્ર સિદ્દીક રદીયલ્લાહુ અન્હૂએ વિનંતી કરી, યા રસૂલલ્લાહ ! અલ્લાહ પાસે દુઆ માંગો. ફરમાવ્યું, શું તમને એવી ઇચ્છા છે ? કહ્યું, જી હાં ! ત્યારે હુઝૂરે હાથ મુબારક ઉઠાવી દુઆ માંગી હજુ હાથ મુબારક ઉઠયા જ હતા કે અલ્લાહ તઆલાએ વાદળ મોકલ્યું, વરસાદ થયો, લશ્કરે ધરાઇને પાણી

يعتذرون ١١ التوبة ٩

وَعَلَى الثَّلٰثَةِ الَّذِيْنَ خُلِّفُوْا حَتّٰى اِذَا ضَاقَتْ
عَلَيْهِمُ الْاَرْضُ بِمَا رَحُبَتْ وَضَاقَتْ عَلَيْهِمْ اَنْفُسُهُمْ
وَظَنُّوْا اَنْ لَّا مَلْجَاَ مِنَ اللّٰهِ اِلَّا اِلَيْهِ ثُمَّ تَابَ عَلَيْهِمْ
لِيَتُوْبُوْا اِنَّ اللّٰهَ هُوَ التَّوَّابُ الرَّحِيْمُ ﴿۱۱۸﴾ يٰۤاَيُّهَا الَّذِيْنَ
اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَكُوْنُوْا مَعَ الصّٰدِقِيْنَ ﴿۱۱۹﴾ مَا كَانَ
لِاَهْلِ الْمَدِيْنَةِ وَمَنْ حَوْلَهُمْ مِّنَ الْاَعْرَابِ اَنْ
يَّتَخَلَّفُوْا عَنْ رَّسُوْلِ اللّٰهِ وَلَا يَرْغَبُوْا بِاَنْفُسِهِمْ
عَنْ نَّفْسِهٖ ذٰلِكَ بِاَنَّهُمْ لَا يُصِيْبُهُمْ ظَمَاٌ وَّلَا نَصَبٌ
وَّلَا مَخْمَصَةٌ فِيْ سَبِيْلِ اللّٰهِ وَلَا يَطَـُٔوْنَ مَوْطِئًا يَّغِيْظُ
الْكُفَّارَ وَلَا يَنَالُوْنَ مِنْ عَدُوٍّ نَّيْلًا اِلَّا كُتِبَ لَهُمْ
بِهٖ عَمَلٌ صَالِحٌ اِنَّ اللّٰهَ لَا يُضِيْعُ اَجْرَ الْمُحْسِنِيْنَ ﴿۱۲۰﴾

**અને તે ત્રણ પર (અલ્લાહની રહમતે ધ્યાન આપ્યું) જેઓ (તવબહથી) મોકૂફ રખાયા હતા.[૬૬] એટલે સુધી કે ધરતી આટલી વિશાળ હોવા છતાં તેમના પર સાંકડી બની ગઈ.[૬૭] અને તેઓ પોતાના જીવનથી કંટાળી ગયા.[૬૮] અને તેમને ખાત્રી થઈ ગઈ કે અલ્લાહ (ના ગઝબ) થી (બચવાનો) કોઈ આશરો તેના (અલ્લાહ) સિવાય નથી. પછી[૬૯] તેમની તવબહ કબૂલ કરી કે જેથી તવબહ કરનાર (બન્યા) રહે. બેશક ! અલ્લાહ જ તવબહ કબૂલ કરનાર મહેરબાન છે (૧૧૮) અય ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો[૭૦] અને સાચાઓ સાથે રહો[૭૧] (૧૧૯) મદીનાવાળાઓ[૭૨] અને તેની આજુબાજુ રહેનારાઓને શોભતુ ન હતું કે રસૂલુલ્લાહથી પાછળ બેસી રહે[૭૩] અને ન એ કે તેમના જીવથી પોતાના જીવને વ્હાલો સમજે.[૭૪] આ એટલા માટે કે તેમને જે તરસ અથવા તકલીફ અથવા ભૂખ અલ્લાહના માર્ગમાં પહોંચે છે, અને જ્યાં એવી જગ્યા એ પગ મૂકે છે[૭૫] જેનાથી કાફિરોને ક્રોધ ચઢે, અને જે કંઈ કોઈ દુશ્મનનું નુકશાન કરે છે,[૭૬] એ બધાના બદલે તેમના માટે નેક અમલ લખવામાં આવે છે.[૭૭] બેશક ! અલ્લાહ નેક લોકોનું વળતર બગાડતો નથી (૧૨૦)**

પીધું અને પોતાના વાસણો પણ ભરી લીધાં. પછી જ્યારે આગળ વધ્યા ત્યારે જમીન સુકાએલી હતી. વાદળે લશ્કરની બહાર પાણી વરસાવ્યું જ ન હતું, તે માત્ર લશ્કરને પાણી આપવા માટે જ મોકલાયું હતું.

૬૪. અને તેઓ આવી સખ્તી અને મુસીબતમાં હુઝૂરની જુદાઇ સાંખી લે.

૬૫. અને તેઓ ધીરજવાન તેમજ અડગ રહ્યા અને તેમની નિખાલસતા સચવાએલી રહી અને દિલમાં જે વિચાર આવ્યો હતો તેના માટે પસ્તાયા.

૬૬. જેનું બયાન ''વઆખરૂન મુરજવન લિઅમરિલ્લાહ'' વાળી આયતમાં છે. અને એ ત્રણ જણ કઅબ બિન માલિક, હિલાલ બિન ઉમય્યહ અને મુરારા બિન રબીઅ હતા. એ બધા જ અન્સારી હતા. હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમે તબૂકની લડાઇમાંથી પાછા આવીને તેમને લડાઇમાં નહીં આવવાનું કારણ પૂછયું અને ફરમાવ્યું, રાહ જુઓ ! જ્યાં સુધી કે અલ્લાહ તમારા માટે કોઇ ફેંસલો ફરમાવે. અને મુસલમાનો ને તે લોકો સાથે મેળમિલાપ રાખવાની તેમની સાથે વાતચીત કરવાની મનાઇ ફરમાવી. એટલે સુધી કે તેમના સગા સંબંધીઓ અને તેમના મિત્રોએ પણ તેમની સાથે બોલવાનું બંધ કરી દીધું. એવું લાગતું હતું કે જાણે તેમને કોઇ ઓળખતું જ નથી. આવી જ પરિસ્થિતિમાં તેમણે પચાસ દિવસો પસાર કરવા પડયા.

૬૭. અને તેમને કોઇ જગ્યા એવી મળી શકી નહિ જ્યાં તેમને એક ઘડી માટે પણ શાંતિ મળે. દરેક સમયે રંજોગમ બેચેની અને ગમગીનીમાં સપડાએલા રહેતા.

૬૮. ગમગીની અને રંજના અતિરેકથી ન તો કોઇ સાથી છે જેની સાથે વાત કરે ન કોઇ સાંત્વન આપનાર કે જેને દિલની હાલત કહી સંભળાવે. સુનકાર અને એકલવાયાપણું છે અને રાત દિવસની

وَلَا يُنْفِقُوْنَ نَفَقَةً صَغِيْرَةً وَّلَا كَبِيْرَةً وَّلَا
يَقْطَعُوْنَ وَادِيًا اِلَّا كُتِبَ لَهُمْ لِيَجْزِيَهُمُ اللّٰهُ
اَحْسَنَ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٢١﴾ وَمَا كَانَ الْمُؤْمِنُوْنَ
لِيَنْفِرُوْا كَآفَّةً ؕ فَلَوْلَا نَفَرَ مِنْ كُلِّ فِرْقَةٍ مِّنْهُمْ
طَآئِفَةٌ لِّيَتَفَقَّهُوْا فِى الدِّيْنِ وَلِيُنْذِرُوْا قَوْمَهُمْ
اِذَا رَجَعُوْا اِلَيْهِمْ لَعَلَّهُمْ يَحْذَرُوْنَ ﴿١٢٢﴾ يٰۤاَيُّهَا
الَّذِيْنَ اٰمَنُوْا قَاتِلُوا الَّذِيْنَ يَلُوْنَكُمْ مِّنَ الْكُفَّارِ
وَلْيَجِدُوْا فِيْكُمْ غِلْظَةً ؕ وَاعْلَمُوْۤا اَنَّ اللّٰهَ مَعَ
الْمُتَّقِيْنَ ﴿١٢٣﴾ وَاِذَا مَاۤ اُنْزِلَتْ سُوْرَةٌ فَمِنْهُمْ مَّنْ
يَّقُوْلُ اَيُّكُمْ زَادَتْهُ هٰذِهٖۤ اِيْمَانًا ۚ فَاَمَّا الَّذِيْنَ
اٰمَنُوْا فَزَادَتْهُمْ اِيْمَانًا وَّهُمْ يَسْتَبْشِرُوْنَ ﴿١٢٤﴾

**અને જે કંઈ ખર્ચે છે નાનું[78] કે મોટું[79] અને જે નાળું ઓળંગે છે, (એ) બધું તેમના માટે લખવામાં આવે છે, જેથી અલ્લાહ એમના સર્વોત્તમ કાર્યોનો તેમને બદલો આપે[80] (૧૨૧) અને મુસલમાનોથી એ તો બની શકતું નથી કે બધાને બધા જ નીકળે,[81] તો કેમ (એવું) બને નહિ કે તેમના દરેક વર્ગ-માંથી[82] એક ટોળું નીકળે કે (તેઓ) દીનની સમજ પ્રાપ્ત કરે અને પાછા આવીને પોતાની કોમને ડર સંભળાવે[83] એ આશાએ કે તેઓ બચે[84] (૧૨૨) અય ઈમાનવઆ-ળાઓ ! જે કાફિરો તમારી નજીક છે[85] તેમની સામે જિહાદ કરો. અને તેઓ તમારામાં સખ્તી પામવા જોઈએ. અને જાણી લો કે અલ્લાહ પરહેઝગારો સાથે છે[86] (૧૨૩) અને જ્યારે કોઈ સૂરત ઉતરે છે ત્યારે તેમાંથી કોઈ કહે છે કે; તેણે (સૂરતે) તમારામાંથી કોના ઈમાનને વધાર્યું ?[87] તો જેઓ ઈમાનવાળા છે તેમના ઈમાનને તેણે પ્રગતિ આપી, અને તેઓ ખુશીઓ મનાવી રહયા છે (૧૨૪)**

આહોઝારી અને રૂદન.

૬૯. અલ્લાહ તઆલાએ તેમના પર રહેમ ફરમાવી અને....,

૭૦. ગુનાહો છોડો.

૭૧. જેઓ સાચા ઇમાનદાર અને નિખાલસ છે, રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની નિખાલસપણે સત્યતા સ્વીકારે છે. સઇદ બિન જુબેરનું કથન છે કે 'સાદિકીન' એટલે હઝરત અબૂબક્ર સિદ્દીક અને ઉમર ફારૂક રદીયલ્લાહુ અન્હૂમા. ઇબ્ને જરીર કહે છે કે મુહાજિરીન. ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હો ફરમાવે છે કે તે લોકો જેમની નિય્યતો સાબિત રહી, અને દિલ તેમજ કાર્યો સીધા માર્ગે રહ્યાં અને જેઓ નિખાલસપણે તબૂકની લડાઇમાં હાજર થયા.

**મસઅલો** : આ આયતથી સાબિત થયું કે ઇજમાઅ (ઉમ્મતની એકમતી) દલીલ (તરીકે સ્વીકાર્ય) છે. કારણ કે સાચાઓ સાથે રહેવાનો હુકમ કરવામાં આવ્યો' એનાથી તેમની વાત સ્વીકારવાનું લાગુ પડે છે.

૭૨. અહીં મદીનાવાળાઓનો અર્થ મદીનામાં રહેનારાઓ એવો થાય છે, મુહાજિરીન હોય કે અન્સાર.

૭૩. અને જિહાદમાં હાજર થાય નહીં.

૭૪. તેમને હુકમ હતો કે તકલીફ અને સખ્તીની હાલતમાં હુઝૂરનો સાથ છોડે નહીં, અને સખ્તીના સમયે આપ પર પોતાના જીવ ન્યોછાવર કરી આપે.

૭૫. અને કાફિરોની ધરતીને પોતાના ઘોડાઓના પગોથી રગદોળે છે.

૭૬. કેદ પકડીને અથવા કત્લ કરીને યા જખ્મી કરીને યા પરાજય આપીને.

وَاَمَّا الَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ فَزَادَتْهُمْ رِجْسًا
اِلٰى رِجْسِهِمْ وَمَاتُوْا وَهُمْ كٰفِرُوْنَ ﴿١٢٥﴾ اَوَلَا يَرَوْنَ
اَنَّهُمْ يُفْتَنُوْنَ فِيْ كُلِّ عَامٍ مَّرَّةً اَوْ مَرَّتَيْنِ
ثُمَّ لَا يَتُوْبُوْنَ وَلَا هُمْ يَذَّكَّرُوْنَ ﴿١٢٦﴾ وَاِذَا مَا
اُنْزِلَتْ سُوْرَةٌ نَّظَرَ بَعْضُهُمْ اِلٰى بَعْضٍ هَلْ
يَرٰىكُمْ مِّنْ اَحَدٍ ثُمَّ انْصَرَفُوْا صَرَفَ اللّٰهُ قُلُوْبَهُمْ
بِاَنَّهُمْ قَوْمٌ لَّا يَفْقَهُوْنَ ﴿١٢٧﴾ لَقَدْ جَآءَكُمْ رَسُوْلٌ
مِّنْ اَنْفُسِكُمْ عَزِيْزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ حَرِيْصٌ
عَلَيْكُمْ بِالْمُؤْمِنِيْنَ رَءُوْفٌ رَّحِيْمٌ ﴿١٢٨﴾ فَاِنْ
تَوَلَّوْا فَقُلْ حَسْبِيَ اللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ عَلَيْهِ
تَوَكَّلْتُ وَهُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ ﴿١٢٩﴾

**અને જેમના દિલોમાં બીમારી છે[૮૮] તેમના માટે (સૂરતે) નાપાકી પર નાપાકી વધારી.[૮૯] અને તેઓ કુફ્ર (ની હાલત) પર જ મર્યા (૧૨૫) શું તેમને[૯૦] સુઝતું નથી કે દર વરસે એક વાર અથવા બે વાર અજમાવવામાં આવે છે.[૯૧] પછી ન તો તવબહ કરે છે ન તો નસીહત માને છે (૧૨૬) અને જ્યારે કોઈ સૂરત ઉતરે છે (ત્યારે) તેમનામાં એક બીજાને જોવા માંડે છે[૯૨] કે કોઈ તેમને જોતું તો નથી?[૯૩] પછી ફરી બેસે છે.[૯૪] અલ્લાહે તેમના દિલો ફેરવી નાંખ્યા[૯૫] કે તેઓ નાસમજ લોક છે[૯૬] (૧૨૭) બેશક! તમારી પાસે પધાર્યા તમારામાંથી તે રસૂલ[૯૭] જેમના પર તમારૂં તકલીફમાં પડવું ભારે (અણગમતુ) છે, તમારી ભલાઈના ખૂબ ચાહક. મુસલમાનો પર અતિશય મહેરબાન (છે)[૯૮] (૧૨૮) જો પછી તેઓ મોઢું ફેરવે[૯૯] તો તમે ફરમાવી દો કે; મને અલ્લાહ પુરતો છે, તેના સિવાય કોઈની બંદગી નથી, મેં તેમાં જ વિશ્વાસ મૂક્યો, અને તે મોટા અર્શનો માલિક છે[૧૦૦] (૧૨૯)**

૭૭. આથી સાબિત થયું કે જે માણસ અલ્લાહની ઇતાઅત કરવાની નિય્યત કરે તેનું ઉઠવું, બેસવું, ચાલવું, હાલવું કે ન હાલવું એ બધું જ નેકીઓમાં ગણાય છે અને અલ્લાહને ત્યાં લખવામાં આવે છે.

૭૮. એટલે થોડું દા.ત. એક ખજૂર.

૭૯. જેવું કે હઝરત ઉસ્માન ગની રદીયલ્લાહુ અન્હૂએ જૈશે ઉસરત (તબૂકની લડાઇમાં જનાર લશ્કર)માં ખર્ચ કર્યો.

૮૦. આ આયતથી જિહાદની ફઝીલત અને તેનું આમાલમાં શ્રેષ્ઠ હોવું સાબિત થયું.

૮૧. અને પોતાના વતન તદ્દન ખાલી કરી આપે.

૮૨. એક ટોળું વતનમાં રહે અને...,

૮૩. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમા બયાન કરે છે કે અરબના કબીલાઓમાંથી દરેક કબીલાની એક એક જમાઅત હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની સેવામાં હાજર થતી અને તેઓ હુઝૂર પાસેથી દીનના મસાઇલ શીખતા હતા અને સમજ મેળવતા હતા અને પોતાના માટે એહકામ પૂછતા હતા અને પોતાની કોમ માટે પણ. હુઝૂર તેમને અલ્લાહ અને રસૂલની ફરમાંબરદારી કરવાનો હુકમ કરતા હતા. અને નમાઝ તેમજ ઝકાત વિગેરેની તાલીમ માટે તેમને તેમની કોમ માટે નિયુક્ત કરતા હતા. જ્યારે તે લોકો પોતાની કોમમાં પાછા જતા ત્યારે એલાન કરતા હતા કે જે ઇસ્લામ સ્વીકારશે તે અમારામાંથી છે. અને લોકોને ખુદાનો ખોફ અપાવતા અને દીનનો વિરોધ કરવાથી ડરાવતા હતા. એટલે સુધી કે લોકો પોતાના મા-બાપને છોડી દેતા હતા. હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ તેમને દીનના બધા જ જરૂરી ઇલ્મોની

તાલીમ આપી દેતા હતા. (ખાઝિન)

આ રસૂલ કરીમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમનો મહાન મો'જિઝો છે કે તદ્દન અજ્ઞાન લોકોને ઘણા જ થોડા સમયમાં દીનના અહકામના આલિમ અને કોમના માર્ગદર્શક બનાવી આપતા હતા. આ આયતથી અમુક મસાઇલ જાણવા મળ્યા.

**મસઅલો** : ઇલ્મે દીન મેળવવું ફર્ઝ છે. જે વસ્તુઓ બન્દા પર ફર્ઝ અને વાજિબ છે અને જે તેના માટે મના અને હરામ છે તેનું શીખવું ફર્ઝે અયન છે અને એનાથી વધારે ઇલ્મ મેળવવું ફર્ઝે કિફાયહ છે. હદીષ શરીફમાં છે કે ઇલ્મ શીખવું દરેક મુસલમાન પર ફર્ઝ છે. ઇમામ શાફઇ રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે ઇલ્મ શીખવું નિફલ નમાઝ કરતાં અફઝલ છે.

**મસઅલો** : ઇલ્મ પ્રાપ્તિ માટે સફર કરવાનો હુકમ હદીષ શરીફમાં છે. જે વ્યક્તિ ઇલ્મ હાસિલ કરવા રસ્તો ચાલે અલ્લાહ તેના માટે જન્નતનો રસ્તો સરળ બનાવે છે. (તિરમિઝી)

**મસઅલો** : ફિકહ બધા ઇલ્મોમાં શ્રેષ્ઠ ઇલ્મ છે. હદીષ શરીફમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમે ફરમાવ્યું, અલ્લાહ તઆલા જેના માટે ભલાઇ ઇચ્છે છે તેને દીનમાં ફકીહ બનાવે છે, હું વહેંચનાર છું અને અલ્લાહ આપનાર છે. (બુખારી, મુસ્લિમ)

હદીષમાં છે કે એક ફકીહ (દીનની સમજ ધરાવનાર) હજાર ઇબાદત ગુઝાર (જે દીનની સમજ ધરાવતા ન હોય) કરતાં શયતાન પર વધારે સખ્ત છે. (તિરમિઝી)

'ફિકહ' દીની અહકામના ઇલ્મને કહે છે જેને લોકો ફિકહનું ઇલ્મ કહે છે તે એને બંધ બેસતું છે.

૮૪. અલ્લાહના અઝાબથી, ખુદાઇ આદેશોનું પાલન કરીને.

૮૫. જિહાદ બધા જ કાફિરો સામે વાજિબ છે નજીકના હોય કે દૂરના, પરંતુ નજીકવાળાઓ સામે પ્રથમ, પછી જેઓ તેમની નજીક હોય. એવી જ રીતે તબક્કાવાર.

૮૬. તેમને જીત આપે છે અને તેમની મદદ કરે છે.

૮૭. અર્થાત મુનાફિકો અંદર અંદર કટાક્ષની રીતે એવી વાતો કહે છે. તેમના જવાબમાં કહેવાય છે.

૮૮. શંકા અને નિફાકની.

૮૯. કે પહેલાં જેટલું ઉતર્યું હતું તેનો નકાર કરવાના વબાલમાં જ સપડાએલા હતા હવે જે વધારે ઉતર્યું તેના ઇન્કારની ખયાનતમાં પણ સપડાયા.

૯૦. એટલે કે મુનાફિકોને.

૯૧. બીમારીઓ, સખ્તીઓ અને દુષ્કાળ દ્વારા.

૯૨. અને આંખો વડે નાસી છુટવાના ઇશારા કરે છે અને કહે છે.

૯૩. જો દેખતું હોય તો બેસી રહે નહિ તો ભાગી છૂટે.

૯૪. કુફ્ર તરફ.

૯૫. એ કારણે.

૯૬. પોતાના ફાયદા અને નુકસાનનો વિચાર કરતા નથી.

૯૭. મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અરબી કુરેશી, જેમના વંશ કુટુંબને તમે સારી રીતે ઓળખો છો કે તમારામાં બધા કરતાં ઉચ્ચવંશી છે. અને તમે તેમની સચ્ચાઇ અને અમાનત, દુનિયાથી અલિપ્તતા તથા પરહેઝગારી, પાકી અને બુઝુર્ગી તથા શ્રેષ્ઠ આદતોને પણ સારી રીતે જાણો છો.

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહમતવાળો (છે)[૧૦૧]**

**આ હિકમતવાળી કિતાબની આયતો છે. (૧) શું લોકોને એ (વાત)નું આશ્ચર્ય થયું કે અમે તેમનામાંથી એક પુરૂષને વહી મોકલી કે લોકોને ડર સંભળાવો,[૧૦૨] અને ઈમાનવાળાઓને ખુશખબર સંભળાવો કે તેમના માટે તેમના રબ પાસે સત્યનું સ્થાન છે. કાફિરો બોલ્યા, બેશક! આ તો ખુલ્લો જાદુગર છે[૧૦૩] (૨) બેશક! તમારો રબ અલ્લાહ છે, જેણે આકાશ અને ધરતી છ દિવસોમાં બનાવ્યાં, પછી અર્શ પર ઈસ્તિવા ફરમાવ્યો જેવો કે તેની શાનને લાયક છે. કામની તદબીર ફરમાવે છે[૧૦૪] કોઈ સિફારશી નથી પણ તેની પરવાનગી પછી.[૧૦૫] આ છે અલ્લાહ તમારો રબ.[૧૦૬] તો તેની બંદગી કરો. તો શું તમે ધ્યાન આપતા નથી? (૩) તેના તરફ તમને બધાને જવાનું છે.[૧૦૭] અલ્લાહનો સાચો વાયદો. બેશક! તે પ્રથમવાર બનાવે છે**

يعتذرون ١١ يونس ١٠

سُورَةُ يُونُسَ مَكِّيَّةٌ وَهِيَ مِائَةٌ وَّتِسْعُ اٰيَاتٍ وَّاِحْدٰى عَشَرَ رُكُوْعًا

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

الٓرٰ تِلْكَ اٰيٰتُ الْكِتٰبِ الْحَكِيْمِ ﴿١﴾ اَكَانَ لِلنَّاسِ
عَجَبًا اَنْ اَوْحَيْنَآ اِلٰى رَجُلٍ مِّنْهُمْ اَنْ اَنْذِرِ
النَّاسَ وَبَشِّرِ الَّذِيْنَ اٰمَنُوْٓا اَنَّ لَهُمْ قَدَمَ
صِدْقٍ عِنْدَ رَبِّهِمْ قَالَ الْكٰفِرُوْنَ اِنَّ هٰذَا
لَسٰحِرٌ مُّبِيْنٌ ﴿٢﴾ اِنَّ رَبَّكُمُ اللّٰهُ الَّذِيْ خَلَقَ
السَّمٰوٰتِ وَالْاَرْضَ فِيْ سِتَّةِ اَيَّامٍ ثُمَّ اسْتَوٰى
عَلَى الْعَرْشِ يُدَبِّرُ الْاَمْرَ مَا مِنْ شَفِيْعٍ اِلَّا
مِنْ بَعْدِ اِذْنِهٖ ذٰلِكُمُ اللّٰهُ رَبُّكُمْ فَاعْبُدُوْهُ
اَفَلَا تَذَكَّرُوْنَ ﴿٣﴾ اِلَيْهِ مَرْجِعُكُمْ جَمِيْعًا وَعْدَ

المنزل ٣

وقف النبي عليه السلام

એક કિરઅતમાં 'અન્ફસકુમ' 'ફા' ને ઝબર સાથે પણ (પઢવામાં) આવ્યું છે. જેનો અર્થ છે, તમારામાં સર્વથી વધુ શ્રેષ્ઠ અને ઉચ્ચ ખાનદાની ધરાવનાર તેમજ બેહતર.

આ આયતમાં સૈયદે આલમ અલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની પધરામણી એટલે કે આપની મીલાદ શરીફનું બયાન છે. તિરમીઝીની હદીષથી પણ સાબિત છે કે સૈયદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે પોતાની પેદાઇશનું બયાન ઉભા થઇને ફરમાવ્યું.

**મસઅલો** : આથી સાબિત થયું કે મીલાદ શરીફની અસ્લ (આધાર) કુરઆન અને હદીષથી સાબિત છે.

૯૮. આ આયતમાં અલ્લાહ તઆલાએ પોતાના હબીબ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને પોતાના બે નામો આપ્યા. આ ખૂબ જ ઇજ્જત વધારેલી કહેવાય.

૯૯. એટલે કે જો મુનાફિકો અને કાફિરો આપના પર ઇમાન લાવવાથી વેગળા રહે.

૧૦૦. હાકિમે 'મુસ્તદરક'માં ઉબય ઇબ્ને કઅબથી એક હદીષ રિવાયત કરી છે કે 'લકદ જાઅકુમ' થી સૂરતના અંત સુધી બન્ને આયતો કુરઆન શરીફમાં બધાથી છેલ્લે ઉતરી હતી.

૧૦૧. સૂરએ યૂનુસ મક્કામાં ઉતારેલી છે ત્રણ આયતો સિવાય જે ફઇન કુન્ત ફી શક્કિન થી શરૂ થાય છે. એમાં ૧૧ રૂકૂઅ અને ૧૦૯ આયતો અને ૧૮૩૨ વાક્યો અને ૯૦૯૯ અક્ષરો છે.

૧૦૨. **શાને નુઝૂલ** : હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ ફરમાવ્યું, જ્યારે અલ્લાહે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને રિસાલત નો મરતબો આપ્યો અને આપે તે જાહેર કર્યો ત્યારે અરબોએ ઇન્કાર કર્યો અને તેમનામાંથી અમુકે કહ્યું કે, અલ્લાહ એ બાબતથી ઉચ્ચ છે કે કોઇ મનુષ્યને રસૂલ બનાવે તે

ફરી નાશ પછી બીજીવાર બનાવશે કે (જેથી) તેમને જેઓ ઈમાન લાવ્યા અને સારાં કામો કર્યાં ન્યાયી બદલો આપે,[૧૦૮] અને કાફિરો માટે પીવા ખાતર ઉકળતુ પાણી અને દુ:ખ દાયક અઝાબ. બદલો તેમના કુફ્રનો (૪) તે જ છે જેણે સૂર્યને ઝગમગતો બનાવ્યો અને ચંદ્રને ચળકતો, અને તેના માટે મંઝિલો નક્કી કરી[૧૦૯] કે (જેથી) તમે વરસોની ગણત્રી અને[૧૧૦] હિસાબ જાણો. અલ્લાહે તેને સત્ય જ બનાવ્યું. વિગતવાર નિશાનીઓ બયાન કરે છે ઈલ્મવાળાઓ માટે[૧૧૧] (૫) બેશક ! રાત્રી અને દિવસનું બદલાતું બદલાતું આવવું અને જે કંઈ આસ્માનો અને જમીનમાં અલ્લાહે બનાવ્યું તેમાં ડરનારાઓ માટે નિશાનીઓ છે (૬) બેશક ! તે જેઓ અમારી મુલાકાતની આશા રાખતા નથી[૧૧૨] અને દુનિયાનું જીવન પસંદ કરી બેઠા અને તેના પર સંતુષ્ટ થઈ બેઠા[૧૧૩] અને તે જેઓ અમારી આયતોથી ગફલત કરે છે[૧૧૪] (૭) તે લોકોનું ઠેકાણું



اللّٰهِ حَقًّا اِنَّهٗ يَبْدَؤُا الْخَلْقَ ثُمَّ يُعِيْدُهٗ لِيَجْزِيَ
الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ بِالْقِسْطِ
وَالَّذِيْنَ كَفَرُوْا لَهُمْ شَرَابٌ مِّنْ حَمِيْمٍ وَّعَذَابٌ
اَلِيْمٌ بِمَا كَانُوْا يَكْفُرُوْنَ ﴿٤﴾ هُوَ الَّذِيْ جَعَلَ الشَّمْسَ
ضِيَآءً وَّالْقَمَرَ نُوْرًا وَّقَدَّرَهٗ مَنَازِلَ لِتَعْلَمُوْا عَدَدَ
السِّنِيْنَ وَالْحِسَابَ مَا خَلَقَ اللّٰهُ ذٰلِكَ اِلَّا بِالْحَقِّ
يُفَصِّلُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّعْلَمُوْنَ ﴿٥﴾ اِنَّ فِي اخْتِلَافِ
الَّيْلِ وَالنَّهَارِ وَمَا خَلَقَ اللّٰهُ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ
لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّتَّقُوْنَ ﴿٦﴾ اِنَّ الَّذِيْنَ لَا يَرْجُوْنَ
لِقَآءَنَا وَرَضُوْا بِالْحَيٰوةِ الدُّنْيَا وَاطْمَاَنُّوْا بِهَا
وَالَّذِيْنَ هُمْ عَنْ اٰيٰتِنَا غٰفِلُوْنَ ﴿٧﴾ اُولٰٓئِكَ مَاْوٰىهُمُ

બાબત આ આયતો ઉતરી.

૧૦૩. કાફિરોએ પ્રથમ તો મનુષ્યનું રસૂલ હોવું આશ્ચર્યજનક જણાવી ઇન્કાર કર્યો પછી જ્યારે હુઝૂરના મો'જિઝાઓ જોયા અને તેમને યકીન થયું કે આ મનુષ્યની શક્તિ બહારની વાતો છે ત્યારે આપને જાદુગર કહ્યા. તેમનો એ આક્ષેપ તો ખોટો છે જ પણ એનાથી હુઝૂરનો કમાલ અને લોકોની લાચારીનો ઇકરાર જણાય છે.

૧૦૪. અર્થાત સર્વ મખ્લૂકના કાર્યો હિકમતના તકાદા અનુસાર સરઅંજામ આપે છે.

૧૦૫. મૂર્તિપૂજકો જે એવું કહેતા હતા કે મૂર્તિઓ તેમની શફાઅત કરશે તેમની એ વાતનો આ આયતમાં રદીયો આપવામાં આવ્યો છે. તેમને જણાવવામાં આવ્યું કે અધિકૃત વ્યક્તિઓ સિવાય કોઇ શફાઅત નહીં કરી શકે. અને અધિકૃત વ્યક્તિઓ માત્ર તેના મકબૂલ બન્દાઓ છે.

૧૦૬. જે ધરતી અને આકાશનો સર્જક અને તમામ કાર્યોની તદબીર કરનાર છે. તેના સિવાય કોઇ મઅબૂદ નથી માત્ર તે જ ઇબાદતને લાયક છે.

૧૦૭. કયામતના દિવસે. અને એ જ છે.

૧૦૮. આ આયતમાં હશ્ર, મૃત્યુ બાદ કયામતના દિવસે ઉઠવું વિ.નું બયાન છે અને ઇન્કાર કરનારાઓને રદિયો છે અને એના પર ખૂબ જ સરસ દલીલ કરવામાં આવી છે કે પ્રથમવાર બનાવે છે અને અવયવોનું સર્જન કરી તેમને જોડે છે. તો મૃત્યુના કારણે વિખરાઇ ગયા પછી તેમને બીજીવાર ફરી જોડવું અને સર્જીત માનવીને નાશ બાદ ફરી સર્જવો અને તે જ પ્રાણ જે તે શરીર સાથે સંબંધિત હતા તેને શરીરને

يعتذرون ١١ · يونس ١٠

النَّارُ بِمَا كَانُوا يَكْسِبُونَ ﴿٨﴾ إِنَّ الَّذِينَ آمَنُوا وَعَمِلُوا
الصَّالِحَاتِ يَهْدِيهِمْ رَبُّهُمْ بِإِيمَانِهِمْ تَجْرِي مِنْ
تَحْتِهِمُ الْأَنْهَارُ فِي جَنَّاتِ النَّعِيمِ ﴿٩﴾ دَعْوَاهُمْ فِيهَا
سُبْحَانَكَ اللَّهُمَّ وَتَحِيَّتُهُمْ فِيهَا سَلَامٌ وَآخِرُ دَعْوَاهُمْ
أَنِ الْحَمْدُ لِلَّهِ رَبِّ الْعَالَمِينَ ﴿١٠﴾ وَلَوْ يُعَجِّلُ اللَّهُ
لِلنَّاسِ الشَّرَّ اسْتِعْجَالَهُمْ بِالْخَيْرِ لَقُضِيَ إِلَيْهِمْ
أَجَلُهُمْ فَنَذَرُ الَّذِينَ لَا يَرْجُونَ لِقَاءَنَا فِي
طُغْيَانِهِمْ يَعْمَهُونَ ﴿١١﴾ وَإِذَا مَسَّ الْإِنْسَانَ الضُّرُّ
دَعَانَا لِجَنْبِهِ أَوْ قَاعِدًا أَوْ قَائِمًا فَلَمَّا كَشَفْنَا
عَنْهُ ضُرَّهُ مَرَّ كَأَنْ لَمْ يَدْعُنَا إِلَىٰ ضُرٍّ مَسَّهُ
كَذَٰلِكَ زُيِّنَ لِلْمُسْرِفِينَ مَا كَانُوا يَعْمَلُونَ ﴿١٢﴾

**દોઝખ છે બદલો તેમની કમાઈનો (૮) બેશક! જેઓ ઈમાન લાવ્યા અને સારાં કાર્યો કર્યાં તેમનો રબ તેમના ઈમાનના કારણે તેમને માર્ગ આપશે.[૧૧૫] તેમની નીચે નહેરો વહેતી હશે નેઅમતના બાગોમાં (૯) તેમની દુઆ તેમાં આ હશે; અલ્લાહ તને પાકી છે[૧૧૬] અને તેમની મુલાકાત વેળા ખુશીનો પ્રથમ બોલ 'સલામ' છે.[૧૧૭] અને તેમની દુઆનો અંત આ છે; બધી ખૂબીઓ વખણાએલા અલ્લાહને જે બધાય જહાનનો રબ છે[૧૧૮] (૧૦) અને જો અલ્લાહ લોકો પર બુરાઈ એટલી જલ્દી મોકલત જેટલી ઉતાવળ તેઓ ભલાઈની કરે છે તો તેમનો વાયદો પુરો થઈ ચૂકયો હોત[૧૧૯] તો અમે તેમને જેઓ અમારી મુલાકાતની આશા રાખતા નથી તેમની બળવાખોરીમાં ભટકતા છોડી આપીએ[૧૨૦] (૧૧) અને જ્યારે માનવીને[૧૨૧] દુ:ખ પડે છે (ત્યારે) સૂતાં બેસતાં ઉઠતાં[૧૨૨] અમને પોકારે છે. પછી જ્યારે અમે તેની તકલીફ દૂર કરી આપીએ છીએ (ત્યારે) ચાલતો થાય છે[૧૨૩] જાણે કે કદી કોઈ દુ:ખ પડયા બાબત અમને પોકાર કર્યો જ ન હતો. આવી જ રીતે હદ ઓળંગનારાઓ[૧૨૪] ને તેમનાં કાર્યો[૧૨૫] રૂપાળા કરી બતાવ્યાં છે (૧૨)**

ઠીકઠાક કર્યા પછી તે જ શરીર સાથે સંબંધિત કરી આપવું તેની કુદરતથી શું વેગળું છે? અને આ બીજીવાર બનાવવાનો હેતુ કાર્યોનો બદલો એટલે કે આજ્ઞાંકિતને સવાબ અને ગુનેહગારને અઝાબ આપવાનો છે.

૧૦૯. ૨૮ મંઝિલો જે રાશીઓની બનેલી છે દરેક રાશીની ૨$^1/_3$ મંઝિલો છે. ચંદ્ર દર રાત્રે એક મંઝિલમાં રહે છે અને મહીનો ૩૦ દિવસોનો હોય તો બે રાત્રીઓ નહિ તો એક રાત છુપાઇ રહે છે.

૧૧૦. મહીનાઓ દિવસો અને ઘડીઓનો.

૧૧૧. કે તેમાં ચિંતન કરીને ફાયદો મેળવે.

૧૧૨. કયામતના દિવસે, અને સવાબ અઝાબને માનતા નથી.

૧૧૩. અને એ વિનાશ પામનારને હમેશાં રહેનાર (આખેરતનું જીવન) પર પ્રાથમિકતા આપી અને આખુ જીવન તેને મેળવવામાં ગુમાવ્યું.

૧૧૪. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમા કહે છે કે, અહીં 'આયત'નો અર્થ સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની ઝાતે પાક અને કુરઆન શરીફ છે. અને ગફલત કરવાનો અર્થ તેમનાથી મોઢુ ફેરવવું છે.

૧૧૫. જન્નતો તરફ. કતાદાનું કથન છે કે મો'મિન જ્યારે પોતાની કબરમાંથી નીકળશે ત્યારે તેના અમલ ખૂબસૂરત માણસની શિકલમાં તેની પાસે આવશે, આ માણસ પૂછશે કે, તું કોણ છે? તે કહેશે, હું તારા અમલ છું. અને તેના માટે પ્રકાશ રૂપ બની જશે અને જન્નત સુધી પહોંચાડશે. જ્યારે કાફિરનો મામલો એનાથી ઉલટો બનશે કે તેના અમલ કદરૂપા માણસની શિકલમાં આવીને તેને જહન્નમ સુધી પહોંચાડશે.

وَلَقَدْ أَهْلَكْنَا الْقُرُونَ مِن قَبْلِكُمْ لَمَّا ظَلَمُوا وَجَاءَتْهُمْ
رُسُلُهُم بِالْبَيِّنَاتِ وَمَا كَانُوا لِيُؤْمِنُوا كَذَٰلِكَ نَجْزِي
الْقَوْمَ الْمُجْرِمِينَ ﴿١٣﴾ ثُمَّ جَعَلْنَاكُمْ خَلَائِفَ فِي الْأَرْضِ
مِن بَعْدِهِمْ لِنَنظُرَ كَيْفَ تَعْمَلُونَ ﴿١٤﴾ وَإِذَا تُتْلَىٰ
عَلَيْهِمْ آيَاتُنَا بَيِّنَاتٍ قَالَ الَّذِينَ لَا يَرْجُونَ لِقَاءَنَا
ائْتِ بِقُرْآنٍ غَيْرِ هَٰذَا أَوْ بَدِّلْهُ قُلْ مَا يَكُونُ لِي
أَنْ أُبَدِّلَهُ مِن تِلْقَاءِ نَفْسِي إِنْ أَتَّبِعُ إِلَّا مَا يُوحَىٰ
إِلَيَّ إِنِّي أَخَافُ إِنْ عَصَيْتُ رَبِّي عَذَابَ يَوْمٍ
عَظِيمٍ ﴿١٥﴾ قُل لَّوْ شَاءَ اللَّهُ مَا تَلَوْتُهُ عَلَيْكُمْ وَلَا أَدْرَاكُم
بِهِ فَقَدْ لَبِثْتُ فِيكُمْ عُمُرًا مِّن قَبْلِهِ أَفَلَا تَعْقِلُونَ ﴿١٦﴾
فَمَنْ أَظْلَمُ مِمَّنِ افْتَرَىٰ عَلَى اللَّهِ كَذِبًا أَوْ كَذَّبَ

**અને બેશક! અમે તમારાથી પહેલાં (કેટલાંએ) લોક ટોળાંઓને* બરબાદ કરી નાખ્યાં જ્યારે તેઓ હદથી વધ્યા.[૧૨૬] અને તેમના રસૂલો તેમની પાસે સ્પષ્ટ દલીલો લઈને આવ્યા.[૧૨૭] અને તેઓ એવા હતા જ નહિ કે ઈમાન લાવે. અને ગુનેહગારોને એવો જ બદલો આપીએ છીએ (૧૩) પછી અમે તેમની પાછળ તમને પૃથ્વીના વારસદાર બનાવ્યા કે જોઈએ; તમે કેવા કાર્યો કરો છો[૧૨૮] (૧૪) અને જ્યારે તેમના પર અમારી સ્પષ્ટ આયતો[૧૨૯] પઢવામાં આવે છે તો જેમને અમારી મુલાકાતની આશા નથી[૧૩૦] તેઓ કહે છે કે; આ સિવાય બીજું કુરઆન લઈ આવો[૧૩૧] અથવા આને જ બદલી આપો.[૧૩૨] તમે કહી દો; મને (હક) નથી પહોંચતો કે હું એને મારા તરફથી બદલી આપું. હું તો જે મારા તરફ વહી આવે છે તેને જ તાબે છું[૧૩૩] હું જો મારા રબની આજ્ઞાનું ઉલ્લંઘન કરૂ[૧૩૪] તો મને મહાન દિવસના અઝાબની બ્હીક છે[૧૩૫] (૧૫) તમે ફરમાવો; જો અલ્લાહ ઈચ્છત તો હું એને તમારા પર પઢત નહિ, ન તે તમને એની ખબર આપત.[૧૩૬] તો હું આનાથી પહેલાં તમારામાં પોતાની એક ઉમર વિતાવી ચૂક્યો છું.[૧૩૭] તો શું તમને બુદ્ધિ નથી[૧૩૮] (૧૬) તો તેનાથી વધીને જાલિમ કોણ જે અલ્લાહ પર જૂઠ બાંધે.[૧૩૯] અથવા તેની આયતો જૂઠાડે.**

૧૧૬. એટલે કે જન્નતી લોકો અલ્લાહની હમ્દ અને પાકી બોલવામાં મગ્ન રહેશે અને તેની યાદમાં તેમને લિજ્જત અને ખુશી પ્રાપ્ત થશે. સુબ્હાનલ્લાહ.

૧૧૭. અર્થાત જન્નતી લોકો અંદરોઅંદર એકબીજાને ખૂબ ઇજ્જત અને આદરથી સલામ કરશે. અથવા ફરિશ્તાઓ તેમને સલામ કરશે. અથવા ફરિશ્તાઓ અલ્લાહ પાક તરફથી તેમની પાસે સલામ લાવશે.

૧૧૮. તેમની વાતનો આરંભ અલ્લાહની મહાનતા અને પાકીથી થશે અને વાતનો અંત તેની સ્તુતિ અને તારીફ પર થશે.

૧૧૯. અર્થાત લોકો ક્રોધાવેશમાં જે બદદુઆઓ પોતાના માટે અથવા પોતાના માલ કે આલ ઔલાદ માટે માગે છે અને કહે છે કે, અમે બરબાદ થઇ જઇએ, ખુદા અમને (કે તમને) ગારત કરે, અને એવા જ વાક્યો પોતાની ઔલાદ કે સગાઓ માટે બોલે છે (દા.ત. તારૂ સર્વનાશ થજો વિ.) જેને હિન્દીમાં 'કોસવું' કહે છે. તો જો અલ્લાહ તઆલા એમની એવી બદદુઆઓ એટલી જલ્દી કબૂલ કરી લેત જેટલી જલ્દી લોક પોતાની સારી દુઆઓ કબૂલ થવાની ઇચ્છા ધરાવે છે. તો એ લોકોનો અંત આવી ચૂક્યો હોત અને તેઓ ક્યારનાએ નાશ પામી ચૂક્યા હોત. પરંતુ અલ્લાહ તઆલા પોતાની મહેરબાનીથી સારી દુઆ કબૂલ કરવામાં જલ્દી કરે છે ખરાબ દુઆ કબૂલ કરવામાં નહિ, એ તેની કૃપા છે.

**શાને નુઝૂલ** : નઝ્ર બિન હારિસે કહ્યું હતું, અય અલ્લાહ ! જો તારી પાસે આ ધર્મ એટલે કે ઇસ્લામ સત્ય હોય તો અમારી ઉપર આકાશમાંથી પથ્થર વરસાવ. ત્યારે આ આયત મુબારક ઉતરી, અને કહેવામાં આવ્યું કે જો અલ્લાહ તઆલા કાફિરો માટે અઝાબમાં જલ્દી કરત જેવી રીતે કે તેમને માલ ઔલાદ અને દુનિયાની

બીજી ભલાઇ આપવામાં જલ્દી કરી, તો તે બધા નાશ પામી ચૂક્યા હોત.

૧૨૦. અને અમે તેમને મહેતલ આપીએ છીએ અને તેમને શિક્ષા કરવામાં ઉતાવળ કરતા નથી.

૧૨૧. અહીં માનવીનો મતલબ કાફિર છે.

૧૨૨. દરેક પળે અને જ્યાં સુધી તેનું દુઃખ દૂર થાય નહિ ત્યાં સુધી દુઆમાં રચ્યો પચ્યો રહે છે.

૧૨૩. પોતાના પહેલાંના માર્ગે, અને તે જ કુફ્રનો રસ્તો પકડી લે છે અને દુઃખનો સમય ભૂલી જાય છે.

૧૨૪. એટલે કે કાફિરોને.

૧૨૫. હેતુ એ છે કે માનવી સંકટ સમયે ખૂબ અધીરો બની જાય છે અને રાહતમાં ઘણો અપકારક. જ્યારે તકલીફ પડે છે ત્યારે ઉભા થતા, બેસતા સુતાં દરેક પરિસ્થિતિમાં દુઆ કરે છે. પછી જ્યારે અલ્લાહ તકલીફ દૂર કરી આપે છે ત્યારે તેનો આભાર (પણ) માનતો નથી અને પોતાની જુની હાલત તરફ પલ્ટી જાય છે, આ હાલત ગાફિલની છે. બુધ્ધિવાન મોમિનની હાલત એનાથી ઉલટી હોય છે. તે મુસીબત અને બલા પર ધીરજ ધરે છે, અને આરામમાં આભારવશ થાય છે. તકલીફ કે રાહતમાં અલ્લાહ તઆલા સમક્ષ આજીજી અને દુઆ કરે છે. અને એક સ્થાન એનાથી પણ ઊંચુ છે જે મોમિનોમાંથી પણ ખાસ બન્દાઓને પ્રાપ્ત છે કે જ્યારે કોઈ મુસીબત કે બલા આવે છે ત્યારે ધીરજ ધરે છે અલ્લાહના ફેંસલાથી દિલપૂર્વક ખુશ રહે છે અને બધી જ પરિસ્થિતિમાં આભાર માને છે.

★. એટલે કે ઉમ્મતો.

૧૨૬. અને કુફ્રમાં સંડોવાયા.

૧૨૭. જે તેમના સત્યની ખૂબ જ સ્પષ્ટ દલીલો હતી પરંતુ તેઓ માન્યા નહિ અને નબીઓને સત્ય ન સમજ્યા.

૧૨૮. જેથી તમારા સાથે તમારા કર્મો લાયક વર્તાવ કરે.

૧૨૯. જેમાં અમારી તવહીદ અને બુતપરસ્તીની બુરાઈ, અને બુતપરસ્તોની સજાનું બયાન છે.

૧૩૦. અને આખેરત પર ઈમાન ધરાવતા નથી.

૧૩૧. જેમાં મૂર્તિઓની બુરાઇ ન હોય.

૧૩૨. **શાને નુઝૂલ** :- કાફિરોના એક વર્ગે હુઝૂર પાસે હાજર થઈને કહ્યું; જો તમે ઈચ્છતા હોવ કે અમે તમારા પર ઈમાન લઈ આવીએ તો તમે આ કુરઆન સિવાય બીજુ કુરઆન લઈ આવો જેમાં લાત, ઉઝ્ઝા, મનાત વિગેરે મૂર્તિઓની બુરાઈ અને તેમની પૂજા ત્યજી દેવાનો હુકમ ન હોય. અને જો અલ્લાહ એવું કુરઆન ન ઉતારે તો તમે પોતાના તરફથી બનાવી લો અથવા આ કુરઆનને બદલીને અમારી મરજી મુજબનું બનાવી આપો તો અમે ઈમાન લઈ આવીશું. તેમનું આવું કહેવું યા તો મજાક મશ્કરી રૂપે હતું યા તેમણે અજમાઈશ અને ઈમ્તેહાન માટે એવું કહ્યું હતું કે જો તેઓ બીજુ કુરઆન બનાવી લાવે અથવા આને બદલી આપે તો પુરવાર થઈ જશે કે કુરઆન અલ્લાહનું કલામ નથી. અલ્લાહ તઆલાએ પોતાના હબીબ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને હુકમ આપ્યો કે તે જવાબ આપે જે આયતમાં અપાયો છે.

૧૩૩. હું એમાં કંઈ ફેરબદલ કે ઘટાડો વધારો નથી કરી શકતો આ મારૂ કલામ નથી અલ્લાહનું કલામ છે.

૧૩૪. અથવા તેની કિતાબના હુકમોને બદલું.

૧૩૫. અને બીજું કુરઆન બનાવવું માણસની શક્તિની જ બહાર છે. અને મખ્લૂકની એ બાબત

بِاٰيٰتِهٖ اِنَّهٗ لَا يُفْلِحُ الْمُجْرِمُوْنَ ﴿١٧﴾ وَيَعْبُدُوْنَ مِنْ دُوْنِ
اللّٰهِ مَا لَا يَضُرُّهُمْ وَلَا يَنْفَعُهُمْ وَيَقُوْلُوْنَ هٰٓؤُلَآءِ
شُفَعَآؤُنَا عِنْدَ اللّٰهِ قُلْ اَتُنَبِّـُٔوْنَ اللّٰهَ بِمَا لَا يَعْلَمُ فِى
السَّمٰوٰتِ وَلَا فِى الْاَرْضِ سُبْحٰنَهٗ وَتَعٰلٰى عَمَّا
يُشْرِكُوْنَ ﴿١٨﴾ وَمَا كَانَ النَّاسُ اِلَّآ اُمَّةً وَّاحِدَةً فَاخْتَلَفُوْا
وَلَوْلَا كَلِمَةٌ سَبَقَتْ مِنْ رَّبِّكَ لَقُضِىَ بَيْنَهُمْ
فِيْمَا فِيْهِ يَخْتَلِفُوْنَ ﴿١٩﴾ وَيَقُوْلُوْنَ لَوْلَآ اُنْزِلَ عَلَيْهِ
اٰيَةٌ مِّنْ رَّبِّهٖ فَقُلْ اِنَّمَا الْغَيْبُ لِلّٰهِ فَانْتَظِرُوْا اِنِّىْ
مَعَكُمْ مِّنَ الْمُنْتَظِرِيْنَ ﴿٢٠﴾ وَاِذَآ اَذَقْنَا النَّاسَ رَحْمَةً
مِّنْ بَعْدِ ضَرَّآءَ مَسَّتْهُمْ اِذَا لَهُمْ مَّكْرٌ فِىْٓ اٰيَاتِنَا قُلِ
اللّٰهُ اَسْرَعُ مَكْرًا اِنَّ رُسُلَنَا يَكْتُبُوْنَ مَا تَمْكُرُوْنَ ﴿٢١﴾

**બેશક ! ગુનેહગારોનું ભલું થશે નહિ (૧૭) અને અલ્લાહ સિવાય એવી વસ્તુ[૧૪૦] ને પૂજે છે જે તેમનું કશું ભલું કરે નહિ, અને કહે છે કે તેઓ અલ્લાહ પાસે અમારી ભલામણ કરનાર છે.[૧૪૧] તમે ફરમાવો શું અલ્લાહને એવી વાત દેખાડો છો જે તેની જાણમાં ન તો આકાશમાં છે ન તો ધરતીમાં.[૧૪૨] તેમના શિર્કથી તેને પાકી અને મોટાઈ છે (૧૮) અને લોકો એક જ ઉમ્મત હતા.[૧૪૩] પછી જુદા પડયા. અને જો તારા રબ તરફથી એક વાત પહેલાં થઈ ચૂકી ન હોત[૧૪૪] તો એમના મતભેદોનો અહીં જ એમના પર ફેંસલો થઈ ગયો હોત[૧૪૫] (૧૯) અને કહે છે ; તેમના પર તેમના રબ તરફથી કોઈ નિશાની કેમ ઉતરી નહિ ?[૧૪૬] તમે ફરમાવો; ગૈબ તો અલ્લાહ માટે છે, હવે રાહ જુઓ હું પણ તમારી સાથે રાહ જોઉ છું (૨૦) અને જ્યારે અમે કોઈક તકલીફ પછી જે તેમને થઈ આદમીઓને મહેરબાનીનો સ્વાદ આપીએ છીએ ત્યારે તરત જ તેઓ અમારી આયતો સાથે દાવ રમે છે.[૧૪૭] તમે ફરમાવો ; અલ્લાહની છૂપી યુક્તિ બધાથી વહેલી થઈ જાય છે.[૧૪૮] બેશક ! અમારા ફરિશ્તાઓ તમારી ચાલબાજીઓ લખી રહયા છે''[૧૪૯] (૨૧)**

અશક્તિ ખૂબ જાહેર થઈ ચૂકી છે.

૧૩૬. અર્થાત તેની તિલાવત (પઢવું) માત્ર અલ્લાહની મરજીથી છે.

૧૩૭. અને ચાલીસ વરસ તમારામાં રહયો છું. એ સમય દરમિયાન હું તમારી પાસે કશું લાવ્યો નથી અને મેં તમને કશું સંભળાવ્યું નથી. તમે મારી હાલતો (જીવનના તબક્કાઓ)ને સારી રીતે નિહાળી છે. હું કોઈની પાસે એક અક્ષર પણ ભણ્યો પઢયો નથી, કોઈ પણ પુસ્તક કિતાબ વાંચી નથી, ત્યાર બાદ આ મહાન કિતાબ લાવ્યો જેની સામે દરેક શુદ્ધ કલામ નીચું અને તથ્યહિન બની ગયું. આ કિતાબમાં સરસ વિદ્યાઓ છે, મૂળ બાબતો અને શાખાઓનો વર્ણન છે, આદેશો અને તરીકાઓ છે, શિષ્ટ ટેવોની તાલીમ છે, ગૈબી ખબરો છે, એની શુદ્ધતા ખોડ રહીત ભાષાએ દેશભરના શુદ્ધભાષીઓને લાચાર બનાવી મૂક્યા છે, દરેક બુદ્ધિશાળી માણસ માટે એ વાત સૂર્ય કરતાં વધારે સ્પષ્ટ થઈ ચૂકી છે કે એ અલ્લાહની વહી વગર શક્ય નથી.

૧૩૮. કે એટલું સમજી શકો કે આ કુરઆન અલ્લાહ તરફથી છે મખ્લૂકની શક્તિ જ નથી કે એનો નમૂનો બનાવી શકે.

૧૩૯. તેના ભાગીદાર જણાવે.

૧૪૦. મૂર્તિઓ.

૧૪૧. એટલે કે દુનિયાની બાબતોમાં, કારણ કે આખેરતને અને મૃત્યુ બાદ જીવંત થવાને તો તેઓ માનતા જ ન હતા.

૧૪૨. અર્થાત તેનું અસ્તિત્વ જ નથી, કારણ કે જે વસ્તુ અસ્તિત્વ ધરાવે છે તે અવશ્ય અલ્લાહની

**તે જ છે જે તમને જમીન માર્ગે અને દરિયામાં ચલાવે છે.[૧૫૦] એટલે સુધી કે જ્યારે તમે નાવડીમાં હોય અને તે[૧૫૧] સારી હવા મારફત તેમને લઈને ચાલે અને તેના પર હર્ષિત બન્યા.[૧૫૨] તેમના પર વંટોળીયાં નું ઝોકું આવ્યું અને બધી બાજુ મોજાં-ઓએ તેમને ઘેરી લીધા. અને સમજી ગયા કે અમે સપડાઈ ગયા. ત્યારે અલ્લાહને પોકારે છે નર્યા તેના બન્દા બનીને કે જો તુ આનાથી અમને બચાવી લઈશ તો અમે અવશ્ય આભારવશ બનીશું[૧૫૩] (૨૨) પછી અલ્લાહ જ્યારે તેમને બચાવી લે છે તરત જ તેઓ ધરતી પર નાહક અત્યાચાર કરવા માંડે છે.[૧૫૪] અય લોકો ! તમારો જુલ્મ તમારા પ્રાણો માટે જ વબાલ છે. દુનિયાના જીવતા જીવે વાપરી લો. પછી તમારે અમારી તરફ પરત થવાનું છે. ત્યારે તમારા કર્મો અમે તમને જણાવીશું[૧૫૫] (૨૩) દ્રષ્ટાંત દુનિયાના જીવનનું તો એવું છે જેમકે તે પાણી જે અમે આકાશમાંથી ઉતાર્યું તો તેના કારણે જમીનમાંથી ઉગનારી બધી વસ્તુઓ ગુફ્ફાઈને નીકળી, જે કંઈ મનુષ્યો અને જાનવરો ખાય છે.[૧૫૬] ત્યાં સુધી કે જમીને પોતાનો શણગાર સજી લીધો[૧૫૭] અને**

يعتذرون ١١ — يونس ١٠

هُوَ الَّذِي يُسَيِّرُكُمْ فِي الْبَرِّ وَالْبَحْرِ حَتّٰى إِذَا كُنْتُمْ
فِي الْفُلْكِ وَجَرَيْنَ بِهِمْ بِرِيحٍ طَيِّبَةٍ وَفَرِحُوا بِهَا
جَاءَتْهَا رِيحٌ عَاصِفٌ وَجَاءَهُمُ الْمَوْجُ مِنْ كُلِّ مَكَانٍ
وَظَنُّوا أَنَّهُمْ أُحِيطَ بِهِمْ دَعَوُا اللّٰهَ مُخْلِصِينَ لَهُ
الدِّينَ لَئِنْ أَنْجَيْتَنَا مِنْ هٰذِهِ لَنَكُونَنَّ مِنَ
الشّٰكِرِينَ ﴿٢٢﴾ فَلَمَّا أَنْجٰهُمْ إِذَا هُمْ يَبْغُونَ فِي الْأَرْضِ
بِغَيْرِ الْحَقِّ يٰأَيُّهَا النَّاسُ إِنَّمَا بَغْيُكُمْ عَلٰى أَنْفُسِكُمْ
مَتَاعَ الْحَيٰوةِ الدُّنْيَا ثُمَّ إِلَيْنَا مَرْجِعُكُمْ فَنُنَبِّئُكُمْ
بِمَا كُنْتُمْ تَعْمَلُونَ ﴿٢٣﴾ إِنَّمَا مَثَلُ الْحَيٰوةِ الدُّنْيَا كَمَاءٍ
أَنْزَلْنٰهُ مِنَ السَّمَاءِ فَاخْتَلَطَ بِهِ نَبَاتُ الْأَرْضِ
مِمَّا يَأْكُلُ النَّاسُ وَالْأَنْعَامُ حَتّٰى إِذَا أَخَذَتِ

જાણમાં છે.

૧૪૩. એક જ ધર્મ ઈસ્લામ પર, જેમકે આદમ અલયહિસ્સલામના સમયમાં કાબિલે હબીલને મારી નાખ્યો ત્યાં સુધી હઝરત આદમ અલયહિસ્સલામ અને તેમની ઔલાદ એકજ ધર્મ પર હતા. ત્યાર પછી તેમનામાં મતભેદ થયા. અને એક કથન એવું છે કે હઝરત નૂહ અલયહિસ્સલામના સમય સુધી એક ધર્મ પર રહયા, પછી મતભેદ થયા ત્યારે હઝરત નૂહ અલયહિસ્સલામને જાહેર કરવામાં આવ્યા. એક કથન એવું છે કે હઝરત નૂહ અલયહિસ્સલામ જ્યારે નાવડીમાંથી ઉતર્યા ત્યારે બધા લોક એક ધર્મ ઈસ્લામ પર હતા. એક કથન એવું છે કે હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામના સમયથી બધા લોક એક ધર્મ પર હતા ત્યાં સુધી કે અમ્ર બિન લુહા ઓર્મને બદલી નાખ્યો. તે અર્થ મુજબ 'અન્નાસ' નું અર્થઘટન ખાસ અરબો થશે. એક કથન એવું છે કે લોકો એક ધર્મ પર હતા એટલે કે કુફ્ર પર, પછી અલ્લાહ તઆલાએ નબીઓને મોકલ્યા તો તેમાંથી અમુક ઈમાન લઈ આવ્યા. અને અમુક આલિમોએ કહ્યું કે લોકો જન્મના આરંભમાં એક પ્રકૃતિ પર હતા પછી તેમનામાં મતભેદ થયા. હદીષ શરીફમાં છે કે દરેક બાળક પ્રકૃતિ અનુસાર જન્મે છે પછી તેના માં બાપ તેને યહૂદી બનાવે છે અથવા નસરાની અથવા મજૂસી. અને હદીષમાં પ્રકૃતિનું અર્થઘટન ઈસ્લામી પ્રકૃતિ છે.

૧૪૪. અને દરેક ઉમ્મત માટે એક સમય મર્યાદા નક્કી કરી દેવામાં આવી ન હોત, અથવા કર્મોનો બદલો કયામત સુધી ટાળવામાં આવ્યો ન હોત;

૧૪૫. અઝાબ ઉતરાણ દ્વારા.

الْأَرْضُ زُخْرُفَهَا وَازَّيَّنَتْ وَظَنَّ أَهْلُهَا أَنَّهُمْ
قَادِرُونَ عَلَيْهَا أَتَاهَا أَمْرُنَا لَيْلًا أَوْ نَهَارًا فَجَعَلْنَاهَا
حَصِيدًا كَأَنْ لَمْ تَغْنَ بِالْأَمْسِ كَذَٰلِكَ نُفَصِّلُ
الْآيَاتِ لِقَوْمٍ يَتَفَكَّرُونَ ﴿٢٤﴾ وَاللَّهُ يَدْعُو إِلَىٰ دَارِ
السَّلَامِ وَيَهْدِي مَنْ يَشَاءُ إِلَىٰ صِرَاطٍ مُسْتَقِيمٍ ﴿٢٥﴾
لِلَّذِينَ أَحْسَنُوا الْحُسْنَىٰ وَزِيَادَةٌ وَلَا يَرْهَقُ
وُجُوهَهُمْ قَتَرٌ وَلَا ذِلَّةٌ أُولَٰئِكَ أَصْحَابُ الْجَنَّةِ
هُمْ فِيهَا خَالِدُونَ ﴿٢٦﴾ وَالَّذِينَ كَسَبُوا السَّيِّئَاتِ جَزَاءُ
سَيِّئَةٍ بِمِثْلِهَا وَتَرْهَقُهُمْ ذِلَّةٌ مَا لَهُمْ مِنَ اللَّهِ مِنْ
عَاصِمٍ كَأَنَّمَا أُغْشِيَتْ وُجُوهُهُمْ قِطَعًا مِنَ اللَّيْلِ
مُظْلِمًا أُولَٰئِكَ أَصْحَابُ النَّارِ هُمْ فِيهَا خَالِدُونَ ﴿٢٧﴾

**ખૂબ શણગારાઈ ગઈ, અને તેના માલિકો સમજયા કે આ અમારા કબ્જામાં આવી ગઈ.[૧૫૮] અમારો હુકમ તેના પર રાતોરાત આવી ગયો અથવા દિવસે.[૧૫૯] તો અમે તેને કાપેલી કરી નાખી જાણે ગઈ કાલે હતી જ નહિ.[૧૬૦] અમે વિચારનારાઓ માટે આવી જ રીતે આયતો વિગતવાર વર્ણવીએ છીએ[૧૬૧] (૨૪) અને અલ્લાહ સલામતીના ઘર તરફ પોકારે છે'[૧૬૨] અને જેને ઈચ્છે તેને સીધા માર્ગે ચલાવે છે[૧૬૩] (૨૫) ભલાઈવાળાઓ માટે ભલાઈ છે અને એનાથી પણ વધારે.[૧૬૪] અને તેમના મોઢા પર કાળાશ કે અપમાન નહિ ચઢે.[૧૬૫] તેઓ જ જન્નતવાળા છે તેઓ તેમાં હમેશાં રહેશે (૨૬) અને જેમણે બુરાઈઓ કમાઈ[૧૬૬] તો બુરાઈનો બદલો તેના જોવો જ.[૧૬૭] અને તેમના પર અપમાન ચઢશે. તેમને અલ્લાહથી બચાવનાર કોઈ નહિ હોય. જાણે કે તેમના ચેહરાઓ પર આંધળી રાત્રીના ટુકડાઓ ચઢાવી દેવાયા છે.[૧૬૮] તેઓ જ દોઝખવાળા છે તેઓ તેમાં હમેશાં રહેશે (૨૭)**

૧૪૬. અસત્યવાદી લોકોની એ રીત છે કે જ્યારે તેમની વિરુદ્ધ મજબૂત દલીલ કાયમ થઈ જાય છે અને તેઓ જવાબ આપવા માટે અશક્ત રહે છે ત્યારે તે દલીલની ચર્ચા એવી રીતે છોડી દે છે જાણે કે તે કહેવામાં જ નથી આવી અને એવું કહ્યા કરે છે કે દલીલ લાવો, દલીલ લાવો, જેથી સાંભળનાર એવી ગેરસમજમાં પડી જાય કે હજી સુધી તેમની વિરુદ્ધ કોઈ દલીલ આપવામાં આવી નથી, એવી જ રીતે કાફિરોએ હુઝૂરના મો'જિઝાઓ અને ખાસ કરીને કુરઆન જે મહાન મો'જિઝો છે તેના તરફથી આંખો બંધ કરી લઈને એવું કહેવાનું શરૂ કરી દીધું કે કોઈ નિશાની કેમ નથી ઉતરી? જાણે કે મો'જિઝાઓ તેમણે જોયા જ નથી, અને કુરઆને પાકને તેઓ નિશાની ગણતા જ નથી. અલ્લાહ તઆલાએ પોતાના રસૂલને ફરમાવ્યું કે તમે કહી આપો કે ગૈબ તો અલ્લાહ માટે છે, હવે રાહ જુઓ હું પણ તમારી સાથે રાહ જોઉં છું. જવાબનો મતલબ એ છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પર કુરઆન ઉતર્યુ એ એક ઘણો જ મહાન મો'જિઝો છે. કારણ કે હુઝૂર એમનામાં જન્મ્યા, એમની વચમાં ઉછર્યા, હુઝૂરના બધા સમયો તેમની આંખો સામે વિત્યા, તેઓ સારી રીતે જાણે છે કે આપે ન કોઈ કિતાબ પુસ્તકનું વાંચન કર્યું છે ન કોઈ ઉસ્તાદના વિદ્યાર્થી બન્યા, એકાએક કુરઆન મજીદ આપના પર જાહેર થયું, અને આવી લાજવાબ ઉચ્ચ કિતાબનું આવી શાન સાથે ઉતરવું વહી વગર શક્ય જ નથી. આ એ વાતની દલીલ છે કે કુરઆને કરીમ સ્પષ્ટ મો'જિઝો છે, અને જ્યારે એવી મજબૂત દલીલ કાયમ થએલ છે તો વાત સાબિત કરવા માટે બીજી નિશાનીની માંગણી કરવી તદ્દન બિન જરૂરી છે. આવી પરિસ્થિતિમાં એવી નિશાની ઉતારવી કે ન ઉતારવી અલ્લાહ તઆલાની મરજી પર આધારિત છે, ઈચ્છે તો ઉતારે ઈચ્છે તો ન ઉતારે, તો એ ગૈબની બાબત થઈ અને એના માટે રાહ જોવાનું

અવશ્ય બન્યું કે અલ્લાહ શું કરે છે. પરંતુ તે કાફિરોની માંગેલી બિન જરૂરી નિશાની ઉતારે કે ન ઉતારે નબુવ્વત તો પુરવાર થઈ ગઈ અને રસૂલ હોવાની સાબિતી મજબૂત મો'જિઝાઓ દ્વારા સંપૂર્ણતાના શિખરે પહોંચી ચૂકી.

૧૪૭. મક્કા વાસીઓ પર અલ્લાહ તઆલાએ દુષ્કાળ નાંખ્યો જેની મુસીબતમાં તેઓ સાત વરસ સુધી સપડાયેલા રહયા એટલે સુધી કે વિનાશના આરે આવી પહોંચ્યા. પછી તેણે મહેરબાની કરી, વરસાદ થયો ધરતી લીલીછમ બની. જો કે એ તકલીફ અને રાહત બન્નેમાં અલ્લાહની નિશાનીઓ હતી, અને તકલીફ પછી રાહત મોટી નેઅમત હતી એના માટે આભાર અવશ્ય હતો. પણ એના બદલે તેમણે બોધ ગ્રહણ ન કર્યો અને ફિત્નાફસાદ તેમજ કુફ્ર પર પલ્ટી પડયા.

૧૪૮. અને તેનો અઝાબ વાર લગાડતો નથી.

૧૪૯. અને તમારી છુપી ચાલબાજીઓ તો કર્મો લખનાર ફરિશ્તાઓથી પણ છાની નથી તો અલ્લાહ ખૂબ જાણનાર અને ખબર ધરાવનારથી કેવી રીતે છુપી રહી શકે છે?

૧૫૦. અને તમને અંતર કાપવાની શક્તિ આપે છે. જમીન માર્ગે તમે પગે ચાલીને અને સવાર થઈને અંતર કાપો છો. અને દરિયામાં નાવડાંઓ અને સ્ટીમરો દ્વાર સફર કરો છો. તે તેમને સુકા અને લીલા બન્નેમાં સફરનો અસ્બાબ આપે છે.

૧૫૧. અર્થાત નાવડાંઓ.

૧૫૨. કે પવન અનુકૂળ છે, અને એકાએક.

૧૫૩. તારી નેઅમતોના. તારા પર ઈમાન લાવીને અને ખાસ તારી ઈબાદત કરીને.

૧૫૪. અને વચનભંગ કરી કુફ્ર અને ગુનાહમાં સંડોવાય છે.

૧૫૫. અને તેનો તમને બદલો આપીશું.

૧૫૬. અનાજ ફળ અને ઘાસ ચારો.

૧૫૭. ખૂબ ફૂલો અને ફળો લાગ્યાં, લીલીછમ બની ગઈ.

૧૫૮. કે ખેતી તૈયાર થઈ ગઈ, ફળો પાકી ગયાં, એવા ટાણે;

૧૫૯. અર્થાત એકાએક અમારો કોપ ઉતર્યો, વિજળી પડવાના રૂપમાં હોય કે હીમ પડવા અથવા વંટોળીઓ ચઢવાના રૂપમાં હોય.

૧૬૦. આ એવા લોકોની હાલતનું એક દ્રષ્ટાંત છે જેઓ દુનિયાના આશિક છે અને આખેરતની તેમને કંઈ પડી નથી. આમાં ખૂબ હૃદયમાં ઉતરી જાય એ રીતે સમજાવવામાં આવ્યું છે દુનિયાનું જીવન આશાઓનો લીલો બગીચો છે એમાં જીવન ખપાવીને માણસ જ્યારે તે સ્થાન પહોંચે છે જ્યાં આશા ફળવાની ખાત્રી હોય છે અને તે સફળતાના નશામાં મસ્ત હોય છે ત્યારે એકાએક તેનું મૃત્યુ આવી પહોંચે છે અને તે તમામ નેઅમતો લિજ્જતોથી વંચિત બની જાય છે. કતાદાએ કહ્યું છે કે; દુનિયાનો તલબગાર જ્યારે તદ્દન બેફિકર હોય છે ત્યારે તેના પર અલ્લાહનો કોપ ઉતરે છે અને તેનો બધો સરસામાન જેનાથી તેને આશાઓ બંધાએલી હતી તે વિનાશ પામે છે.

૧૬૧. જેથી તેઓ ફાયદો મેળવે અને તેઓ અંધકાર, શંકાઓ અને વ્હેમોથી છુટકારો પામે અને વિનાશકારી જગતના તકલાદીપણાથી વાકેફ થાય છે.

૧૬૨. દુનિયાનું તકલાદીપણું વર્ણવ્યા પછી અનંત સ્થાન પ્રતિ નિમંત્રણ આપ્યું. કતાદાએ કહ્યું કે;

وَيَوْمَ نَحْشُرُهُمْ جَمِيعًا ثُمَّ نَقُولُ لِلَّذِينَ أَشْرَكُوا مَكَانَكُمْ
أَنتُمْ وَشُرَكَاؤُكُمْ فَزَيَّلْنَا بَيْنَهُمْ وَقَالَ شُرَكَاؤُهُم مَّا
كُنتُمْ إِيَّانَا تَعْبُدُونَ ﴿٢٨﴾ فَكَفَىٰ بِاللَّهِ شَهِيدًا بَيْنَنَا
وَبَيْنَكُمْ إِن كُنَّا عَنْ عِبَادَتِكُمْ لَغَافِلِينَ ﴿٢٩﴾ هُنَالِكَ
تَبْلُو كُلُّ نَفْسٍ مَّا أَسْلَفَتْ وَرُدُّوا إِلَى اللَّهِ مَوْلَاهُمُ
الْحَقِّ وَضَلَّ عَنْهُم مَّا كَانُوا يَفْتَرُونَ ﴿٣٠﴾ قُلْ مَن
يَرْزُقُكُم مِّنَ السَّمَاءِ وَالْأَرْضِ أَمَّن يَمْلِكُ السَّمْعَ
وَالْأَبْصَارَ وَمَن يُخْرِجُ الْحَيَّ مِنَ الْمَيِّتِ وَيُخْرِجُ الْمَيِّتَ
مِنَ الْحَيِّ وَمَن يُدَبِّرُ الْأَمْرَ فَسَيَقُولُونَ اللَّهُ فَقُلْ
أَفَلَا تَتَّقُونَ ﴿٣١﴾ فَذَٰلِكُمُ اللَّهُ رَبُّكُمُ الْحَقُّ فَمَاذَا بَعْدَ
الْحَقِّ إِلَّا الضَّلَالُ فَأَنَّىٰ تُصْرَفُونَ ﴿٣٢﴾ كَذَٰلِكَ حَقَّتْ

**અને જે દિવસે અમે તે બધાને ઉઠાડીશું[૧૬૯] પછી મુશ્રિકોને કહીશું; પોતાની જગ્યાએ રહો તમે અને તમારા ભાગીદારો.[૧૭૦] તો અમે તેમને મુસલમાનોથી અલગ કરી દઈશું. અને તેમના ભાગીદાર તેમને કહેશે; તમે અમને ક્યારે પૂજતા હતા?[૧૭૧] (૨૮) તો અલ્લાહ પુરતો સાક્ષી છે તમારી અમારી વચમાં કે અમને (તો) તમારી પૂજાની ખબર પણ ન હતી (૨૯) અહીં દરેક પ્રાણ પારખી લેશે જે આગળ મોકલ્યું.[૧૭૨] અને અલ્લાહ પ્રતિ પરત કરવામાં આવશે જે તેમનો સાચો માલિક છે. અને તેમની બધી બનાવટો[૧૭૩] તેમની પાસેથી ખોવાઈ જશે[૧૭૪] (૩૦) તમે ફરમાવો; ''તમને રોજી કોણ આપે છે આકાશ અને ધરતીમાંથી?[૧૭૫] અથવા કોણ માલિક છે કાન અને આંખોનો?[૧૭૬] અને જીવંતને મૃતમાંથી કોણ કાઢે છે? અને મૃતમાંથી જીવંતને કાઢે છે[૧૭૭] અને બધા કાર્યોની તદબીર કોણ કરે છે?'' ત્યારે હવે કહેશે કે; 'અલ્લાહ'[૧૭૮] તો તમે ફરમાવો (તો પછી) 'ડરતા કેમ નથી'[૧૭૯] તો એ અલ્લાહ છે તમારો સાચો રબ[૧૮૦] તો સત્ય પછી શું છે પણ ગુમરાહી.[૧૮૧] તો ક્યાં રખડી મરો છો? (૩૨) એવી**

'દારૂસ્સલામ' જન્નત (નું નામ) છે. અલ્લાહની એ મહાન કૃપા છે કે પોતાના બન્દાને જન્નતનું નિમંત્રણ આપ્યું.

૧૬૩. સીધો માર્ગ ઈસ્લામ ધર્મ છે. બુખારીની હદીષમાં છે; નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં ફરિશ્તાઓ આવ્યા. આપ આરામમાં હતા. તેમાંથી અમુક બોલ્યા; આપ આરામમાં છે. અમુક બોલ્યા; આંખો આરામમાં છે દિલ જાગે છે. અમુક કહેવા લાગ્યા કે; એમનુ કોઈ દ્રષ્ટાંત કહો, ત્યારે તેઓ બોલ્યા; તેવી રીતે કે કોઈ માણસે એક ઘર બનાવ્યું, અને તેમાં જાત જાતની નેઅમતો તૈયાર કરી અને એક બોલાવનારને મોકલ્યો કે લોકોને બોલાવી લાવે. જેણે તે બોલાવનારનું કહેવું માન્યું તે પેલા મકાનમાં પ્રવેશ્યો અને પેલી નેઅમતો ખાધી પીધી. અને જેણે બોલાવનારનું કહેવું માન્યું નહિ તો ન તો મકાનમાં પ્રવેશી શક્યો ન કંઈ ખાઈ શક્યો, પછી તેઓ કહેવા લાગ્યા કે આ દ્રષ્ટાંતને બંધબેસ્તુ કરો જેથી સમજમાં આવે. બોલ્યા; મકાન જન્નત છે, બોલાવનાર મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) છે, જેણે આપનું કહેવું માન્યું તેણે અલ્લાહનું કહેવું માન્યું, જેણે આપની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું, તેણે અલ્લાહનું કહયું ન માન્યું.

૧૬૪. ભલાઈવાળાઓનું અર્થ ઘટન અલ્લાહના આજ્ઞાંકિત મો'મિન બન્દાઓ છે. અને જે ફરમાવ્યું કે તેમના માટે ભલાઈ છે તો એ ભલાઈ એટલે જન્નત. અને એનાથી વધારે એટલે અલ્લાહનો દીદાર.

મુસ્લિમ શરીફની હદીષમાં છે કે જન્નતીઓના જન્નતમાં પ્રવેશ પછી અલ્લાહ તઆલા ફરમાવશે; 'શું તમે ઈચ્છો છો કો તમારા પર હજુ વધારે કૃપા કરૂં?' તેઓ કહેશે; 'અય રબ! શું તેં અમારા મોઢાં ઉજડાં નથી કર્યાં? શું તેં અમને જન્નતમાં દાખલ નથી કર્યા? શું તેં અમને દોઝખથી છુટકારો નથી આપ્યો?' હુઝૂરે ફરમાવ્યું; પછી પરદો ઉઘાડી લેવામાં આવશે તે અલ્લાહનો દીદાર દરેક નેઅમતથી વધારે વહાલો જણાશે.

كلمت ربك على الذين فسقوا انهم لا يؤمنون (٣٣)
قل هل من شركائكم من يبدؤا الخلق ثم يعيده
قل الله يبدؤا الخلق ثم يعيده فانى تؤفكون (٣٤) قل
هل من شركائكم من يهدى الى الحق قل الله
يهدى للحق افمن يهدى الى الحق احق ان يتبع
امن لا يهدى الا ان يهدى فما لكم كيف
تحكمون (٣٥) وما يتبع اكثرهم الا ظنا ان الظن لا
يغنى من الحق شيئا ان الله عليم بما يفعلون (٣٦)
وما كان هذا القران ان يفترى من دون الله
ولكن تصديق الذى بين يديه وتفصيل
الكتب لا ريب فيه من رب العلمين (٣٧) ام يقولون

રીતે જ તારા રબની વાત પુરવાર થઈ ચૂકી કે ફાસિકો પર.[૧૬૨] તો તેઓ ઈમાન નહિ લાવે (૩૩) તમે ફરમાવો; 'તમારા ભાગીદારોમાં[૧૬૩] કોઈ એવો છે કે પ્રથમ બનાવે પછી નાશ પછી બીજીવાર બનાવે?'[૧૬૪] તમે ફરમાવો; 'અલ્લાહ પ્રથમ બનાવે છે ફરી નાશ પછી બીજીવાર બનાવશે, તો ક્યાં ઊંધા મરો છો?'[૧૬૫] (૩૪) તમે ફરમાવો; 'તમારા ભાગીદારોમાં કોઈ એવો છે જે સીધો રસ્તો દેખાડે?[૧૬૬] તમે ફરમાવો કે; અલ્લાહ સત્ય માર્ગ દેખાડે છે' તો શું જે સત્ય માર્ગ દેખાડે તેના રસ્તે ચાલવું જોઈએ અથવા તેના (રસ્તે) જે પોતે જ માર્ગ ન પામે જ્યાં સુધી કે (તેને) માર્ગ દેખાડવામાં આવે નહિ.[૧૬૭] તો તમને શું થયું કેવો હુકમ લગાડો છો (૩૫) અને તેમનામાં વધુ પડતા તો માત્ર અટકળને અનુસરે છે.[૧૬૮] બેશક! અટકળ સત્યની ગરજ સારતું નથી. બેશક! અલ્લાહ તેમના કામોને જાણે છે (૩૬) અને આ કુરઆનની શાન એવી નથી કે કોઈ પોતાના તરફથી બનાવી કાઢે અલ્લાહના ઉતાર્યા વગર.[૧૬૯] હાં! તે આગળની કિતાબોની સત્યતા છે.[૧૭૦] અને 'લોહ' માં જે કંઈ લખ્યું છે તેની વિગત છે. એમાં કોઈ શંકા નથી પરવરદિગારે આલમ તરફથી (૩૭) શું એવું કહે છે કે;[૧૭૧] તેમણે એને ઉપજાવી કાઢ્યું

સિહાહની ઘણી હદીષો એ સાબિત કરે છે કે આયતમાં 'વધારા' નો મતલબ અલ્લાહનો દીદાર છે.

૧૬૫. કારણ કે એ વસ્તુ તો જહન્નમવાળાઓ માટે છે.

૧૬૬. અર્થાત કુફ્ર અને ગુનાહોમાં સપડાયા.

૧૬૭. એવું નહિ કે નેકીઓનો બદલો જે રીતે દશ ગણો કે સાતસો ગણો આપવામાં આવે છે એવી રીતે બુરાઈઓનો અઝાબ પણ વધારી દેવામાં આવશે, બલ્કે જેટલી બદી હશે તેટલો જ અઝાબ થશે.

૧૬૮. આ હાલત તેમના અપમાનની હશે. અલ્લાહની પનાહ.

૧૬૯. અને બધી મખ્લૂકને હિસાબ સ્થાને એકઠી કરીશું.

૧૭૦. એટલે કે તે મૂર્તિઓ જેમને તમે પૂજતા હતા.

૧૭૧. કયામતના દિવસે અમુક સમય એટલી સખ્તીનો હશે કે મૂર્તિઓ પોતાને પૂજનારાઓની પૂજાનો ઈન્કાર કરી દેશે અને અલ્લાહની કસમ ખાઈને કહેશે કે; અમે ન તો દેખતા હતા, ન અમે સાંભળતા હતા કે તમે અમને પૂજો છો, ત્યારે મૂર્તિપૂજકો કહેશે કે; અલ્લાહની કસમ! અમે તમને જ પૂજતા હતા, ત્યારે મૂર્તિઓ કહેશે;

૧૭૨. અર્થાત આ સ્થાને બધાને જાણ થઈ જશે કે તેમણે પહેલાં જે કર્મો કર્યાં હતાં તે કેવાં હતાં સારાં કે નરસાં ફાયદાકારક કે નુકશાનકારક.

૧૭૩. મૂર્તિઓને અલ્લાહની ભાગીદાર કહેવી અને ઈબાદત કરવા યોગ્ય ઠેરવવી.

૧૭૪. અને અસત્ય તેમજ તથ્યહિન પુરવાર થશે.

اِفْتَرٰىهُ ۭ قُلْ فَاْتُوْا بِسُوْرَةٍ مِّثْلِهٖ وَادْعُوْا مَنِ اسْتَطَعْتُمْ
مِّنْ دُوْنِ اللّٰهِ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ۝٣٨ بَلْ كَذَّبُوْا
بِمَا لَمْ يُحِيْطُوْا بِعِلْمِهٖ وَلَمَّا يَاْتِهِمْ تَاْوِيْلُهٗ ۭ كَذٰلِكَ
كَذَّبَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ فَانْظُرْ كَيْفَ كَانَ عَاقِبَةُ
الظّٰلِمِيْنَ ۝٣٩ وَمِنْهُمْ مَّنْ يُّؤْمِنُ بِهٖ وَمِنْهُمْ مَّنْ لَّا
يُؤْمِنُ بِهٖ ۭ وَرَبُّكَ اَعْلَمُ بِالْمُفْسِدِيْنَ ۝٤٠ وَاِنْ كَذَّبُوْكَ
فَقُلْ لِّيْ عَمَلِيْ وَلَكُمْ عَمَلُكُمْ ۚ اَنْتُمْ بَرِيْۗـــُٔوْنَ مِمَّآ
اَعْمَلُ وَاَنَا بَرِيْۗءٌ مِّمَّا تَعْمَلُوْنَ ۝٤١ وَمِنْهُمْ مَّنْ يَّسْتَمِعُوْنَ
اِلَيْكَ ۭ اَفَاَنْتَ تُسْمِعُ الصُّمَّ وَلَوْ كَانُوْا لَا يَعْقِلُوْنَ ۝٤٢
وَمِنْهُمْ مَّنْ يَّنْظُرُ اِلَيْكَ ۭ اَفَاَنْتَ تَهْدِي الْعُمْيَ وَلَوْ كَانُوْا
لَا يُبْصِرُوْنَ ۝٤٣ اِنَّ اللّٰهَ لَا يَظْلِمُ النَّاسَ شَيْــــًٔا وَّلٰكِنَّ

**છે. તમે ફરમાવો;[૧૯૨] તો એના જેવી એક સૂરત લઈ આવો, અને અલ્લાહને બાદ કરીને જે (કોઈ) મળી શકે (તે) બધાંને બોલાવી લાવો,[૧૯૩] જો તમે સાચા હોવ તો (૩૮) બલ્કે જેના ઈલ્મ પર કાબૂ ન મળ્યું તેને જૂઠાડયું. અને હજુ તેમણે એનું પરિણામ જોયું નથી.[૧૯૪] આવી જ રીતે તેમના આગલાઓએ જૂઠાડયું હતું.[૧૯૫] તો જુઓ જુલ્મીઓનું પરિણામ કેવું આવ્યું?[૧૯૬] (૩૯) અને તેમનામાં કોઈ[૧૯૭] તેના પર[૧૯૮] ઈમાન લાવે છે અને કોઈ તેના પર ઈમાન નથી લાવતું. અને તમારો રબ ફસાદખોરોને ખૂબ જાણે છે[૧૯૯] (૪૦) અને જો તેઓ તમને જૂઠાડે[૨૦૦] તો કહી દો; મારા માટે મારી કરણી અને તમારા માટે તમારી કરણી.[૨૦૧] તમારે મારા કામ સાથે સંબંધ નથી અને મને તમારા કાર્યો સાથે લાગતું વળગતું નથી[૨૦૨] (૪૧) અને તેમનામાં અમુક તે છે જે તમારી તરફ કાન લગાડે છે.[૨૦૩] તો શું તમે બહેરાઓને સંભળાવી દેશો? તેમનામાં બુદ્ધિ ન હોય તો પણ[૨૦૪] (૪૨) બેશક! અલ્લાહ લોકો પર કશું જુલ્મ કરતો નથી.[૨૦૫] હા! લોકો જ**

૧૭૫. આકાશમાંથી વરસાદ વરસાવીને અને ધરતીમાંથી લીલોતરી ઉગાડીને.

૧૭૬. અને એ અવયવો તમને કોણે આપ્યાં છે? આ ચકિત કરનારી વસ્તુઓ તમને કોણે આપી છે? કોણ એને લાંબા સમય સુધી જાળવી રાખે છે?

૧૭૭. માનવીને વિર્યમાંથી અને વિર્યને માનવીમાંથી. પક્ષીને ઈંડામાંથી અને ઈંડાને પક્ષીમાંથી. મો'મિનને કાફિરોમાંથી અને કાફિરને મો'મિનમાંથી. આલિમને જાહિલમાંથી અને જાહિલને આલિમમાંથી.

૧૭૮. અને તેની સંપૂર્ણ શક્તિનો સ્વીકાર કરશે. અને એ સિવાય બીજો ઉપાય નહિ હોય.

૧૭૯. તેના અઝાબથી. અને શા માટે મૂર્તિઓને પૂજો છો અને તેમને મઅબૂદ બનાવો છો? તેઓ કશી તાકત ધરાવતા નથી તો પણ.

૧૮૦. જેની આવી સંપૂર્ણ તાકાત છે.

૧૮૧. અર્થાત જ્યારે આવી સ્પષ્ટ દલીલો અને ચોક્કસ પુરાવાઓથી પુરવાર થઈ ગયું કે ઈબાદતને લાયક માત્ર અલ્લાહ છે તો તેના સિવાય બધા અસત્ય અને ગુમરાહી છે. અને જ્યારે તમે તેની કુદરતને ઓળખી લીધી અને તેની કાર્યશક્તિનો સ્વીકાર કરી લીધો તો પછી.

૧૮૨. જેઓ કુફ્રમાં પાકા રંગાઈ ગયા. અને રબની વાતનો અર્થ અલ્લાહનો ફેંસલો છે, અથવા અલ્લાહનું ફરમાન લઅમ્લઉન્ન જહન્નમ.... (હું તે બધાથી જહન્નમને ભરી દઈશ) મુરાદ છે.

૧૮૩. જેમને અય મુશ્રિકો તમે ઈબાદત કરવા લાયક ઠેરવો છો.

૧૮૪. એનો જવાબ તો સ્પષ્ટ જ છે કે એવો કોઈ નથી. કારણ કે મુશ્રિકો પણ જાણે છે કે સર્જનહાર

અલ્લાહ જ છે. માટે અય મુસ્તફા! સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ;.......

૧૮૫. અને આવી સ્પષ્ટ દલીલો કાયમ થયા પછી સીધા માર્ગથી મોઢું ફેરવી નાસો છો.

૧૮૬. પુરાવાઓ અને દલીલો કાયમ કરીને, રસૂલ મોકલીને કિતાબો ઉતારીને, લાયક લોકોને બુદ્ધિ અને દિર્ઘદ્રષ્ટિ આપીને એનો ખુલ્લો જવાબ એ છે કે 'કોઈ નથી' તો અય હબીબ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ;

૧૮૭. જેવી કે તમારી મૂર્તિઓ છે કે કોઈ પણ જગ્યાએ જઈ શકતી નથી જ્યાં સુધી કે કોઈ તેમને ઉપાડીને લઈ જનારૂ હોય નહિ. અને ન તો કોઈ વસ્તુની હકીકતને સમજે અને સત્યમાર્ગને ઓળખે જ્યાં સુધી કે અલ્લાહ તેમને જીવન, બુદ્ધિ અને સમજદારી ન આપે. તો જ્યારે તેમની લાચારીની આવી પરિસ્થિતિ છે તો તેઓ બીજાઓને શું માર્ગદર્શન આપવાની હતી. એવાઓને ઈબાદત લાયક ઠેરવવા, તેમનું તાબેદાર બનવું કેટલું તથ્યહિન અને બેહુદુ છે.

૧૮૮. અર્થાત મુશ્રિકો, જેની કોઈ દલીલ તેમની પાસે નથી, ન તેની ચોક્કસતા વિષે પાકી ખાત્રી છે. શંકામાં પડયા છે અને એવી અટકળ કરે છે કે પહેલાંના લોકો પણ મૂર્તિપૂજા કરતા હતા તેઓ કંઈક તો સમજ્યા હશે.

૧૮૯. મક્કાના કાફિરોને એવો વહમ હતો કે કુરઆન શરીફ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે જાતે બનાવી કાઢયું છે. આ આયતમાં તેમના એ વહેમનો રદીયો આપવામાં આવ્યો. અને કહેવામાં આવ્યું કે કુરઆન મજીદ શંકા કરી શકાય એવી કિતાબ જ નથી, એના જેવું બીજુ કલામ બનાવવાથી સમગ્ર મખ્લૂક અશક્ત છે. તો જરૂર તે અલ્લાહની ઉતારેલી કિતાબ છે.

૧૯૦. તવરાત અને ઈન્જીલ વિગેરેની.

૧૯૧. કાફિરો હુઝૂર વિષયે;

૧૯૨. જો તમારો ખ્યાલ એવો હોય તો તમે પણ અરબ છો, શુધ્ધ ભાષા અને દોષ રહિત બોલીના દાવેદાર છો, દુનિયાનો કોઈ માણસ એવો નથી કે જેના કલામના મુકાબલામાં કલામ બનાવવાને તમે અશક્ત સમજતા હોય. જો તમારી માન્યતામાં આ મનુષ્યનું કલામ હોય;

૧૯૩. અને તેમની સહાય લો અને બધા મળીને કુરઆન જેવી એક સૂરત તો બનાવી લાવો.

૧૯૪. અર્થાત કુરઆન મજીદને જાણ્યા સમજ્યા વગર તેમણે એને જૂઠાડયું. અને કોઈ વસ્તુને તેને જાણ્યા વગર ઈન્કાર કરવો એ જહાલતની પરિપૂર્ણતા છે. બુદ્ધિ અને સમજદારીના દાવેદાર લોકો જેને સંપૂર્ણ રીતે સમજી શકે નહિ તેવી વિદ્યાઓ અને ઈલ્મ કુરઆનમાં સામેલ હોવું તે એ કિતાબની મહાનતા અને ઉચ્ચતા જાહેર કરે છે. તો આવા ઉચ્ચ ઈલ્મોવાળી કિતાબને માની લેવી જોઈતી હતી, નહિ કે તેનો ઈન્કાર કરવો જોઈતો હતો. (અને આ ઈન્કારના પરિણામ રૂપે તે અઝાબ) જેનો વાયદો કુરઆનમાં છે તે હજુ તેમણે જોયો નથી.

૧૯૫. અદેખાઈના કારણે. પોતાના રસૂલોના મો'જિઝાઓ અને નિશાનીઓ દેખીને તેના પર વિચાર કરવાને બદલે.

૧૯૬. અને પહેલાંની ઉમ્મતો પોતાના નબીઓને જૂઠાડી કેવા કેવા અઝાબમાં સપડાઈ. માટે અય નબીઓના સરદાર! (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) આપેને જૂઠાડનારાઓએ ડરવું જોઈએ.

૧૯૭. મક્કાવાસીઓ.

النَّاسَ أَنفُسَهُمْ يَظْلِمُونَ ﴿٤٤﴾ وَيَوْمَ يَحْشُرُهُمْ كَأَن لَّمْ
يَلْبَثُوا إِلَّا سَاعَةً مِّنَ النَّهَارِ يَتَعَارَفُونَ بَيْنَهُمْ قَدْ
خَسِرَ الَّذِينَ كَذَّبُوا بِلِقَاءِ اللَّهِ وَمَا كَانُوا مُهْتَدِينَ ﴿٤٥﴾
وَإِمَّا نُرِيَنَّكَ بَعْضَ الَّذِي نَعِدُهُمْ أَوْ نَتَوَفَّيَنَّكَ فَإِلَيْنَا
مَرْجِعُهُمْ ثُمَّ اللَّهُ شَهِيدٌ عَلَىٰ مَا يَفْعَلُونَ ﴿٤٦﴾ وَلِكُلِّ
أُمَّةٍ رَّسُولٌ فَإِذَا جَاءَ رَسُولُهُمْ قُضِيَ بَيْنَهُم بِالْقِسْطِ
وَهُمْ لَا يُظْلَمُونَ ﴿٤٧﴾ وَيَقُولُونَ مَتَىٰ هَٰذَا الْوَعْدُ إِن كُنتُمْ
صَادِقِينَ ﴿٤٨﴾ قُل لَّا أَمْلِكُ لِنَفْسِي ضَرًّا وَلَا نَفْعًا إِلَّا
مَا شَاءَ اللَّهُ لِكُلِّ أُمَّةٍ أَجَلٌ إِذَا جَاءَ أَجَلُهُمْ فَلَا يَسْتَأْخِرُونَ
سَاعَةً وَلَا يَسْتَقْدِمُونَ ﴿٤٩﴾ قُلْ أَرَأَيْتُمْ إِنْ أَتَاكُمْ
عَذَابُهُ بَيَاتًا أَوْ نَهَارًا مَّاذَا يَسْتَعْجِلُ مِنْهُ الْمُجْرِمُونَ ﴿٥٠﴾

**પોતાના પ્રાણો પર જુલ્મ કરે છે[૨૦૬] (૪૪) અને જે દિવસે તેમને ઉઠાડશે,[૨૦૭] જાણે કે દુનિયામાં રહયા જ ન હતા પરંતુ તે દિવસની એક પળ.[૨૦૮] અંદર અંદર ઓળખાણ કાઢશે[૨૦૯] કે પુરી ખોટમાં રહયા તેઓ જેમણે અલ્લાહની મુલાકાતને જૂઠાડયું અને સીધા માર્ગે ન હતા[૨૧૦] (૪૫) અને જો અમે તમને તેમને જે વાયદો કરીએ છીએ તેમાંથી કંઈક[૨૧૧] દેખાડી દઈએ.[૨૧૨] અથવા તમને પહેલાં જ પોતાની પાસે બોલાવી લઈએ.[૨૧૩] ગમે તેમ તેમને અમારી તરફ પલટીને આવવાનું છે. પછી અલ્લાહ સાક્ષી છે[૨૧૪] તેમના કામો પર (૪૬) અને દરેક ઉમ્મતમાં એક રસૂલ થયા[૨૧૫] જ્યારે તેમના રસૂલ તેમની પાસે આવતા[૨૧૬] તેમના પર ન્યાયથી ફેંસલો કરી દેવામાં આવતો.[૨૧૭] અને તેમના પર જુલ્મ ન થતો (૪૭) અને કહે છે; 'જો તમે સાચા હોવ[૨૧૮] તો તે વાયદો ક્યારે આવશે? (૪૮) તમે કહી દો; 'હું મારા પ્રાણના સારા નરસાનો (સ્વયં) અધિકાર ધરાવતો નથી પરંતુ જે અલ્લાહ ઈચ્છે,[૨૧૯] દરેક વર્ગનો. એક વાયદો છે[૨૨૦] જ્યારે તેમનો વાયદો આવશે ત્યારે એક પળ ન પાછળ હટે ન આગળ વધે (૪૯) તમે કહી દો; જાણે કહો તો ખરા જો તેનો અઝાબ[૨૨૧] તમારા પર રાત્રે આવે[૨૨૨] અથવા દિવસે[૨૨૩] તો તેમાં એવી કઈ વસ્તુ છે જેની ગુનેહગારોને ઉતાવળ છે?' (૫૦)**

૧૯૮. નબી સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પર યા કુરઆન મજીદ પર.

૧૯૯. જેઓ અદેખાઈના કારણે ઈમાન લાવતા નથી અને કુફ્ર પર અડયા રહે છે.

૨૦૦. અય મુસ્તફા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ! અને તેમની માર્ગ પર આવવાની તેમજ સત્ય અને હિદાયત સ્વીકારવાની આશા ભાંગી પડે.

૨૦૧. દરેક પોતાના કર્મોનો બદલો પામશે.

૨૦૨. એકના કર્મોના બદલ બીજાની પકડ નહિ થાય. જેને પકડવામાં આવશે તેને તેના પોતાના કાર્યો બદલ પકડવામાં આવશે, આવું ધમકી રૂપે કહેવાયું છે, કે તમે નસીહત માનતા નથી અને હિદાયત સ્વીકારતા નથી તો તેમનો વબાલ તમારા પોતાના પર જ છે. કોઈ બીજાનું એમાં નુકશાન નથી.

૨૦૩. આપની પાસેથી કુરઆને પાક અને દીનના હુકમો સાંભળે છે પણ અદેખાઈ અને દુશ્મનીના લીધે હૃદયમાં સ્થાન આપતા નથી અને સ્વીકાર કરતા નથી. તો એ સાંભળવું બેકાર છે અને તેઓ માર્ગ દર્શનથી ફાયદો ન મેળવવાના કારણે બહેરાઓ જેવા છે.

૨૦૪. તેઓ ન સમજદારીથી કામ લે ન બુદ્ધિથી.

૨૦૫. બલ્કે તમને હિદાયત અને માર્ગ પામવાનાં બધા સાધનો આપે છે અને સ્પષ્ટ દલીલો કાયમ કરે છે.

૨૦૬. કે તે દલીલોમાં વિચાર કરતા નથી અને સત્ય સ્પષ્ટ થઈ ગયા પછી પોતે જ ખોટા માર્ગમાં સપડાએલા રહે છે.

૨૦૭. કબ્રોમાંથી હિસાબ સ્થાને હાજર કરવા માટે. ત્યારે તે દિવસની હેબત અને બ્હીકથી હાલત

تو શું જ્યારે[૨૨૪] આવી પડશે તે સમયે તેનું યકીન કરશો ?[૨૨૫] શું હવે માનો છો ? પહેલાં તો[૨૨૬] એની ઉતાવળ કરી રહયા હતા (૫૧) પછી કહેવામાં આવશે જુલ્મીઓને (કે) કાયમનો અઝાબ ચાખો. તમને તમારી કમાઈ સિવાયનો બીજો કશો બદલો નહિ મળે[૨૨૭] (૫૨) અને તમને પુછે છે કે; 'શું તે[૨૨૮] સત્ય છે ?' તમે ફરમાવો; 'હા ! મારા રબની કસમ, બેશક ! તે અવશ્ય સત્ય છે' અને તમે કંઈ જ થકવી નહિ શકો[૨૨૯] (૫૩) અને પ્રત્યેક જાલિમ પ્રાણ જે કંઈ ધરતીમાં છે[૨૩૦] (તે) બધાનો માલિક હોત (તો) જરૂર પોતાના પ્રાણ છોડાવવા માટે (તે બધુ) આપી દેત.[૨૩૧] અને જ્યારે અઝાબ જોયો ત્યારે છાના છાના પસ્તાયા. અને તેમનામાં ન્યાયી ફેંસલો કરી આપવામાં આવ્યો અને તેમના પર જુલ્મ નહિ થાય (૫૪) સાંભળી લો જે કંઈ આકાશો અને ધરતીમાં છે[૨૩૨] (તે બધુ) અલ્લાહનું જ છે. સાંભળી લો બેશક ! અલ્લાહનો વાયદો સાચો છે પરંતુ તેમાંના ઘણાઓને ખબર નથી (૫૫) તે જીવાડે અને મારે છે અને તેના તરફ જ ફરશો (૫૬) અય લોકો ! તમારી તરફ તમારા રબ તરફથી નસીહત આવી[૨૩૩] અને હૃદયોનું આરોગ્ય અને માર્ગદર્શન તેમજ મહેરબાની ઈમાનવાળાઓ માટે (૫૭)

يعتذرون ١١ يونس ١٠

أَثُمَّ إِذَا مَا وَقَعَ آمَنتُم بِهِ آلْآنَ وَقَدْ كُنتُم بِهِ تَسْتَعْجِلُونَ ﴿٥١﴾
ثُمَّ قِيلَ لِلَّذِينَ ظَلَمُوا ذُوقُوا عَذَابَ الْخُلْدِ هَلْ تُجْزَوْنَ
إِلَّا بِمَا كُنتُمْ تَكْسِبُونَ ﴿٥٢﴾ وَيَسْتَنبِئُونَكَ أَحَقٌّ هُوَ قُلْ
إِي وَرَبِّي إِنَّهُ لَحَقٌّ وَمَا أَنتُم بِمُعْجِزِينَ ﴿٥٣﴾ وَلَوْ أَنَّ
لِكُلِّ نَفْسٍ ظَلَمَتْ مَا فِي الْأَرْضِ لَافْتَدَتْ بِهِ وَأَسَرُّوا
النَّدَامَةَ لَمَّا رَأَوُا الْعَذَابَ وَقُضِيَ بَيْنَهُم بِالْقِسْطِ
وَهُمْ لَا يُظْلَمُونَ ﴿٥٤﴾ أَلَا إِنَّ لِلَّهِ مَا فِي السَّمَاوَاتِ
وَالْأَرْضِ أَلَا إِنَّ وَعْدَ اللَّهِ حَقٌّ وَلَٰكِنَّ أَكْثَرَهُمْ لَا
يَعْلَمُونَ ﴿٥٥﴾ هُوَ يُحْيِي وَيُمِيتُ وَإِلَيْهِ تُرْجَعُونَ ﴿٥٦﴾
يَا أَيُّهَا النَّاسُ قَدْ جَاءَتْكُم مَّوْعِظَةٌ مِّن رَّبِّكُمْ وَشِفَاءٌ
لِّمَا فِي الصُّدُورِ وَهُدًى وَرَحْمَةٌ لِّلْمُؤْمِنِينَ ﴿٥٧﴾

એવી થશે કે તેઓ દુનિયામાં રહેવાની મુદ્દતને ઘણી જ ટૂંકી સમજશે અને એવો ખ્યાલ કરશે કે......

૨૦૮. અને તેનું કારણ એ છે કે કાફિરોએ દુનિયા ભેગી કરવામાં ઉમરો ખર્ચી કાઢી અને અલ્લાહની આજ્ઞાનું પાલન કર્યું નહિ જે આજે ઉપયોગી થાત, તેથી તેમની ઉમરોનો સમય તેમને ખપ લાગ્યો નહિ એટલા માટે તેઓ એને ખૂબજ ટૂંકી ગણાશે.

૨૦૯. કબ્રોમાંથી નીકળતી વખતે, ત્યારે એકબીજાને ઓળખશે જેમ કે દુનિયામાં ઓળખતા હતા. પછી કયામતના દિવસની દહેશત અને ભયાનક હેવાલ દેખીને એ ઓળખાણ બાકી રહેશે નહિ. અને એક કથન એવું છે કે કયામતના દિવસે પળે પળે પરિસ્થિતી બદલાશે, કદી એવી પરિસ્થિતી હશે કે એક બીજાને ઓળખશે કદી એવી કે નહિ ઓળખે, અને જ્યારે ઓળખશે ત્યારે કહેશે;

૨૧૦. જે તેમને ખોટમાંથી બચાવત.

૨૧૧. અઝાબ.

૨૧૨. દુનિયામાં જ આપના જીવન દરમ્યાન જ તો તે જુઓ;

૨૧૩. તો આખેરતમાં આપને તેમનો અઝાબ દેખાડીશું. આ આયતથી સાબિત થયું કે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને કાફિરોના ઘણા અઝાબ અને તેમના અપમાન આપના દુનિયવી જીવન દરમ્યાન જ આપને દેખાડશે. જેમકે બદ્ર વિગેરેમાં દેખાડવામાં આવ્યું, અને જે અઝાબ કાફિરો માટે તેમના કુફ્ર અને જૂઠાડવાના કારણે આખેરતમાં નક્કી કરાયો છે તે આખેરતમાં દેખાડશે.

૨૧૪. જાણકાર છે, અઝાબ આપનાર છે.

૨૧૫. જે તેમને સત્ય ધર્મ તરફ બોલાવતા તેમજ આજ્ઞાપાલન અને ઈમાનનો આદેશ આપતા.

૨૧૬. અને ખુદાઈ આદેશો પહોંચાડતા, તો અમુક લોકો ઈમાન લાવતા અને અમુક લોકો જૂઠાડતા અને મુન્કિર બનતા.

૨૧૭. કે રસૂલને અને તેમના પર ઈમાન લાવનારાઓને છુટકારો આપવામાં આવતો અને જૂઠાડનારાઓને અઝાબ દ્વારા નાશ કરી નાખવામાં આવતો. આયતની તફસીરમાં બીજું કથન એ છે કે એમાં આખેરતનું બયાન છે અને મતલબ એ છે કે કયામતના દિવસે દરેક ઉમ્મત માટે એક રસૂલ હશે જેમની તરફ એ ઉમ્મત સંબંધિત કરવામાં આવશે. જ્યારે તે રસૂલ હિસાબ સ્થાને આવશે અને તે મો'મિન અને કાફિર માટે સાક્ષી આપશે ત્યારે તેમની વચમાં ફેંસલો કરવામાં આવશે. મો'મિનોનો છુટકારો થશે અને કાફિરો અઝાબમાં પકડાશે.

૨૧૮. **શાને નુઝૂલ** :- જ્યારે ઈમ્મા નુરિયન્નક વાળી આયતમાં અઝાબની ખબર આપવામાં આવી ત્યારે કાફિરોએ બંડખોરી કરતાં કહ્યું; 'અય મુહમ્મદ ! (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) જે અઝાબનો તમે વાયદો કરી રહયા છો તે ક્યારે આવશે ? એમાં કેટલી વાર છે ? તે અઝાબને વહેલો લાવો' ત્યારે આ આયત ઉતરી.

૨૧૯. અર્થાત શત્રુઓ પર કોપ ઉતારવો અને મિત્રોની મદદ કરવી અને તેમને વિજય આપવો એ બધું અલ્લાહની મરજી પર આધારિત છે. અને અલ્લાહની મરજીમાં;

૨૨૦. તેમના વિનાશ અને અઝાબનો સમય નક્કી કરેલો છે, લવહે મહફૂઝમાં લખેલો છે.

૨૨૧. જેની તમે ઉતાવળ કરો છો.

૨૨૨. જ્યારે તમે બેખબર બની સૂઈ રહયા હોય.

૨૨૩. જ્યારે તમે રોજી રોજગારના કામોમાં રોકાએલા હોય.

૨૨૪. તે અઝાબ તમારા પર;

૨૨૫. તે સમયનું યકીન કશું લાભ નહિ આપે અને કહેવામાં આવશે.

૨૨૬. જૂઠાડવા અને મજાક રૂપે.

૨૨૭. અર્થાત દુનિયામાં જે કાર્યો કરતા હતા, અને નબીઓને જૂઠાડવા તેમજ કુફ્રમાં રચ્યા પચ્યા રહેતા હતા તેનો જ બદલો.

૨૨૮. તમારૂં નબી તરીકે થવું અને અઝાબ જેના ઉતરવાની તમે અમને ખબર આપી.

૨૨૯. અને તે અઝાબ તમારા પર અવશ્ય આવશે.

૨૩૦. માલ દોલત ખજાનો, ધરતીમાં દટાએલું ધન.

૨૩૧. અને કયામતના દિવસે તેને પોતાના છુટકારા માટે વળતરમાં આપી દેત પરંતુ એ વળતર હવે સ્વીકાર્ય નથી અને સમસ્ત જગતની દોલત ખર્ચીને પણ હવે છુટકારો શક્ય નથી. જ્યારે કયામતમાં આવું દ્રશ્ય દેખાયું અને કાફિરોની આશાઓ તૂટી ગઈ.

૨૩૨. તો કાફિર કોઈ વસ્તુના માલિક છે જ નહિ બલ્કે તે પોતે પણ અલ્લાહની માલિકીમાં છે તેનું વળતર આપવું શક્ય જ નથી.

૨૩૩. આ આયતમાં કુરઆન શરીફ ઉતરવાનું તેમજ તેના નસીહત આરોગ્ય માર્ગદર્શન અને મહેરબાની હોવાનું વર્ણન છે, કે આ કિતાબ એવા મહાન ફાયદાઓને સામેલ છે. નસીહત (મવએઝત) નો અર્થ છે તે

يعتذرون ١١ يونس ١٠

قُلْ بِفَضْلِ اللّٰهِ وَبِرَحْمَتِهٖ فَبِذٰلِكَ فَلْيَفْرَحُوْا هُوَ
خَيْرٌ مِّمَّا يَجْمَعُوْنَ (٥٨) قُلْ اَرَءَيْتُمْ مَّآ اَنْزَلَ اللّٰهُ لَكُمْ
مِّنْ رِّزْقٍ فَجَعَلْتُمْ مِّنْهُ حَرَامًا وَّحَلٰلًا قُلْ آٰللّٰهُ
اَذِنَ لَكُمْ اَمْ عَلَى اللّٰهِ تَفْتَرُوْنَ (٥٩) وَمَا ظَنُّ الَّذِيْنَ
يَفْتَرُوْنَ عَلَى اللّٰهِ الْكَذِبَ يَوْمَ الْقِيٰمَةِ اِنَّ
اللّٰهَ لَذُوْ فَضْلٍ عَلَى النَّاسِ وَلٰكِنَّ اَكْثَرَهُمْ لَا
يَشْكُرُوْنَ (٦٠) وَمَا تَكُوْنُ فِيْ شَاْنٍ وَّمَا تَتْلُوْا مِنْهُ
مِنْ قُرْاٰنٍ وَّلَا تَعْمَلُوْنَ مِنْ عَمَلٍ اِلَّا كُنَّا عَلَيْكُمْ
شُهُوْدًا اِذْ تُفِيْضُوْنَ فِيْهِ وَمَا يَعْزُبُ عَنْ رَّبِّكَ
مِنْ مِّثْقَالِ ذَرَّةٍ فِي الْاَرْضِ وَلَا فِي السَّمَآءِ وَلَآ
اَصْغَرَ مِنْ ذٰلِكَ وَلَآ اَكْبَرَ اِلَّا فِيْ كِتٰبٍ مُّبِيْنٍ (٦١)

**તમે ફરમાવો; અલ્લાહની જ કૃપા અને તેની જ મહેરબાની (અને) એના પર જ હર્ષ કરવો જોઈએ.[૨૩૪] એ તેમના બધા જ ધન દોલતથી બેહતર છે (૫૮) તમે ફરમાવો; 'કહો તો જરા તે જે અલ્લાહે તમારા માટે રોજી ઉતારી તેમાં તમે તમારી તરફથી હરામ અને હલાલ ઠેરવી લીધું ?'[૨૩૫] તમે ફરમાવો; શું અલ્લાહે તેમને એની પરવાનગી આપી? કે પછી અલ્લાહ પર અસત્ય ઠોકી બેસાડો છો?' (૫૯) અને શું વિચાર છે તે લોકોનો જેઓ અલ્લાહ પર અસત્ય ચોંટાડે છે કે કયામતમાં તેમની કેવી હાલત થશે? બેશક! અલ્લાહ લોકો પર કૃપા કરે છે[૨૩૬] પરંતુ ઘણા લોકો આભાર માનતા નથી (૬૦) અને તમે ગમે તે કામમાં હોવ[૨૩૭] અને તેના તરફથી કંઈક કુરઆન પઢો અને તમે લોક[૨૩૮] કોઈ પણ કામ કરો, અમે તમારા પર સાક્ષી બનીએ છીએ જ્યારે તમે તેને શરૂ કરો છો. અને તમારા રબથી જરા જેટલી પણ કોઈ વસ્તુ સંતાએલી નથી, ધરતીમાં ન આકાશમાં, અને ન એનાથી નાની ન એનાથી મોટી. કોઈ એવી વસ્તુ નથી જે એક સ્પષ્ટ કિતાબમાં ન હોય[૨૩૯] (૬૧)**

વસ્તુ જે માણસને સારી બાબત તરફ બોલાવે અને ભય સ્થાનથી બચાવે. ખલીલે કહ્યું કે; મવએઝત નેકીની શિખામણ આપવાને કહે છે જેનાથી દિલમાં નરમી જન્મે. આરોગ્ય (શિફા)નો મતલબ એ છે કે કુરઆન મજીદ દિલની બીમારીઓને દૂર કરે છે. દિલની બીમારીઓ તે ખરાબ આદતો અશુધ્ધ માન્યતાઓ અને વિનાશક અજ્ઞાન છે. કુરઆન પાક આ તમામ બીમારીઓને હટાવે છે. કુરઆન શરીફના ગુણ તરીકે મહેરબાની (રહમત)નું પણ વર્ણન થયું છે, કારણ કે તે ગુમરાહીથી બચાવે છે અને સત્ય માર્ગ દેખાડે છે. અને ઈમાનવાળાઓ માટે મહેરબાની એટલા માટે કહેવામાં આવ્યું કે તેઓ જ એનાથી લાભ મેળવે છે.

૨૩૪. ફર્હ (હર્ષ); કોઈક પ્યારી અને મનગમતી વસ્તુ મેળવવાથી દિલને જે લિજ્જત પ્રાપ્ત થાય છે તેને ફર્હ (હર્ષ) કહે છે. મતલબ એ છે કે ઈમાનવાળાઓએ અલ્લાહની કૃપા અને મહેરબાની પર ખુશ થવું જોઈએ, કારણ કે તેણે તેમને શિખામણ અને દિલનું આરોગ્ય તેમજ ઈમાન આપીને દિલને રાહત અને શાંતિ આપી. હઝરત ઈબ્ને અબ્બાસ અને હસન તેમજ કતાદાએ કહ્યું કે અલ્લાહની કૃપાથી ઈસ્લામ અને તેની મહેરબાની થી કુરઆન મુરાદ છે. એક કથન એવું છે કે અલ્લાહની કૃપાથી કુરઆન અને મહેરબાનીથી હદીસો મુરાદ છે.

૨૩૫. **મસઅલો** :- આ આયતથી પુરવાર થયું કે કોઈ વસ્તુને પોતાના તરફથી હલાલ અથવા હરામ કરી લેવાની મનાઈ છે અને એ ખુદા પર અસત્ય ચોંટાડવા સમાન છે (અલ્લાહની પનાહ). આજ કાલ ઘણા લોકો આમાં ફસાએલા છે. મના કરેલી બાબતોને હલાલ કહે છે અને મુબાહ વસ્તુઓ (જેને કરવાથી ગુનોહ ન થાય) તે હરામ કહે છે. અમુક વ્યાજને હલાલ કરવા પર અડેલા છે તો અમુક ફોટાઓને, અમુક ખેલ

أَلَآ إِنَّ أَوْلِيَآءَ ٱللَّهِ لَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُونَ ﴿٦٢﴾
ٱلَّذِينَ ءَامَنُوا۟ وَكَانُوا۟ يَتَّقُونَ ﴿٦٣﴾ لَهُمُ ٱلْبُشْرَىٰ فِى
ٱلْحَيَوٰةِ ٱلدُّنْيَا وَفِى ٱلْءَاخِرَةِ ۚ لَا تَبْدِيلَ لِكَلِمَٰتِ
ٱللَّهِ ۚ ذَٰلِكَ هُوَ ٱلْفَوْزُ ٱلْعَظِيمُ ﴿٦٤﴾ وَلَا يَحْزُنكَ قَوْلُهُمْ
إِنَّ ٱلْعِزَّةَ لِلَّهِ جَمِيعًا ۚ هُوَ ٱلسَّمِيعُ ٱلْعَلِيمُ ﴿٦٥﴾ أَلَآ إِنَّ
لِلَّهِ مَن فِى ٱلسَّمَٰوَٰتِ وَمَن فِى ٱلْأَرْضِ ۗ وَمَا يَتَّبِعُ
ٱلَّذِينَ يَدْعُونَ مِن دُونِ ٱللَّهِ شُرَكَآءَ ۚ إِن يَتَّبِعُونَ
إِلَّا ٱلظَّنَّ وَإِنْ هُمْ إِلَّا يَخْرُصُونَ ﴿٦٦﴾ هُوَ ٱلَّذِى جَعَلَ
لَكُمُ ٱلَّيْلَ لِتَسْكُنُوا۟ فِيهِ وَٱلنَّهَارَ مُبْصِرًا ۚ إِنَّ فِى
ذَٰلِكَ لَءَايَٰتٍ لِّقَوْمٍ يَسْمَعُونَ ﴿٦٧﴾ قَالُوا۟ ٱتَّخَذَ ٱللَّهُ
وَلَدًا ۗ سُبْحَٰنَهُۥ ۖ هُوَ ٱلْغَنِىُّ ۖ لَهُۥ مَا فِى ٱلسَّمَٰوَٰتِ وَمَا فِى

**સાંભળી લો અલ્લાહના વલીઓ પર કંઈ બ્હીક છે ન કંઈ ગમ[240] (૬૨) તે લોકો જે ઈમાન લાવ્યા અને પરહેઝગારી કરે છે (૬૩) તેમના માટે ખુશખબર છે દુનિયાના જીવનમાં[241] અને આખેરતમાં અલ્લાહની વાતો બદલાઈ શકતી નથી,[242] એ જ મહાન સફળતા છે (૬૪) અને તમે એમની વાતોનું દુ:ખ ન કરો.[243] બેશક! બધી ઈઝઝત અલ્લાહ માટે છે.[244] તે જ સાંભળતો જાણતો છે (૬૫) સાંભળી લો! બેશક! અલ્લાહની જ માલિકીમાં છે જેટલાં આકાશોમાં અને જેટલાં પૃથ્વીમાં છે (તે).[245] અને શેની પાછળ જઈ રહયા છે,[246] તેઓ જે અલ્લાહ સિવાય શરીક પોકારી રહયા છે તેઓ તો માત્ર અટકળની પાછળ જઈ રહયા છે, અને તેઓ તો માત્ર અટકળો દોડાવે છે[247] (૬૬) તે જ છે જેણે તમારા માટે રાત બનાવી કે તમે શાંતિ પામો[248] અને તમારી આંખો ખોલતો દિવસ બનાવ્યો;[249] બેશક! આમાં સાંભળનારાઓ માટે નિશાનીઓ છે[250] (૬૭) બોલ્યા; 'અલ્લાહે પોતાના માટે ઔલાદ બનાવી[251] તેને પવિત્રતા છે, તે જ બિન ઓશિયાળો છે,**

તમાશાઓને, અમુક સ્ત્રીઓની અનિયંત્રણપણા અને બેપરદા હોવાને, તો અમુક ભૂખ હડતાળ જે (એક પ્રકારનો) આપઘાત છે મુબાહ સમજે છે, અને હલાલ ઠેરવે છે. અને અમુક લોકો હલાલ વસ્તુઓને હરામ ઠેરવવા પર અડેલા છે જેમકે મીલાદની મહેફિલોને, ફાતેહાને, આગ્યારમીને અને ઈસાલે સવાબની બીજી રીતોને. અમુક લોકો મીલાદ શરીફ, ફાતેહા, તોશાની મીઠાઈ અને તબર્રૂકને જે બધી હલાલ અને પાક વસ્તુઓ છે તેને નાજાઈઝ અને મના કરેલી વસ્તુઓ કહે છે. એને જ કુરઆન મજીદે અલ્લાહ પર અસત્ય ચોંટાડવા સમાન કહ્યું છે.

૨૩૬. કે રસૂલ મોકલે છે કિતાબ ઉતારે છે અને હલાલ હરામના જાણકાર બનાવે છે.

૨૩૭. અય હબીબે અકરમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ!

૨૩૮. અય મુસલમાનો!

૨૩૯. કિતાબે મુબીન (સ્પષ્ટ કિતાબ) એટલે લૌહે મહફૂઝ.

૨૪૦. વલી (શબ્દ)નું મૂળ 'વિલા' છે જે નજીકી અને સહાયના અર્થમાં (વપરાય) છે. 'વલીયુલ્લાહ' તે છે જે ફરાઈઝ દ્વારા અલ્લાહની નિકટતા મેળવે અને અલ્લાહની આજ્ઞાપાલનમાં લાગેલો રહે અને તેનું હૃદય અલ્લાહના જલાલના નૂરમાં ડૂબેલું હોય, જ્યારે જુએ ત્યારે અલ્લાહની કુદરતની દલીલો જુએ અને જ્યારે સાંભળે ત્યારે અલ્લાહની આયતો જ સાંભળે, અને જ્યારે બોલે ત્યારે પોતાના રબની તારીફ સાથે જ બોલે અને જ્યારે હલન ચલન કરે ત્યારે અલ્લાહ તઆલાની આજ્ઞાપાલન ખાતર હલન ચલન કરે, અને જ્યારે (કોઈ વસ્તુ માટે) પ્રયત્ન કરે ત્યારે એવી બાબતમાં પ્રયત્ન કરે જે અલ્લાહની નજીકીમાં સહાય રૂપ

બને, અલ્લાહની યાદથી થાકે નહિ અને આંખ તથા દિલ વડે અલ્લાહ સિવાય અન્યને ન જુએ. આ ગુણો 'અવલિયા'ના છે. બન્દા જ્યારે આ સ્થાને પહોંચે છે ત્યારે અલ્લાહ તેનો મદદગાર વલી (મિત્ર) અને સહાયક બને છે. મુતકલ્લિમીન (વિવાદ વિદ્યાના પ્રવિણો) કહે છે કે 'વલી' તે છે જે દલીલો પર આધારિત ખરી માન્યતાઓ ધરાવતો હોય અને સારા કામો શરીઅત મુજબ કરતો હોય. અમુક આરીફ લોકોએ કહ્યું છે કે; હમેશાં અલ્લાહ સાથે મશ્ગૂલ રહેવાનું અને અલ્લાહની નિકટતાનું નામ 'વિલાયત' છે. જ્યારે બન્દો આ સ્થાને પહોંચે છે ત્યારે તેને કોઈપણ વસ્તુની બ્હીક રહેતી નથી અને ન (તેને) કોઈ વસ્તુ જતી રહેવાનો ગમ (દુ:ખ) થાય છે. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું; વલી તે છે જેને જોવાથી અલ્લાહ યાદ આવે. આ વાત તિબરીની હદીષમાં પણ છે. ઈબ્ને ઝૈદે કહ્યું; વલી તે જ માત્ર છે જેમાં આ આયતમાં દર્શાવેલા ગુણો હોય ''અલ્લઝીન આમનૂ વકાનુ યત્તકુન'' અર્થાત 'ઈમાન' અને 'તકવા' બન્નેને એકત્ર કરનાર હોય. અમુક ઉલમા કહે છે કે; 'વલી' તે (લોકો) છે જે નિખાલસપણે અલ્લાહ ખાતર જ મોહબ્બત કરે, અવલિયાનો આ ગુણ ઘણી હદીષોમાં દર્શાવાયો છે. અમુક મહાન માણસોએ એ કહ્યું છે કે; 'વલી' તે છે જેઓ આજ્ઞાપાલન દ્વારા અલ્લાહની નિકટતા ઈચ્છે છે, અને અલ્લાહ કરામત દ્વારા તેમની સહાય કરે છે, અથવા તે જેમની હિદાયતનો દલીલ સાથે અલ્લાહ કફીલ હોય અને તેઓ તેની બન્દગીનો હક અદા કરવા અને તેની મખ્લૂક પર મહેરબાની કરવા વકફ થઈ ચૂક્યા હોય.

આ બધા અર્થો અને શબ્દો જો કે જુદા જુદા છે પણ એમનામાં વિરોધ કશો જ નથી, કારણ કે દરેકમાં વલીનો એક એક ગુણ વર્ણવવામાં આવ્યો છે. જેને અલ્લાહની નિકટતા પ્રાપ્ત થઈ જાય છે. આ બધાં જ ગુણો તેમાં હોય છે. વિલાયતના દરજ્જાઓ અને મરતબાઓમાં દરેક પોતાના દરજ્જા મુજબ શ્રેષ્ઠતા અને માન ધરાવે છે.

૨૪૧. આ ખુશખબર એટલે યા તો તે જે કુરઆન મજીદમાં ઠેક ઠેકાણે પરહેઝગાર ઈમાનદારોને આપવામાં આવી છે અથવા મો'મિનને દેખાતા અથવા તેના માટે દેખાતા સારા સ્વપ્નો. જેમકે ઘણી હદીષોમાં આવ્યું છે. અને એનું કારણ એ છે કે વલીનું દિલ અને તેની રૂહ બન્ને અલ્લાહના ઝિક્રમાં રચ્યાં પચ્યાં રહે છે તેથી સ્વપ્ન સમયે તેના દિલમાં અલ્લાહના ઝિક્ર અને તેની મારેફત સિવાય કશું હોતું નથી. એટલા માટે જ્યારે વલી સ્વપ્ન જુએ છે ત્યારે તેનું સ્વપ્ન સત્ય અને અલ્લાહ તરફથી ખુશખબર હોય છે.

અમુક તફસીરકારોએ આ ખુશખબરનું અર્થઘટન દુનિયાની નેકનામી કર્યું છે. મુસ્લિમ શરીફની હદીષમાં છે કે, સય્યિદ્ આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને પૂછવામાં આવ્યું; 'એવા માણસ માટે શું હુકમ છે જે નેક કામો કરે છે અને લોક તેના વખાણ કરે છે' ફરમાવ્યું; 'એ મો'મિન માટે ઉતાવળી ખુશખબર (વધાઈ) છે' ઉલમા કહે છે કે એ વધાઈ અલ્લાહની ખુશી તથા અલ્લાહથી મોહબ્બત કરવાની તેમજ મખ્લૂકના દિલોમાં મહોબ્બત જન્માવવાની દલીલ છે, જેવું કે હદીષ શરીફમાં કહેવાયું છે કે; તેને ધરતીમાં આવકાર્ય કરી દેવામાં આવે છે. કતાદાએ કહ્યું કે; મૃત્યુ સમયે ફરિશ્તાઓ અલ્લાહ તરફથી ખુશખબર આપે છે. અતા કહે છે કે; દુનિયાની ખુશખબર તો તે છે જે ફરિશ્તાઓ મૃત્યુ સમયે આપે છે અને આખેરતની ખુશખબર તે છે જે મો'મિનને જીવ નીકળી ગયા પછી સંભળાવવામાં આવે છે (અને તે એ) કે અલ્લાહ તેનાથી ખુશ છે.

૨૪૨. તેના વાયદાઓ બદલાય શકતા નથી જે તેણે પોતાની કિતાબમાં અને પોતાના રસૂલોની જબાન મારફત પોતાના અવલિયા અને આજ્ઞાંકિત બન્દાઓ સાથે કર્યા છે.

૨૪૩. આમાં સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ ને શાંત્વન આપવામાં આવ્યું કે નાલાયક

يونس ١٠ يعتذرون ١١

الْأَرْضِ إِنْ عِندَكُم مِّن سُلْطَانٍ بِهَٰذَا أَتَقُولُونَ
عَلَى اللَّهِ مَا لَا تَعْلَمُونَ ﴿٦٨﴾ قُلْ إِنَّ الَّذِينَ يَفْتَرُونَ
عَلَى اللَّهِ الْكَذِبَ لَا يُفْلِحُونَ ﴿٦٩﴾ مَتَاعٌ فِي الدُّنْيَا
ثُمَّ إِلَيْنَا مَرْجِعُهُمْ ثُمَّ نُذِيقُهُمُ الْعَذَابَ الشَّدِيدَ
بِمَا كَانُوا يَكْفُرُونَ ﴿٧٠﴾ وَاتْلُ عَلَيْهِمْ نَبَأَ نُوحٍ إِذْ قَالَ
لِقَوْمِهِ يَا قَوْمِ إِن كَانَ كَبُرَ عَلَيْكُم مَّقَامِي وَتَذْكِيرِي
بِآيَاتِ اللَّهِ فَعَلَى اللَّهِ تَوَكَّلْتُ فَأَجْمِعُوا أَمْرَكُمْ
وَشُرَكَاءَكُمْ ثُمَّ لَا يَكُنْ أَمْرُكُمْ عَلَيْكُمْ غُمَّةً ثُمَّ اقْضُوا
إِلَيَّ وَلَا تُنظِرُونِ ﴿٧١﴾ فَإِن تَوَلَّيْتُمْ فَمَا سَأَلْتُكُم
مِّنْ أَجْرٍ إِنْ أَجْرِيَ إِلَّا عَلَى اللَّهِ وَأُمِرْتُ أَنْ
أَكُونَ مِنَ الْمُسْلِمِينَ ﴿٧٢﴾ فَكَذَّبُوهُ فَنَجَّيْنَاهُ وَمَن

**જે કંઈ આકાશો અને ધરતીમાં છે તે બધું તેનું જ છે,[૨૫૨] તમારી પાસે એનો કશોજ આધાર નથી, શું અલ્લાહ માટે એવી વાત કહો છો જેની તમને જાણ નથી (૬૮) તમે કહો; 'જેઓ અલ્લાહ માટે જૂઠ ઠોકી બેસાડે છે તેમનું ભલું નહિ થાય' (૬૯) દુનિયામાં થોડું વાપરી લેવાનું છે પછી તેમને અમારી તરફ પાછું આવવાનું (છે), પછી અમે તેમને સખ્ત અઝાબ ચખાડીશું, તેમના કુફ્રનો બદલો (૭૦) અને તેમને વાંચી સંભળાવો. નૂહની ખબર. જ્યારે તેણે પોતાની કોમને કહ્યું ; 'અય મારી કોમ! જો તમને મારૂં ઉપસ્થિત થવું[૨૫૩] અને અલ્લાહની નિશાનીઓ યાદ કરાવવાથી[૨૫૪] માઠુ લાગ્યું હોય તો મેં અલ્લાહ પર જ વિશ્વાસ મૂક્યો,[૨૫૫] તો (હવે તમે) એકત્ર થઈને કામ કરો અને પોતાના જૂઠા મઅબૂદો સાથે થઈને પોતાનું કાર્ય પાકું કરી લો (અને) કાર્યમાં તમારા પર કંઈક ધુંધળાપણું રહે નહિ પછી જે (તમારાથી) થઈ શકે તે મારૂં કરી નાખો અને મને મહેતલ આપો નહિ[૨૫૬] (૭૧) છતાં પણ જો તમે મોઢું ફેરવી લો[૨૫૭] તો હું તમારી પાસે કંઈ વળતર માંગતો નથી[૨૫૮] મારૂં વળતર તો અલ્લાહ સિવાય બીજે ક્યાંય નથી[૨૫૯] અને મને આદેશ છે કે હું મુસલમાનોમાં રહું (૭૨) તો તેમણે તેને[૨૬૦] જૂઠાડયો તો અમે**

કાફિરો જે આપને જૂઠાડે છે અને આપના વિરુદ્ધ ખરાબ ખરાબ સલાહ મશ્વેરો કરે છે આપ તેનું જરા પણ દુ:ખ કરો નહિ.

૨૪૪. તે જેને ઈચ્છે તેને આબરૂ આપે જેને ઈચ્છે તેને તુચ્છ બનાવે. અય નબીઓના સરદાર! તે તમારો સહાયક અને મદદગાર છે. તેણે તમને અને તમારા કારણે તમારા લીધે તમારા આજ્ઞાંકિતોને આબરૂ આપી, જેવું કે બીજી આયતમાં આ રીતે કહ્યું છે કે ઈજ્જત અલ્લાહ માટે અને તેના રસૂલ માટે અને મો'મિનો માટે છે.

૨૪૫. બધા જ તેની માલિકીના છે તેની શક્તિ અને અધિકારની આણમાં. અને મિલ્કત રબ બની શકતી નથી તેથી અલ્લાહ સિવાય દરેકની બન્દગી ખોટી છે. આ તવહીદની એક ઉમદા દલીલ છે.

૨૪૬. અને કઈ દલીલને અનુસરી રહયા છે? મતલબ એ કે તેમની પાસે કોઈ દલીલ નથી.

૨૪૭. અને દલીલ વગર માત્ર ખોટી અટકળબાજીથી પોતાના અસત્ય મઅબૂદોને અલ્લાહના ભાગીદાર ઠેરવે છે. ત્યાર પછી અલ્લાહ પોતાની કુદરત અને નેઅમતને જાહેર કરે છે.

૨૪૮. અને આરામ કરીને દિવસનો થાક દૂર કરો.

૨૪૯. પ્રકાશિત, જેથી તમે પોતાની જરૂરિયાત અને રોજી રોજગારની વ્યવસ્થા કરી શકો.

૨૫૦. જેઓ સાંભળે અને સમજે કે જેણે આ વસ્તુઓનું સર્જન કર્યું તે જ મઅબૂદ છે, તેઓ કોઈ ભાગીદાર નથી, આના પછી મુશ્રિકોનું એક કથન ટાંકવામાં આવે છે.

૨૫૧. કાફિરોનું આ વાક્ય અતિશય ખરાબ અને અંતિમ કક્ષાની અજ્ઞાનતાવાળું છે, અલ્લાહ તઆલા

يعتذرون ١١ — يونس ١٠

مَعَهُ فِي الْفُلْكِ وَجَعَلْنَاهُمْ خَلَائِفَ وَأَغْرَقْنَا الَّذِينَ
كَذَّبُوا بِآيَاتِنَا فَانْظُرْ كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُنْذَرِينَ ﴿٧٣﴾
ثُمَّ بَعَثْنَا مِنْ بَعْدِهِ رُسُلًا إِلَىٰ قَوْمِهِمْ فَجَاءُوهُمْ
بِالْبَيِّنَاتِ فَمَا كَانُوا لِيُؤْمِنُوا بِمَا كَذَّبُوا بِهِ مِنْ
قَبْلُ كَذَٰلِكَ نَطْبَعُ عَلَىٰ قُلُوبِ الْمُعْتَدِينَ ﴿٧٤﴾ ثُمَّ
بَعَثْنَا مِنْ بَعْدِهِمْ مُوسَىٰ وَهَارُونَ إِلَىٰ فِرْعَوْنَ
وَمَلَئِهِ بِآيَاتِنَا فَاسْتَكْبَرُوا وَكَانُوا قَوْمًا مُجْرِمِينَ ﴿٧٥﴾
فَلَمَّا جَاءَهُمُ الْحَقُّ مِنْ عِنْدِنَا قَالُوا إِنَّ هَٰذَا لَسِحْرٌ
مُبِينٌ ﴿٧٦﴾ قَالَ مُوسَىٰ أَتَقُولُونَ لِلْحَقِّ لَمَّا جَاءَكُمْ
أَسِحْرٌ هَٰذَا وَلَا يُفْلِحُ السَّاحِرُونَ ﴿٧٧﴾ قَالُوا أَجِئْتَنَا
لِتَلْفِتَنَا عَمَّا وَجَدْنَا عَلَيْهِ آبَاءَنَا وَتَكُونَ لَكُمَا

**તેને અને જે તેની સાથે વહાણમાં હતા તેમને છુટકારો આપ્યો અને તેમને અમે નાયબ બનાવ્યા,[૨૬૧] અને જેમણે અમારી આયતો જૂઠાડી તેમને અમે ડૂબાડી દીધા. તો જુઓ જેમને ડરાવ્યા હતા તેમનું પરિણામ કેવું થયું ? (૭૩) ત્યાર બાદ બીજા રસૂલો[૨૬૨] અમે તેમની કોમ તરફ મોકલ્યા તો તેઓ તેમની પાસે સ્પષ્ટ દલીલો લાવ્યા પણ તેઓ એવા ન હતા કે ઈમાન લાવતા તેના પર જેને પ્રથમ જૂઠાડી ચૂક્યા હતા. બળવાખોર લોકોના હૃદયો પર અમે આમ જ મોહર મારી દઈએ છીએ (૭૪) પછી અમે મૂસા અને હારૂનને ફિરઔન અને તેના દરબારીઓ તરફ પોતાની નિશાનીઓ લઈને મોકલ્યા તો પેલાઓએ ઘમંડ કર્યો અને તેઓ ગુનેહગાર લોક હતા (૭૫) તો જ્યારે એમની પાસે અમારા તરફથી સત્ય આવ્યું[૨૬૩] બોલ્યા; 'આ તો અવશ્ય ઉઘાડું જાદુ છે' (૭૬) મૂસાએ કહયું; 'શું જ્યારે સત્ય તમારી પાસે આવ્યું ત્યારે તેના વિષે એવું બોલો છો ? શું આ જાદુ છે ?'[૨૬૪] અને જાદુગરો ધારણાએ પહોંચતા નથી (૭૭) બોલ્યા;[૨૬૫] શું તમે અમારી પાસે એટલા માટે આવ્યા છો કે અમને તેનાથી[૨૬૬] ફેરવી કાઢો જેના પર અમે અમારા બાપ દાદાઓને જોયા**

એનો રદીયો આપે છે.

૨૫૨. અત્રે મુશ્રિકોના એ કથનના ત્રણ રદીયા આપ્યા, પ્રથમ રદીયો 'સુબ્હાનહૂ' ના શબ્દમાં છે જેમાં દર્શાવાયું છે કે તેની ઝાત સંતાનથી પર છે (એટલે તેને સંતાન શક્ય જ નથી) કારણ કે તે વાસ્તવમાં એક છે. બીજો રદીયો ''હુવલ ગનીય્યુ'' કહેવામાં છે કે તમામ વસ્તુઓથી બિન ઓશિયાળો છે તો પછી ઔલાદ તેના માટે કેમ કરી હોય શકે છે ? ઔલાદ યા તો અશક્ત ઈચ્છે છે જે તેનાથી શક્તિ મેળવે અથવા જરૂરિયાતવાળો માંગે છે જે તેનાથી સહાય પ્રાપ્ત કરે અથવા બિન આબરૂદાર ઈચ્છે છે જે તે દ્વારા આબરૂ મેળવે. મતલબ કે જે કોઈ ઈચ્છે છે તે જરૂરિયાત ધરાવે છે તો જે ગની (બેપરવાહ) હોય ને ગૈર મોહતાજ (બિન ઓશિયાળો) હોય તેના માટે સંતાન કેમ હોય શકે. અને સંતાન પિતાનો એક ભાગ હોય છે તેથી પિતા હોવા માટે ભાગોનો સમુહ હોવું જરૂરી છે અને ભાગોનો સમુહ હોવું એ શક્ય (મુમકિન) હોવા સાથે જોડાએલું છે અને પ્રત્યેક શક્ય બીજાનું મોહતાજ છે (તો પ્રત્યેક શક્ય) નાશ પામનાર થયું તેથી ગની અને કદીમ (આરંભ અને અંતમાં નિસીમ) ને સંતાન હોવું અશક્ય ઠર્યું. ત્રીજો રદીયો ''લહૂ માફિસ્સમાવાતે વલ અરદે'' માં છે કે તમામ મખ્લૂક તેની મિલ્કત છે અને માલિકીનું હોવું તેમજ સંતાન બન્ને સાથે ભેગાં થઈ શકતાં નથી માટે એમાંથી (ધરતી-આકાશમાંથી) કશું તેનું સંતાન થઈ શકતું નથી.

૨૫૩. અને લાંબા સમય સુધી તમારી દરમ્યાન રહેવું.

૨૫૪. કે જેથી તમે મને મારી નાખવાનો અને કાઢી મૂકવાનો ઈરાદો કર્યો છે.

૨૫૫. અને મારૂં કામકાજ તે એક બિન ભાગીદારને સુપ્રત કર્યું.

الْكِبْرِيَاءُ فِي الْأَرْضِ ۗ وَمَا نَحْنُ لَكُمَا بِمُؤْمِنِينَ ﴿٧٨﴾
وَقَالَ فِرْعَوْنُ ائْتُونِي بِكُلِّ سَاحِرٍ عَلِيمٍ ﴿٧٩﴾ فَلَمَّا جَاءَ
السَّحَرَةُ قَالَ لَهُم مُّوسَىٰ أَلْقُوا مَا أَنتُم مُّلْقُونَ ﴿٨٠﴾
فَلَمَّا أَلْقَوْا قَالَ مُوسَىٰ مَا جِئْتُم بِهِ السِّحْرُ ۖ إِنَّ
اللَّهَ سَيُبْطِلُهُ ۖ إِنَّ اللَّهَ لَا يُصْلِحُ عَمَلَ الْمُفْسِدِينَ ﴿٨١﴾
وَيُحِقُّ اللَّهُ الْحَقَّ بِكَلِمَاتِهِ وَلَوْ كَرِهَ الْمُجْرِمُونَ ﴿٨٢﴾ فَمَا
آمَنَ لِمُوسَىٰ إِلَّا ذُرِّيَّةٌ مِّن قَوْمِهِ عَلَىٰ خَوْفٍ مِّن
فِرْعَوْنَ وَمَلَئِهِمْ أَن يَفْتِنَهُمْ ۚ وَإِنَّ فِرْعَوْنَ لَعَالٍ
فِي الْأَرْضِ وَإِنَّهُ لَمِنَ الْمُسْرِفِينَ ﴿٨٣﴾ وَقَالَ مُوسَىٰ
يَا قَوْمِ إِن كُنتُمْ آمَنتُم بِاللَّهِ فَعَلَيْهِ تَوَكَّلُوا إِن
كُنتُم مُّسْلِمِينَ ﴿٨٤﴾ فَقَالُوا عَلَى اللَّهِ تَوَكَّلْنَا

منزل ٣

**અને ધરતી પર તમારા બન્નેની જ મોટાઈ રહે અને અમે તમારા પર ઈમાન લાવનાર નથી (૭૮) અને ફિરઔન[૨૬૭] બોલ્યો; 'દરેક ઈલ્મવાળા જાદુગરને મારી પાસે લઈ આવો' પછી જ્યારે જાદુગરો આવ્યા ત્યારે તેમને મૂસાએ કહયું; 'તમારે જે નાખવું હોય તે નાખો'[૨૬૮] પછી જ્યારે તેમણે નાખ્યું મૂસાએ કહયું; 'આ તમે જે લાવ્યા છો તે જાદુ છે[૨૬૯] હવે અલ્લાહ એની અસત્યતા ઉઘાડી પાડશે, અલ્લાહ ફસાદખોરોનું કામ બનાવતો નથી (૮૨) તો ન ઈમાન લાવ્યા મૂસા પર પણ તેની કોમની ઔલાદમાંથી અમુક લોકો[૨૭૦] ફિરઔન અને તેના દરબારીઓથી ડરતાં ડરતાં કે ક્યાંક તેમને[૨૭૧] ફરી જવા માટે લાચાર ન કરે. અને બેશક! ફિરઔન ધરતી પર માથુ ઊંચકનાર હતો અને બેશક! તે હદથી આગળ વધી ગયો[૨૭૨] (૮૩) અને મૂસાએ કહ્યું; 'અય મારી કૌમ! જો તમે અલ્લાહ પર ઈમાન લાવ્યા (હોય) તો તેના પર જ વિશ્વાસ રાખો[૨૭૩] જો તમે ઈસ્લામ ધરાવતા હોય' (૮૪) બોલ્યા; 'અમે અલ્લાહ**

૨૫૬. મને કશી પડી નથી. હઝરત નૂહ અલયહિસ્સલામનું આ કથન કાફિરોની લાચારી જાહેર કરવા માટે હતું. હેતુ એ છે કે મને મારા શક્તિશાળી પરવરદિગાર પર પુરો વિશ્વાસ છે તમે અને તમારા અધિકાર વિહોણા મઅબૂદ મને કંઈ નુકશાન પહોંચાડી શકતા નથી.

૨૫૭. મારી શિખામણથી.

૨૫૮. જેને ન પામવાનો અફસોસ થાય.

૨૫૯. તે જ મને બદલો આપશે. મતલબ એ છે કે મારી વાએઝ નસીહત માત્ર અલ્લાહ ખાતર છે કોઈ દુનિયાના હેતુસર નથી.

૨૬૦. અર્થાત નૂહ અલયહિસ્સલામને.

૨૬૧. અને નાશ પામનારાઓ પછી ધરતીમાં આબાદ કર્યા.

૨૬૨. હૂદ સાલિહ ઈબ્રાહીમ લૂત, શુઐબ વિગેરે અલયહિમુસ્સલામ.

૨૬૩. હઝરત મૂસા અલયહિસ્સલામ મારફત, અને ફિરઔની લોકોએ જાણી લીધું કે આ સત્ય છે અલ્લાહ તરફથી છે ત્યારે અદેખાઈની રીતે;

૨૬૪. કદાપિ નહિ.

૨૬૫. ફિરઔની લોકો મૂસા અલયહિસ્સલામને.

૨૬૬. ધર્મ મિલ્કત મૂર્તિપૂજા અને ફિરઔનપૂજા.

૨૬૭. બળવાખોર ઘમંડીઓએ ઈચ્છયું કે હઝરત મૂસા અલયહિસ્સલામના મો'જિઝાનો સામનો

**પર જ વિશ્વાસ કર્યો, ઈલાહી! અમને જાલિમો માટે અજમાયશ ન બનાવ[૨૭૪] (૮૫) અને પોતાની મહેરબાનીથી અમને કાફિરોથી છોડાવ[૨૭૫] (૮૬) અને અમે મૂસા તેમજ તેના ભાઈને વહી મોકલી કે મિસરમાં પોતાની કોમ માટે ઘરો બાંધો અને પોતાના ઘરોને નમાઝની જગ્યા કરો[૨૭૬] અને નમાઝ કાયમ રાખો અને મુસલ-માનોને ખુશખબરી સંભળાવો[૨૭૭] (૮૭) અને મૂસાએ વિનંતી કરી; 'અય અમારા રબ! તેં ફિરઔન અને તેના સરદારોને શણગાર[૨૭૮] અને દુનિયાના જીવનમાં માલ (દોલત) આપ્યાં, અય અમારા રબ! એટલા માટે કે તારા માર્ગથી ભટકાવે, અય અમારા રબ! તેમના માલ (દોલત) નો નાશ કર[૨૭૯] અને તેમના દિલ સખ્ત કરી દે. કે જેથી તેઓ ઈમાન લાવી શકે નહિ જ્યાં સુધી કે દુ:ખ દાયક અઝાબ દેખી લે નહિ[૨૮૦] (૮૮) ફરમાવ્યું; 'તમારા બન્નેની દુઆ કબૂલ થઈ[૨૮૧] તો અટલ રહો[૨૮૨] અને નાદાનોના માર્ગે ચાલો નહિ'[૨૮૩] (૮૯) અને અમે બની ઈસરાઈલને દરિયા પાર ઉતાર્યા તો ફિરઔન અને તેના લશ્કરોએ તેમનો પીછો કર્યો માથુ**



رَبَّنَا لَا تَجْعَلْنَا فِتْنَةً لِّلْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿۸۵﴾ وَنَجِّنَا
بِرَحْمَتِكَ مِنَ الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿۸۶﴾ وَاَوْحَيْنَآ اِلٰى
مُوْسٰى وَاَخِيْهِ اَنْ تَبَوَّاٰ لِقَوْمِكُمَا بِمِصْرَ بُيُوْتًا
وَّاجْعَلُوْا بُيُوْتَكُمْ قِبْلَةً وَّاَقِيْمُوا الصَّلٰوةَ وَبَشِّرِ
الْمُؤْمِنِيْنَ ﴿۸۷﴾ وَقَالَ مُوْسٰى رَبَّنَآ اِنَّكَ اٰتَيْتَ
فِرْعَوْنَ وَمَلَاَهٗ زِيْنَةً وَّاَمْوَالًا فِي الْحَيٰوةِ الدُّنْيَا
رَبَّنَا لِيُضِلُّوْا عَنْ سَبِيْلِكَ رَبَّنَا اطْمِسْ عَلٰٓى
اَمْوَالِهِمْ وَاشْدُدْ عَلٰى قُلُوْبِهِمْ فَلَا يُؤْمِنُوْا حَتّٰى
يَرَوُا الْعَذَابَ الْاَلِيْمَ ﴿۸۸﴾ قَالَ قَدْ اُجِيْبَتْ دَّعْوَتُكُمَا
فَاسْتَقِيْمَا وَلَا تَتَّبِعٰٓنِّ سَبِيْلَ الَّذِيْنَ لَا يَعْلَمُوْنَ ﴿۸۹﴾
وَجٰوَزْنَا بِبَنِيْٓ اِسْرَاۗءِيْلَ الْبَحْرَ فَاَتْبَعَهُمْ فِرْعَوْنُ

منزل ٣

અસત્યથી કરે અને દુનિયાને એવી ગેરસમજમાં નાખે કે મૂસા અલયહિસ્સલામના મો'જિઝા (મુઆઝલ્લાહ) જાદુની પ્રકારના છે જેથી તે......

૨૬૮. દોરડાંઓ, થાંભલાઓ વિગેરે, અને તમારે જે જાદુ કરવો હોય તે કરો. આવું આપે એટલા માટે કહ્યું કે સત્ય અને અસત્ય ઉઘાડું થઈ જાય, અને જાદુના ચમત્કાર જે તેઓ કરનાર છે તેની ખરાબી જાહેર થઈ જાય.

૨૬૯. નહિ કે અલ્લાહની તે આયતો જેને ફિરઔને પોતાની બેઈમાનીના કારણે જાદુ કહયું.

૨૭૦. આમાં નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને તસલ્લી આપવામાં આવી છે કારણ કે આપ પોતાની ઉમ્મત ઈમાન સ્વીકારે તે બાબત ખૂબ જ કાળજી ધરાવતા હતા અને ઉમ્મતના અસ્વીકારથી ઘણા જ ગમગીન બની જતા હતા, તેથી આપને શાંત્વન આપવામાં આવ્યું કે હઝરત મૂસા અલયહિસ્સલામે આટલો મહાન મો'જિઝો દેખાડયા છતાં પણ અમુક લોકોએ જ ઈમાનનો સ્વીકાર કર્યો. આવી પરિસ્થિતિઓ પૈગમ્બરો માટે ઉપસ્થિત થતી જ રહી છે માટે તમે તમારી ઉમ્મતના મોઢું ફેરવવાથી ગમગીન બનશો નહિ.

આયતમાં મિન કવમિહી ના શબ્દમાં યા તો હઝરત મૂસા અલયહિસ્સલામની કૌમ મુરાદ છે એવી હાલતમાં કૌમની ઝુર્રિયતથી બની ઈસરાઈલ મુરાદ થશે જેમની ઔલાદ મિસરમાં આપની સાથે હતી અને એક કથન મુજબ એનાથી ફિરઔને મચાવેલી કતલમાંથી બચી ગએલા લોકો મુરાદ છે, કારણ કે જ્યારે ફિરઔનના હુકમથી બની ઈસરાઈલના દીકરાઓને કતલ કરી નાખવામાં આવતા હતા. ત્યારે બની ઇસરાઈલની અમુક સ્ત્રીઓ ફિરઔનની સ્ત્રીઓ સાથે સંબંધ ધરાવતી હતી તેઓ કોઈ બાળકને જન્મ આપતી ત્યારે તે બાળક

وَجُنُوْدُهٗ بَغْیًا وَّعَدْوًا ؕ حَتّٰۤی اِذَاۤ اَدْرَكَهُ الْغَرَقُ ۙ
قَالَ اٰمَنْتُ اَنَّهٗ لَاۤ اِلٰهَ اِلَّا الَّذِیْۤ اٰمَنَتْ بِهٖ
بَنُوْۤا اِسْرَآءِیْلَ وَاَنَا مِنَ الْمُسْلِمِیْنَ ﴿۹۰﴾ آٰلْـٰٔنَ وَقَدْ
عَصَیْتَ قَبْلُ وَكُنْتَ مِنَ الْمُفْسِدِیْنَ ﴿۹۱﴾ فَالْیَوْمَ
نُنَجِّیْكَ بِبَدَنِكَ لِتَكُوْنَ لِمَنْ خَلْفَكَ اٰیَةً ؕ وَ
اِنَّ كَثِیْرًا مِّنَ النَّاسِ عَنْ اٰیٰتِنَا لَغٰفِلُوْنَ ﴿۹۲﴾ وَلَقَدْ
بَوَّاْنَا بَنِیْۤ اِسْرَآءِیْلَ مُبَوَّاَ صِدْقٍ وَّرَزَقْنٰهُمْ
مِّنَ الطَّیِّبٰتِ ۚ فَمَا اخْتَلَفُوْا حَتّٰی جَآءَهُمُ الْعِلْمُ ؕ
اِنَّ رَبَّكَ یَقْضِیْ بَیْنَهُمْ یَوْمَ الْقِیٰمَةِ فِیْمَا كَانُوْا
فِیْهِ یَخْتَلِفُوْنَ ﴿۹۳﴾ فَاِنْ كُنْتَ فِیْ شَكٍّ مِّمَّاۤ اَنْزَلْنَاۤ
اِلَیْكَ فَسْـَٔلِ الَّذِیْنَ یَقْرَءُوْنَ الْكِتٰبَ مِنْ قَبْلِكَ ۚ

**ઊંચકીને અને જુલ્મની રીતે, ત્યાં સુધી કે જ્યારે તેને ડૂબવાએ પકડી લીધો[૨૮૪] બોલ્યો ; 'હું ઈમાન લાવ્યો કે તેના સિવાય (બીજો) કોઈ સાચો મઅબૂદ નથી જેના પર બની ઈસરાઈલ ઈમાન લાવ્યા અને હું મુસલમાન છું'[૨૮૫] (૯૦) શું હવે ?[૨૮૬] અને પહેલેથી અનાજ્ઞાંકિત રહયો અને તુ ફસાદી હતો[૨૮૭] (૯૧) આજ અમે તારી લાશને કિનારે નાખીશું જેથી તુ તારા પાછળનાઓ માટે નિશાની બને.[૨૮૮] અને બેશક ! લોક અમારી આયતોથી ગાફિલ છે (૯૨) અને બેશક ! અમે બની ઇસરાઈલને આબરૂદાર સ્થાન આપ્યું[૨૮૯] અને તેમને સ્વચ્છ રોજી આપી, તો મતભેદમાં ન પડયા[૨૯૦] પણ ઈલ્મ આવ્યા પછી.[૨૯૧] બેશક ! તમારો રબ કયામતના દિવસે તેમનામાં ફેંસલો કરી દેશે જે વાતમાં ઝગડતા હતા[૨૯૨] (૯૩) અને અય સાંભળનાર ! જો તને કંઈ શંકા થાય તેમાં જે અમે તારી તરફ ઉતાર્યું[૨૯૩] તો તેમને પૂછી જો જે તારાથી પહેલાં કિતાબ પઢનારાઓ છે.[૨૯૪] બેશક ! તારી પાસે તારા રબ તરફથી**

ફિરઓની સ્ત્રીઓને સોંપી દેતી હતી, આવા બાળકો જેઓ ફિરઔની લોકોના ઘરોમાં ઉછર્યા હતાં તેઓ જે દિવસે હઝરત મૂસાને અલ્લાહ તઆલાએ જાદુગરો પર વિજય આપ્યો તે દિવસે હઝરત મૂસા પર ઈમાન લઈ આવ્યા હતા. અને એક કથન એવું છે કે એનાથી ફિરઔનની કૌમ મુરાદ છે, હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ ફરમાવ્યું કે તેઓ તે ફિરઔનની કૌમના તે થોડા લોકો છે જેઓ ઈમાન લઈ આવ્યા હતા.

૨૭૧. દીનથી.

૨૭૨. બન્દો થઈને ખુદા હોવાનો દાવેદાર બની ગયો હતો.

૨૭૩. તે પોતાના આજ્ઞાપાલકોની મદદ કરે છે અને શત્રુઓનો નાશ કરે છે.

**મસઅલો :-** આ આયતથી સાબિત થયું કે અલ્લાહ પર વિશ્વાસ રાખવો ઈમાનની સંપૂર્ણતાનો તકાદો છે.

૨૭૪. અર્થાત તેમને અમારા પર વિજયી ન બનાવો જેથી તેઓ એવા ખ્યાલમાં ન રહે કે તેઓ સત્યતા પર છે.

૨૭૫. અને તેમના જુલ્મ અને અત્યાચારથી બચાવ.

૨૭૬. જે કિબલા તરફ હોય. હઝરત મૂસા અને હારૂન અલયહિસ્સલામનો કિબ્લો કા'બા શરીફ હતો અને શરૂઆતમાં બની ઈસરાઈલને એવો જ હુકમ હતો કે પોતાના ઘરોમાં સંતાઈને નમાઝ પઢે જેથી ફિરઔનીઓની તકલીફ અને ઈજાથી બચેલા રહે.

૨૭૭. અલ્લાહની મદદ અને જન્નતની.

૨૭૮. ઉમદા લિબાસ, સરસ પાથરણા, કીંમતી જણસો, જાત જાતના સરસામાન.

૨૭૯. કારણ કે તેઓ તારી નેઅમતો પર શુક્ર કરવાના બદલે બળવાખોરી કરીને ગુનાહો કરે છે. હઝરત મૂસા અલયહિસ્સલામની દુઆ કબૂલ થઈ અને ફિરઔનીઓના દીનાર, દિરહમ (સોનાના સિક્કાઓ) પથ્થર બની ગયા ત્યાં સુધી કે ફળો અને ખોરાકની વસ્તુઓ પણ પથ્થર બની ગઈ. અને આ તે ૯ નિશાનીઓમાંથી એક છે જે હઝરત મૂસા અલયહિસ્સલામને આપવામાં આવી હતી.

૨૮૦. જ્યારે હઝરત મૂસા અલયહિસ્સલામ તેમના ઈમાન સ્વીકારથી નિરાશ થઈ ગયા ત્યારે આપે તેમના માટે આ દુઆ કરી અને બન્યું પણ એવું જ કે તેઓ ડૂબી જવાના સમય સુધી ઈમાન લાવ્યા નહિ.

**મસઅલો** :- આથી સાબિત થયું કે કોઈ માણસ માટે કુફ્ર પર મરવાની દુઆ માંગવી કુફ્ર નથી. (મદારિક)

૨૮૧. દુઆનો સંબંધ હઝરત મૂસા અને હઝરત હારૂન બન્ને સાથે જોડવામાં આવ્યું. જો કે દુઆ તો હઝરત મૂસા માંગતા હતા હઝરત હારૂન ''આમીન'' બોલતા હતા, એનાથી જણાયું કે ''આમીન'' કહેનાર પણ દુઆ માંગનારાઓમાં ગણાઈ જાય છે.

**મસઅલો** :- એ પણ સાબિત થયું કે ''આમીન'' દુઆ છે માટે એને આહિસ્તા બોલવું જ યોગ્ય છે. (મદારિક) હઝરત મૂસાની દુઆ અને તેને કબૂલ થવા દરમ્યાન ૪૦ વરસોનો ગાળો હતો.

૨૮૨. દીનના પ્રચાર પર.

૨૮૩. જેઓ દુઆ કબૂલ થવામાં જે વાર લાગે છે તેના રહસ્યને જાણતા નથી,

૨૮૪. ત્યારે ફિરઔન.

૨૮૫. ફિરઔને કબૂલ થવાની આશાએ ઈમાન સ્વીકારની વાત ત્રણ વાર ઉલટાવી ઉલટાવીને કહી પણ એ ઈમાન ન સ્વીકારાયું કારણ કે ફરિશ્તાઓ અને અઝાબને જોયા પછી ઈમાન કબૂલ થતું નથી. જો તેના અધિકાર દરમ્યાન તે એક વાર પણ એ શબ્દ બોલત તો તેનું ઈમાન સ્વીકારી લેવાત પરંતુ તેણે સમય વેડફી નાખ્યો તેથી તેને તે કહેવાયું જે આયતમાં આગળ આવે છે.

૨૮૬. તડપતી વખતે જ્યારે કે ડૂબવા માંડયો છે અને જીવનની આશા બાકી રહી નથી ત્યારે (હવે) ઈમાન લાવે છે ?

૨૮૭. પોતે પણ ગુમરાહ હતો બીજાઓને પણ ગુમરાહ કરતો હતો. બયાન કરવામાં આવ્યું છે કે એક વખતે હઝરત જિબ્રઈલ અલયહિસ્સલામ એક વાર ફિરઔન પાસે એક સવાલ લાવ્યા જેમાં પૂછવામાં આવ્યું હતું કે એવા ગુલામ વિષે બાદશાહનો શું હુકમ છે જે એક માણસની ધન દોલતમાં ઉછર્યો પછી તેને અપકાર આપ્યો અને તેના હકને નકારી કાઢયો અને જાતે જ તેનો માલિક હોવાનો દાવેદાર બની બેઠો. તેના પર ફિરઔને જવાબ લખ્યો કે જે ગુલામ પોતાના માલિકની ન્યામતોને નકારે અને તેનો સામનો કરે તેની સજા એ છે કે તેને દરિયામાં ડૂબાડી દેવામાં આવે. જ્યારે ફિરઔન ડૂબવા લાગ્યો ત્યારે હઝરત જિબ્રઈલે ફિરઔનનો તે જવાબ તેની સામે મૂકયો અને તેણે તેને ઓળખી લીધો. સુબ્હાનલ્લાહ.

૨૮૮. તફસીરકારો કહે છે કે જ્યારે અલ્લાહ તઆલાએ ફિરઔન અને તેની કોમને ડૂબાડી દીધી મૂસા અલયહિસ્સલામે પોતાની કોમને તેનો નાશ થયાના સમાચાર સંભળાવ્યા ત્યારે બની ઈસરાઈલમાંથી અમુક લોકોને શંકા બાકી રહી અને ફિરઔનની મહાનતા અને ધાક જે તેમના દિલોમાં હતી તેના કારણે તેમને તેની હલાકતનું યકીન થયું નહિ. ત્યારે અલ્લાહના હુકમથી હઝરત જિબ્રઈલે તેની લાશ કિનારા પર

يونس ١٠ يعتذرون ١١

لَقَدْ جَآءَكَ الْحَقُّ مِنْ رَّبِّكَ فَلَا تَكُوْنَنَّ مِنَ
الْمُمْتَرِيْنَ ﴿٩٤﴾ وَلَا تَكُوْنَنَّ مِنَ الَّذِيْنَ كَذَّبُوْا
بِاٰيٰتِ اللّٰهِ فَتَكُوْنَ مِنَ الْخٰسِرِيْنَ ﴿٩٥﴾ اِنَّ الَّذِيْنَ
حَقَّتْ عَلَيْهِمْ كَلِمَتُ رَبِّكَ لَا يُؤْمِنُوْنَ ﴿٩٦﴾ وَلَوْ
جَآءَتْهُمْ كُلُّ اٰيَةٍ حَتّٰى يَرَوُا الْعَذَابَ الْاَلِيْمَ ﴿٩٧﴾
فَلَوْلَا كَانَتْ قَرْيَةٌ اٰمَنَتْ فَنَفَعَهَآ اِيْمَانُهَآ اِلَّا
قَوْمَ يُوْنُسَ لَمَّآ اٰمَنُوْا كَشَفْنَا عَنْهُمْ عَذَابَ الْخِزْيِ
فِى الْحَيٰوةِ الدُّنْيَا وَمَتَّعْنٰهُمْ اِلٰى حِيْنٍ ﴿٩٨﴾ وَلَوْ
شَآءَ رَبُّكَ لَاٰمَنَ مَنْ فِى الْاَرْضِ كُلُّهُمْ جَمِيْعًا
اَفَاَنْتَ تُكْرِهُ النَّاسَ حَتّٰى يَكُوْنُوْا مُؤْمِنِيْنَ ﴿٩٩﴾
وَمَا كَانَ لِنَفْسٍ اَنْ تُؤْمِنَ اِلَّا بِاِذْنِ اللّٰهِ

**સત્ય આવ્યું[૨૯૫] તો તું કદાપિ શંકાવાળાઓમાં ન થા (૯૪) અને કદાપિ તેમનામાં થઈશ નહિ જેમણે અલ્લાહની આયતો જૂઠાડી. નહિ તો તું ખોટવાળાઓમાં બની જઈશ (૯૫) બેશક ! જેમના પર તારા રબની વાત ખરેખર પડી ચૂકી છે[૨૯૬] તેઓ ઈમાન લાવશે નહિ (૯૬) ભલે પછી બધી જ નિશાનીઓ તેમની પાસે આવે, જ્યાં સુધી કે દુ:ખદાયક અઝાબ દેખી લે નહિ[૨૯૭] (૯૭) કોઈ વસ્તી[૨૯૮] આવી થઈ ન હોત કે (જે) ઈમાન લાવતી[૨૯૯] તો તેનું ઈમાન (તેને) કામ લાગત, પરંતુ યૂનુસની કોમ; જ્યારે (તેઓ) ઈમાન લાવ્યા તો અમે અપમાનિત અઝાબ તેમના માથેથી દુનિયાના જીવનમાં હટાવી દીધો, અને એક (મર્યાદિત) સમય સુધી તેમને (પાર્થિવ સરસામાન) વાપરવા દીધું[૩૦૦] (૯૮) અને જો તમારો રબ ઈચ્છતે તો ધરતીમાં જેટલા છે તે બધા જ ઈમાન લઈ આવત.[૩૦૧] તો શું તમે લોકો પર તે મુસલમાન બની જાય ત્યાં સુધી બળજબરી કરશો ?[૩૦૨] (૯૯) અને કોઈ (પણ) પ્રાણને અલ્લાહના હુકમ સિવાય[૩૦૩] ઈમાન લઈ આવવાની શકિત નથી.**

ફેંકી દીધી. બની ઈસરાઈલે તેને જોઈને ઓળખ્યો.

૨૮૯. આબરૂદાર સ્થાનનો મતલબ યા તો મિસરનો પ્રદેશ અને ફિરઔન તેમજ ફિરઔની લોકોની માલમિલ્કત છે અથવા સિરીયા અને કુદસ તેમજ જોર્ડનના પ્રદેશો જે ઘણા જ લીલાછમ અને સોનું ઉગાડનાર પ્રદેશો છે.

૨૯૦. બની ઈસરાઈલ જેમની સાથે આવા બનાવો બની ચૂક્યા.

૨૯૧. ઈલ્મનો મતલબ અહીં યા તો તવરાત છે જેના અર્થમાં યહૂદીઓ મતભેદ ધરાવતા હતા, અથવા સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની પધરામણી છે એ પહેલાં તે બધા જ યહૂદીઓ આપનો સ્વીકાર કરનાર અને આપની નબુવ્વત બાબત એકમતી ધરાવનાર હતા, અને તવરાતમાં જે ગુણો આપના વર્ણવેલા તેને માનતા હતા પણ પધરામણી પછી વિરોધ કરવા માંડયા, અમુક ઈમાન લઈ આવ્યા અને હસદ અને દુશ્મનીના કારણે અમુકે કુફ્ર કર્યું. એક કથન એ છે કે ઈલ્મનો મતલબ કુરઆન છે.

૨૯૨. એવી રીતે કે અય સય્યિદે અમ્બિયા! તમારા પર ઈમાન લાવનારાઓને જન્નતમાં દાખલ કરશે અને આપનો ઈન્કાર કરનારાઓને દોઝખમાં નાખશે.

૨૯૩. પોતાના રસૂલ મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ મારફત.

૨૯૪. અર્થાત અહલે કિતાબના આલિમો જેમકે હઝરત અબ્દુલ્લાહ બિન સલામ અને તેમના સાથીદારો. જેથી તેઓ તને સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની નબુવ્વત બાબત ખાત્રી આપે અને આપના વખાણ અને ગુણો જે તવરાતમાં વર્ણવાએલ છે તે સંભળાવીને શંકા દૂર કરે.

**ફાયદો** :- કોઈ બાબત (હોવા ન હોવા)ની બન્ને બાજુઓ જ્યારે માણસ પાસે બરાબર હોય ત્યારે તેને શંકા કહે છે. પછી તે એવી રીતે હોય કે બન્ને બાજુઓ તરફ અમુક દિશા સૂચનો મળી આવતાં હોય યા એ રીતે કે કોઈ તરફ પણ કોઈ દિશા સૂચન મળતુ ન હોય. તહકીક કરનારાઓ કહે છે કે શંકા અજ્ઞાનતાનો એક પ્રકાર છે.

૨૯૫. જે દલીલો અને સ્પષ્ટ નિશાનીઓ વડે એટલુ ચોખ્ખુ છે કે તેમાં શંકાને સ્થાન નથી. (ખાઝિન)

૨૯૬. અર્થાત તે કથન જે લવહે મહફૂઝમાં લખેલું છે. અને જેની ખબર ફરિશ્તાઓએ આપેલી છે કે આ લોક કાફિર હોવાની હાલતમાં મરશે.

૨૯૭. અને તે સમયનું ઈમાન લાભદાયક નથી.

૨૯૮. તે વસ્તુઓમાંથી જેમનો અમે નાશ કર્યો.

૨૯૯. અને અઝાબ આવતાં પહેલાં નિખાલસતાથી તવબહ કરતી. (મદારિક).

૩૦૦. યૂનુસની કોમનો બનાવ એવો છે કે મુસિલ પ્રદેશની નેનવા નામની જગ્યાએ તેઓ રહેતા હતા અને કુફ્ર તેમજ શિર્કમાં સંડોવાએલા હતા. અલ્લાહ તઆલાએ હઝરત યૂનુસ અલયહિસ્સલામને તેમની વચમાં મોકલ્યા, તેમણે તેમને મૂર્તિપૂજા છોડી દઈને ઈમાન લાવવાનો ઉપદેશ આપ્યો. તે લોકોએ ઈન્કાર કર્યો અને હઝરત યૂનુસ અલયહિસ્સલામને જૂઠાડયા. ત્યારે તેમણે અલ્લાહના હુકમથી તેમને અઝાબ ઉતરવાની ખબર આપી. તે લોકોએ પરસ્પર વિચાર કર્યો કે યૂનુસ અલયહિસ્સલામ કદી કોઈ દિવસે જૂઠ બોલ્યા નથી. જુઓ તેઓ રાત્રે અહીં રહે ત્યારે તો કોઈ બ્હીકની વાત નથી અને જો તેમણે રાત્રી અહીં પસાર કરી નહિ તો સમજી લેવું કે અઝાબ આવશે.

રાત્રે યૂનુસ અલયહિસ્સલામ ત્યાંથી સ્થળાંતર કરી ગયા. અને સવારમાં અઝાબના ચિન્હો દેખાયાં. આકાશ પર ભયાનક કાળુ વાદળ આવ્યું અને ખૂબ જ ધુમાડો આખા શહેર પર છવાઈ ગયો. આ જોઈને તેમને ખાત્રી થઈ ગઈ કે અઝાબ આવનાર છે, ત્યારે તેમણે યૂનુસ અલયહિસ્સલામની શોધખોળ શરૂ કરી પણ આપ મળ્યા નહિ. ત્યારે પેલાઓને બ્હીક ઓર વધી ગઈ અને તેઓ પોતાની સ્ત્રીઓ બાળકો અને જાનવરો લઈને જંગલમાં નીકળી પડયા, જાડાં જાડાં કપડાં પહેર્યાં અને તવબહ માંગી તેમજ ઈસ્લામ સ્વીકારવાની જાહેરાત કરી. પતિથી પત્ની અને માંથી બાળકો જુદાં થઈ ગયા અને બધાએ અલ્લાહની બારગાહમાં રોકકળ શરૂ કરી અને કહ્યું કે; યૂનુસ અલયહિસ્સલામ જે કંઈ (અલ્લાહનો સંદેશ) લાવ્યા તેના પર અમે ઈમાન લાવીએ છીએ, અને સાચી તવબહ કરી, જે જુલ્મ તેમનાથી થઈ ગયા હતા તેનો બદલો કરી આપ્યો. પારકા માલ સામાન પાછા સોંપી દીધાં એટલે સુધી કે બીજાનો પથ્થર જો કોઈએ પોતાના પાયામાં મૂકી દીધો હોય તો તેણે તે પાયો ખોદીને પાછો કાઢી આપ્યો. અને નિખાલસતા પૂર્વક અલ્લાહ પાસે માફીની દુઆ માંગી. અલ્લાહે તેમના પર કૃપા કરી, દુઆ કબૂલ કરી અઝાબ ઉઠાવી લીધો.

અહીં એ પ્રશ્ન થાય છે કે જ્યારે અઝાબ ઉતર્યા પછી ફિરઓનનું ઈમાન અને એની તવબહ કબૂલ થઈ નહિ તો યૂનુસની કોમની તવબહ કબૂલ કરવામાં અને અઝાબ ઉઠાવી લેવામાં શું રહસ્ય છે ?

આલિમોએ એના ઘણા જવાબો આપ્યા છે. એક એ કે એ મહેરબાની ખાસ યૂનુસની કોમ માટે જ હતી. બીજો જવાબ એ કે ફિરઔન અઝાબમાં સપડાયા પછી ઈમાન લાવ્યો જ્યારે કે જીવવાની કોઈ આશા જ રહી નહિ, અને યૂનુસની કોમ પાસે જ્યારે અઝાબ નજીક આવ્યો ત્યારે તેમાં સપડાતાં પહેલાં તેઓ ઈમાન લઈ આવ્યા. અને અલ્લાહ દિલોને જાણકાર છે. નિખાલસ લોકોની નિખાલસતા અને સચ્ચાઈની તેને જાણ છે.

وَيَجْعَلُ الرِّجْسَ عَلَى الَّذِيْنَ لَا يَعْقِلُوْنَ ۝١٠٠ قُلِ
انْظُرُوْا مَاذَا فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ ۭ وَمَا تُغْنِى
الْاٰيٰتُ وَالنُّذُرُ عَنْ قَوْمٍ لَّا يُؤْمِنُوْنَ ۝١٠١ فَهَلْ
يَنْتَظِرُوْنَ اِلَّا مِثْلَ اَيَّامِ الَّذِيْنَ خَلَوْا مِنْ
قَبْلِهِمْ ۭ قُلْ فَانْتَظِرُوْٓا اِنِّىْ مَعَكُمْ مِّنَ
الْمُنْتَظِرِيْنَ ۝١٠٢ ثُمَّ نُنَجِّىْ رُسُلَنَا وَالَّذِيْنَ اٰمَنُوْا منزل ٣
كَذٰلِكَ ۚ حَقًّا عَلَيْنَا نُنْجِ الْمُؤْمِنِيْنَ ۝١٠٣ ع قُلْ يٰٓاَيُّهَا ع ١١ ١٥
النَّاسُ اِنْ كُنْتُمْ فِىْ شَكٍّ مِّنْ دِيْنِىْ فَلَآ
اَعْبُدُ الَّذِيْنَ تَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ وَلٰكِنْ
اَعْبُدُ اللّٰهَ الَّذِىْ يَتَوَفّٰىكُمْ ښ وَاُمِرْتُ اَنْ
اَكُوْنَ مِنَ الْمُؤْمِنِيْنَ ۝١٠٤ لا وَاَنْ اَقِمْ وَجْهَكَ

**અને કોપ તેમના પર ઉતારે છે જેમને બુદ્ધિ નથી (૧૦૦) તમે ફરમાવો; જુઓ[૩૦૪] આકાશો અને ધરતીમાં શું છે?[૩૦૫] અને આયતો તેમજ રસૂલ જેમના નસીબમાં ઈમાન નથી તેમને કશું જ આપતા નથી (૧૦૧) તો એમને શેની રાહ જોવાની છે? પણ તે લોકોના દિવસો જેવા જ (દિવસો) ની જે એમની પહેલાં થઈ ગયા.[૩૦૬] તમે ફરમાવો; 'તો રાહ જુઓ ને હું પણ તમારી સાથે રાહ જોઉ છું'[૩૦૭] (૧૦૨) પછી અમે અમારા રસૂલો અને ઈમાનવાળાઓને છુટકારો આપીશું. વાત એમ જ છે, અમારી મહેરબાનીની જવાબદારી પર મુસલમાનોને છુટકારો આપવાનો હક છે (૧૦૩) તમે ફરમાવો; 'અય લોકો! જો તમને મારા ધર્મ બાબત કોઈ શંકા હોય તો (પણ) હું તો તેને નહિ પૂજુ જેને તમે અલ્લાહ સિવાય પૂજી રહયા છો.[૩૦૮] હા! તે અલ્લાહને પૂજુ છું જે તમારા પ્રાણ કાઢશે,[૩૦૯] અને મને હુકમ છે કે ઈમાનવાળાઓમાં થાઉં' (૧૦૪) અને એ કે પોતાનું મોઢું દીન માટે સીધું રાખ**

૩૦૧. એટલે કે ઈમાન લાવવાનો દારોમદાર રોઝે અઝલની નેકબખ્તી પર છે. ઈમાન તે લોકો જ લાવશે જેમના માટે અલ્લાહનો સહકાર સાથ આપે. આમાં સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને તસલ્લી આપવામાં આવી છે કે તમે ઈચ્છો છો કે બધા જ ઈમાન લઈ આવે અને સત્ય માર્ગ ધારણ કરી લે અને જે ઈમાનથી વંચિત રહી જાય છે તેનું તમને દુ:ખ થાય છે, તેનું દુ:ખ તમને હોવું જોઈએ નહિ કારણ કે જે અઝલના દિવસથી જ બદબખ્ત છે તે ઈમાન લાવશે નહિ.

૩૦૨. અને ઈમાનમાં બળજબરી થઈ શકતી નથી કારણ કે ઈમાન સત્યતાને માનવા અને કબૂલ કરવાનું નામ છે અને બળજબરીથી સત્ય મનાવી શકાતું નથી.

૩૦૩. તેની મરજીથી.

૩૦૪. દિલની આંખોથી અને વિચારો.

૩૦૫. જે અલ્લાહના એક હોવા બાબત નિર્દેશ કરે છે.

૩૦૬. નૂહ આદ ષમૂદ વિગેરે કોમોની જેમ.

૩૦૭. તમારા નાશ અને બરબાદીની. રબીઅ બિન અનસે કહ્યું કે; અઝાબની બ્હીક અપાવ્યા પછી આગલી આયતમાં એ બયાન ફરમાવ્યું કે જ્યારે અઝાબ આવે છે ત્યારે અલ્લાહ તઆલા રસૂલને અને તેમની સાથે ઈમાન લાવનારાઓને તેનાથી બચાવે છે.

يعتذرون ١١ — يونس ١٠

لِلدِّيْنِ حَنِيْفًا ۚ وَلَا تَكُوْنَنَّ مِنَ الْمُشْرِكِيْنَ ﴿١٠٥﴾
وَلَا تَدْعُ مِنْ دُوْنِ اللّٰهِ مَا لَا يَنْفَعُكَ وَلَا
يَضُرُّكَ ۚ فَاِنْ فَعَلْتَ فَاِنَّكَ اِذًا مِّنَ الظّٰلِمِيْنَ ﴿١٠٦﴾
وَاِنْ يَّمْسَسْكَ اللّٰهُ بِضُرٍّ فَلَا كَاشِفَ لَهٗۤ اِلَّا
هُوَ ۚ وَاِنْ يُّرِدْكَ بِخَيْرٍ فَلَا رَآدَّ لِفَضْلِهٖ ؕ يُصِيْبُ
بِهٖ مَنْ يَّشَآءُ مِنْ عِبَادِهٖ ؕ وَهُوَ الْغَفُوْرُ الرَّحِيْمُ ﴿١٠٧﴾
قُلْ يٰۤاَيُّهَا النَّاسُ قَدْ جَآءَكُمُ الْحَقُّ مِنْ رَّبِّكُمْ ۚ
فَمَنِ اهْتَدٰى فَاِنَّمَا يَهْتَدِيْ لِنَفْسِهٖ ۚ وَمَنْ
ضَلَّ فَاِنَّمَا يَضِلُّ عَلَيْهَا ۚ وَمَاۤ اَنَا عَلَيْكُمْ
بِوَكِيْلٍ ﴿١٠٨﴾ وَاتَّبِعْ مَا يُوْحٰۤى اِلَيْكَ وَاصْبِرْ حَتّٰى
يَحْكُمَ اللّٰهُ ۚۖ وَهُوَ خَيْرُ الْحٰكِمِيْنَ ﴿١٠٩﴾

**બધાંથી અલગ થઈને.[૩૧૦] અને કદાપિ શિર્કવાળાઓમાં થઈશ નહિ (૧૦૫) અને અલ્લાહ સિવાય તેની બંદગી ન કરજે જે ન તો તારૂં ભલું કરી શકે ન બુરૂં પછી જો એવું કરે તો તે સમયે તુ જુલ્મીઓમાં થઈશ (૧૦૬) અને જો તને અલ્લાહ કોઈ તકલીફ પહોંચાડે તો તેને કોઈ હટાવનાર નથી તેના સિવાય, અને જો તારૂં ભલુ ઈચ્છે તો તેની કૃપાનો અટકાવનાર કોઈ નથી.[૩૧૧] તેને (કૃપાને) પોતાના બન્દાઓમાંથી જેને ઈચ્છે તેને પહોંચાડે છે. અને તે જ માફ કરનાર મહેરબાન છે (૧૦૭) તમે ફરમાવો; 'અય લોકો! તમારી પાસે તમારા રબ તરફથી સત્ય આવ્યું,[૩૧૨] તો જે માર્ગે ચઢયો તે પોતાના ભલા ખાતર માર્ગે ચઢયો[૩૧૩] અને જે ભટકયો તે પોતાનું બુરૂં કરવા ભટકયો,[૩૧૪] અને હું કંઈ બળજબરી કરનાર નથી' (૧૦૮) અને તમારા પર જે વહી થાય છે તેના પર ચાલો અને સબર કરો[૩૧૫] ત્યાં સુધી કે અલ્લાહ હુકમ ફરમાવે[૩૧૬] અને તે સર્વોત્તમ હુકમ ફરમાવનાર છે[૩૧૭] (૧૦૯)**

૩૦૮. કારણ કે તેમને અલ્લાહે સર્જયા છે તે ઈબાદતને લાયક નથી.

૩૦૯. કારણ કે તે અનિયંત્રિત શક્તિશાળી મુખ્ત્યાર સાચો ખુદા ઈબાદતને લાયક છે.

૩૧૦. એટલે કે નિખાલસ મો'મિન થાવ.

૩૧૧. તે જ ફાયદા નુકશાનનો માલિક છે બધી કાયનાત તેની જ મોહતાજ છે તે જ બધી વસ્તુઓ પર સત્તાધારી અને મહેરબાન દયાળુ છે. બન્દાઓએ તેની પ્રતિ જ શોખ અને તેની જ બ્હીક અને તેના પર જ વિશ્વાસ કરવો જોઈએ. અને ફાયદો કે નુકશાન જે કંઈ પણ છે તેના તરફથી જ છે.

૩૧૨. સત્યનો મતલબ અહીં કુરઆન છે અથવા ઈસ્લામ અથવા સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ.

૩૧૩. કારણ કે એનો ફાયદો તેને જ મળશે.

૩૧૪. કારણ કે એનો ભાર તેના પર જ છે.

૩૧૫. કાફિરોના જૂઠાડવા અને તેમના તરફથી મળતી તકલીફ બાબત.

૩૧૬. મુશ્રિકો સાથે યુદ્ધ કરવાનો અને અહલે કિતાબ પાસેથી જિઝયો લેવાનો.

૩૧૭. કે તેના હુકમમાં ભૂલ-ચૂકની શક્યતા નથી. અને તે બન્દાઓના રહસ્યો અને છુપાએલ સ્થિતિઓને જાણનાર છે. તેના નિર્ણયને દલીલ અને સાક્ષીની જરૂર નથી.

سُوْرَةُ هُوْدٍ مَّكِّيَّةٌ وَّهِيَ مِائَةٌ وَّثَلٰثٌ وَّعِشْرُوْنَ اٰيَةً وَّعَشْرُ رُكُوْعَاتٍ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
الٓرٰ كِتٰبٌ اُحْكِمَتْ اٰيٰتُهٗ ثُمَّ فُصِّلَتْ مِنْ لَّدُنْ حَكِيْمٍ
خَبِيْرٍ ۝١ اَلَّا تَعْبُدُوْٓا اِلَّا اللّٰهَ ؕ اِنَّنِيْ لَكُمْ مِّنْهُ نَذِيْرٌ
وَّبَشِيْرٌ ۝٢ وَّاَنِ اسْتَغْفِرُوْا رَبَّكُمْ ثُمَّ تُوْبُوْٓا اِلَيْهِ
يُمَتِّعْكُمْ مَّتَاعًا حَسَنًا اِلٰٓى اَجَلٍ مُّسَمًّى وَّيُؤْتِ
كُلَّ ذِيْ فَضْلٍ فَضْلَهٗ ؕ وَاِنْ تَوَلَّوْا فَاِنِّيْٓ اَخَافُ عَلَيْكُمْ
عَذَابَ يَوْمٍ كَبِيْرٍ ۝٣ اِلَى اللّٰهِ مَرْجِعُكُمْ ۚ وَهُوَ عَلٰى كُلِّ
شَيْءٍ قَدِيْرٌ ۝٤ اَلَآ اِنَّهُمْ يَثْنُوْنَ صُدُوْرَهُمْ لِيَسْتَخْفُوْا
مِنْهُ ؕ اَلَا حِيْنَ يَسْتَغْشُوْنَ ثِيَابَهُمْ ۙ يَعْلَمُ مَا يُسِرُّوْنَ
وَمَا يُعْلِنُوْنَ ۚ اِنَّهٗ عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ۝٥

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો જ મહેરબાન રહેમવાળો (છે).[૩૧૮]**

**આ એક કિતાબ છે જેની આયતો હિકમત ભરેલી છે,[૩૧૯] પછી વિગતવાર કરવામાં આવી[૩૨૦] હિકમતવાળા જાણનાર તરફથી (૧) કે બંદગી ન કરો પણ અલ્લાહની. બેશક ! હું તમારા માટે તેના તરફથી ડર અને ખુશી સંભળાવનાર છું (૨) અને એ કે પોતાના રબ પાસે માફી માંગો પછી તેના પાસે તવબહ કરો. તમને ઘણું સારૂં વાપરવાનું આપશે,[૩૨૧] એક નક્કી કરેલા વાયદા સુધી. અને દરેક શ્રેષ્ઠતાવાળાને[૩૨૨] તેની શ્રેષ્ઠતા આપશે.[૩૨૩] અને જો મોઢું ફેરવો તો હું તમારા પર મોટા દિવસ[૩૨૪] ના અઝાબની બ્હીક રાખું છું (૩) તમારે અલ્લાહ તરફ જ ફરવાનું છે[૩૨૫] અને તે પ્રત્યેક વસ્તુ પર સત્તાધારી છે[૩૨૬] (૪) સાંભળો ! તેઓ પોતાની છાતીઓ બેવડી કરે છે કે જેથી અલ્લાહથી પરદો કરે.[૩૨૭] સાંભળો ! જ્યારે તેઓ પોતાના વસ્ત્રોથી આખું શરીર ઢાંકી લે છે ત્યારે પણ અલ્લાહ તેમનું છૂપું અને જાહેર બધું જાણે છે. બેશક ! તે દિલોની વાત જાણનાર છે (૫)**

૩૧૮. સૂરએ હૂદ મક્કામાં ઉતરેલી છે, અકરમા વિગેરે તફસીરકારોએ કહયું (એમાંની) 'વઅકિમીસ્સલાત તરફીયન્નહાર' વાળી આયત સિવાય બીજી તમામ સૂરત મક્કિયહ છે. મકાતિલે કહ્યુ છે કે ''ફલઅલ્લક'' અને ''ઉલાઈક યુઅમિનૂન બેહી'' અને ''ઈન્નલ હસનાત યુઝહિબ્નસ્સય્યીઆત'' વાળી આયતો સિવાય બધી સૂરત મક્કી છે. એમાં ૧૦ રૂકૂઅ અને ૧૨૩ આયતો અને ૧૬૦૦ શબ્દો અને ૯૫૬૭ અક્ષરો છે.

હદીષ શરીફમાં છે કે સહાબાએ કહ્યું; 'યા રસૂલલ્લાહ ! આપના પર ઘડપણની નિશાનીઓ જણાવા લાગી' ફરમાવ્યું; 'મને સૂરએ હૂદ, સૂરએ વાકેઅહ, સૂરએ અમ્મ યતસાઅલૂન અને સૂરએ ઈઝશ્શમસુ કુવ્વિરતે વૃધ્ધ કરી નાખ્યો.' (તિરમિઝી). આવું કદાચ એટલા માટે ફરમાવ્યું કે એ સૂરતોમાં કયામત અને મૃત્યુ બાદ જીવંત થવાનું તેમજ જન્નત દોઝખ અને હિસાબનું વર્ણન છે.

૩૧૯. જેમ કે બીજી આયતમાં કહેવાયું છે કે; ''તિલ્ક આયાતુલ કિતાબિલ હકીમ'' (આ હિકમતવાળી કિતાબની આયતો છે). અમુક તફસીર કરનારાઓએ કહ્યું છે કે; હિકમતનો અર્થ એ છે કે એની વાક્ય રચના મજબૂત સરખી કરવામાં આવી. આ અર્થમાં મતલબ એ થશે કે એનામાં ખામી અને ખલેલ દાખલ થઈ શકતાં નથી તે મજબૂત પાયો છે.

હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ ફરમાવ્યું કે; જેવી કે આ કિતાબ બીજી કિતાબો અને શરીઅતોની સમય મર્યાદા પુરી કરનાર (નાસિખ) છે તેવી રીતે એને કોઈ કિતાબ મન્સૂખ કરનાર નથી.

૩૨૦. અને દરેક સૂરત તેમજ દરેક આયત અલગ અલગ કરવામાં અથવા અલગ અલગ ઉતરી,

અથવા અકીદાઓ (માન્યતાઓ) આદેશો શિખામણો અને કિસ્સાઓ તેમજ ગૈબી ખબરો એમાં વિગતવાર વર્ણવવામાં આવ્યા.

૩૨૧. લાંબુ આયુષ્ય અને બહોળો એશ આરામ તેમજ વિપુલ રોજી.

**ફાયદો** :- આથી જણાયું કે નિખાલસતાથી તવબહ કરવી અને માફી માંગવી લાંબા આયુષ્ય અને રોજીની વિપુલતા માટે ઉત્તમ ઉપાય છે.

૩૨૨. જેણે દુનિયામાં સદકાર્યો કર્યાં હશે અને જેની ઈબાદતો અને નેકીઓ વધારે હશે.

૩૨૩. તેને જન્નતમાં કર્મોના હિસાબે દરજ્જાઓ આપશે. અમુક તફસીરકારોએ કહ્યું; આયતનો મતલબ એ છે કે જેણે અલ્લાહ માટે અમલ કર્યા અલ્લાહ તઆલા ભવિષ્યના જીવનમાં તેને નેક કામો અને ઈબાદત માટે સરળતા કરી આપે છે.

૩૨૪. અર્થાત કયામતના દિવસે.

૩૨૫. આખિરતમાં, ત્યાં નેકીઓ અને ગુનાહોનો બદલો મળશે.

૩૨૬. દુનિયામાં રોજી આપવા બાબત પણ મૃત્યુ આપવા બાબત પણ અને મૃત્યુ બાદ સજીવન કરવા અને સવાબ અને અઝાબ આપવા બાબત પણ.

૩૨૭. **શાને નુઝૂલ** :- ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ કહ્યું; આ આયત અખનસ બિન શરીક વિષે ઉતરી, તે ખૂબજ મીઠાબોલો માણસ હતો. હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પાસે આવતો ત્યારે ઘણી ચાપલુસીની વાતો કરતો અને દિલમાં અદેખાઈ અને દુશ્મની છુપાવી રાખતો. તે બાબત આ આયત ઉતરી. મતલબ એ છે કે તેઓ પોતાની છાતીઓમાં દુશ્મની સંતાડી રાખે છે જેવી રીતે કે કપડાંની સાથે કોઈ વસ્તુ સંતાડાય છે.

એક કથન એવું છે કે અમુક મુનાફિકોની આદત હતી કે જ્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સામે આવવાનું થતું ત્યારે છાતી અને પીઠ નમાવી લેતા અને માથુ નમાવી લેતા મોઢું સંતાડી લેતા કે જેથી હુઝૂર તેમને ઓળખી શકે નહિ, તે બાબત આ આયત ઉતરી. બુખારીએ અફરાદમાં એક હદીષ રિવાયત કરી છે કે; મુસલમાનો પેશાબ પાયખાના અને સંભોગ સમયે પોતાના શરીર ખોલવાથી શરમાતા હતા, તેમના વિષે આ આયત ઉતરી કે અલ્લાહથી બન્દાની કોઈ પરિસ્થિતિ છુપી નથી તેથી તેમણે શરીઅતે આપેલી છુટછાટ મુજબ વર્તવું જોઈએ.